૨૦૪ વર્ષ
દૈનિક
# મુંબઈ સમાચાર
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 68 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ચૈત્ર સુદ- ૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 23 March 2026, Monday ■ REGD.No. MCS/058/2024-26
સોમવાર, ૨૩ માર્ચ ૨૦૨૬, (૧૪ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦
ધર્મતેજ પૂર્તિ ૯ ૧૦ ૧૧
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ઈઝરાયલમાં ‘લિટલ ઈન્ડિયા’ પર ઈરાનનો હુમલો

SCAN FOR TODAY'S GOLD RATE
ANTARA GOLD RATE
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
ANTARA GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565

## ડિમોનામાં મરાઠી અને હિંદી ભાષી લોકોની મોટી વસતિઃ હુમલામાં બાળકો સહિત ૧૦૦ લોકો ઘાયલ

જેરુસલેમ : ઇઝરાયલમાં ભારતીયો, ખાસ કરીને મરાઠીઓની મોટી વસતિ ધરાવતા ડિમોના શહેર પર ઇરાને હુમલો કર્યો હતો

ઈરાને ઇઝરાયલી શહેરો અરાદ અને ડિમોના પર બેલિસ્ટિક મિસાઇલ હુમલા કર્યા હતા. ઇઝરાયલી સૈન્યએ દાવો કર્યો હતો કે આ હુમલામાં બાળકો સહિત ૧૦૦ લોકો ઘાયલ થયા છે. ડિમોના શહેરમાં ઇઝરાયલનું અત્યંત સંવેદનશીલ પરમાણુ સંશોધન કેન્દ્ર છે. સદનસીબે મિસાઇલ હુમલાથી પરમાણુ કેન્દ્રને કોઈ નુકસાન થયું નથી. ઇઝરાયલે તાજેતરમાં જ ઈરાનના નતાન્ઝમાં ઇરાનના પરમાણુ કેન્દ્ર પર હવાઈ હુમલો કર્યો હતો જેના બદલામાં ઈરાને આ હુમલા કર્યા હતા.

દક્ષિણ ઇઝરાયલમાં નેગેવ રણમાં સ્થિત ડિમોના શહેરને ‘લિટલ ઇન્ડિયા’ તરીકે ઓળખવામાં આવે છે. ડિમોનામાં ભારતીય-યહૂદીઓની વસ્તી વધારે પ્રમાણમાં વસે છે. તેમાંના મોટાભાગના મહારાષ્ટ્રના છે. તેમનો ભારત સાથે મજબૂત સંબંધ છે. આ કારણે આ શહેરને ‘‘લિટલ ઇન્ડિયા’’ કહેવામાં આવે છે. આ શહેર ભારતીય દુકાનોથી ભરેલું છે અને મરાઠી ભાષા બધે સાંભળવામાં આવે છે. અહીં ભારતીય મૂળના લગભગ ૭,૫૦૦ લોકો રહે છે, જે શહેરની વસ્તીના લગભગ ૩૦ ટકાનું પ્રતિનિધિત્વ કરે છે. ભારતમાંથી મોટી સંખ્યામાં યહૂદીઓ ત્યાં સ્થાયી થયા છે. હિબ્રુ શબ્દ ‘‘ડિમોના’’ નો હિન્દીમાં અર્થ ‘‘દક્ષિણ‘‘ થાય છે. આ શહેરની સ્થાપના ૧૯૫૦માં કરવામાં આવી હતી. આ શહેરની સ્થાપના ઇઝરાયલના તત્કાલિન વડા પ્રધાન ડેવિડ બેન-ગુરિયનના નેતૃત્વ હેઠળ કરવામાં આવી હતી.

અહીં ક્રિકેટ ખૂબ જ લોકપ્રિય છે. યુવા પેઢી ‘‘સોનપાપડી,’’ ‘‘ગુલાબ જાંબુ,’’ ‘‘પાપડી ચાટ,’’ અને

(જુઓ પાનું ૨) ▶▶

## ઈરાને અમેરિકાનું યુદ્ધવિમાન તોડ્યું

તહેરાનઃ ઈરાને દાવો કર્યો હતો કે તેની એર ડિફેન્સ સિસ્ટમે અમેરિકાનું એફ-૧૫ ફાઈટર જેટ તોડી પાડ્યું હતું. ઈરાનના લશ્કરે કહ્યું હતું કે દેશના દક્ષિણ સમુદ્રકાંઠામાં હોર્મુઝની નજીક તેને આંતરવામાં આવ્યું હતું. ઈરાનના લશ્કરની ગ્રાઉન્ડ ટુ એર સિસ્ટમે તેને તોડી પાડ્યું હતું.

જો આ વાતને સમર્થન મળશે તો આનો અર્થ એ થયો કે ઈરાને અમેરિકા સાથેના યુદ્ધમાં તેના ઓછામાં ઓછા છ ફાઈટર જેટ વિમાન તોડી નાખ્યા છે. ઈરાનના લશ્કરે દુશ્મન દેશના ફાઈટર જેટને તોડી પાડવાનો દાવો કર્યો હતો. ઈરાનની ડિફેન્સ સિસ્ટમે અદ્યતન

(જુઓ પાનું ૨) ▶▶

## ઈરાનના વીજમથકો પર હુમલા કરીશું : ટ્રમ્પ

કૈરોઃ ઈરાને મિસાઈલ દક્ષિણ ઈઝરાયલના બે શહેર ડિમોના અને અરદ પર મુખ્ય અણુ સંશોધન કેન્દ્રની નજીક હુમલા કરતા અનેક મકાનો જમીનદોસ્ત થયા હતા. બીજી બાજુ અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે કહ્યું હતું કે ઈરાન ૪૮ કલાકની અંદર હોર્મુઝ સામુદ્રધુની નહીં ખોલે તો અમે ઈરાનના વીજળી મથકોને નાબૂદ કરી દઈશું. આ હિલચાલો બતાડે છે કે મિડલ ઈસ્ટનું યુદ્ધ ચોથા અઠવાડિયાની શરૂઆતમાં ખતરનાક નવી દિશામાં જઈ રહ્યું છે. તેલના ભાવ આસમાને જતા હોવાથી ટ્રમ્પ પર હોર્મુઝ ખોલવાનું પ્રચંડ દબાણ છે. ટ્રમ્પે વીકએન્ડ ફ્લોરિડાના તેમના ઘરમાં વીતાવ્યો હતો અને તેમણે સોશ્યલ મીડિયા પર આ પોસ્ટ મૂકી હતી.

ટ્રમ્પે ધમકી આપી હતી કે હું ઈરાનને મહત્ત્વનો જળમાર્ગ ખોલવા માટે ૪૮ કલાક આપું છું. નહીં તો અમેરિકા તેના વિવિધ ઊર્જા પ્લાન્ટનો નાશ કરશે અને આની શરૂઆત સૌથી મોટા વીજળી પ્લાન્ટ વડે થશે.

ઈરાને રવિવારે ચેતવણી આપી હતી કે અમારા ઊર્જા મથકો પર હુમલો કરાશે તો અમે આ રીજનમાં રહેલા અમેરિકા અને ઈઝરાયલના ઊર્જા અને માળખાકીય પ્રકલ્પો પર ત્રાટકીશું. ઈરાનના સરકારી અને અર્ધસરકારી માધ્યમોએ આ નિવેદન પ્રસારિત કર્યું હતું. પર્સીયન ખાડીને વિશ્વના સમુદ્ર સાથે જોડતી હોર્મુઝ સામુદ્રધુની તેલના પરિવહન માટેનો મુખ્ય જળમાર્ગ છે. તેલ ઉત્પાદક દેશોનો માલ બહાર જતો ન હોવાથી તેમણે ઉત્પાદન અટકાવી દીધું છે. તહેરાનના નતાન્ઝના અણુ સમૃદ્ધિના સ્થળ પર ઈઝરાયલે હુમલો કરતાં ઈરાનની મિસાઈલો પહેલી વાર ડિમોના અને નેગેવ રણપ્રદેશમાં ઘૂસી શકી હતી અને ઈઝરાયલ એને આંતરી શક્યું નહોતું. (એજન્સી) ■

## શારજાહ પાસે જહાજ પર હુમલો

અબુ ધાબીઃ હોર્મુઝ સામુદ્રધુની નજીક દરિયાઈ સુરક્ષા પર એક મોટો ખતરો ઊભો થયો છે. સંયુક્ત આરબ અમિરાત (યુએઈ) ના દરિયાકાંઠે એક કોમર્શિયલ જહાજ પાસે એક ‘અજ્ઞાત હુમલો’ થયો છે જેણે વિશ્વની ચિંતા વધારી દીધી છે. બ્રિટનની દરિયાઈ સુરક્ષા એજન્સી યુકે મેરિટાઇમ ટ્રેડ ઓપરેશન્સ અનુસાર, આ ઘટના શારજાહથી લગભગ ૧૫ નોટિકલ માઇલ ઉત્તરમાં બની હતી. જહાજના કેપ્ટને જણાવ્યું હતું કે વિસ્ફોટ જહાજની ખૂબ નજીક થયો હતો, જેના કારણે પરિસ્થિતિ અત્યંત ખતરનાક બની હતી. જો કે, રાહતની વાત એ છે કે બધા ક્રૂ સભ્યો સુરક્ષિત છે અને કોઈ જાનહાનિ થઈ નથી.

અધિકારીઓએ આ મામલે તપાસ શરૂ કરી છે અને આસપાસના તમામ જહાજોને સતર્ક રહેવાની સલાહ આપવામાં આવી છે. આ હુમલા પાછળ કોણ હતું તે હજુ સુધી સ્પષ્ટ નથી, પરંતુ પ્રદેશમાં વધતા તણાવને કારણે ઈરાન પર શંકા છે. તાજેતરના દિવસોમાં ઈરાન પર અમેરિકા અને ઈઝરાયલના જહાજોને નિશાન બનાવવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. હોર્મુઝ સમુદ્રધુની વિશ્વના સૌથી મહત્ત્વપૂર્ણ તેલ માર્ગોમાંનો એક છે, જે લગભગ ૨૦ ટકા વૈશ્વિક ઊર્જા પુરવઠાની સપ્લાય કરે છે. આવી સ્થિતિમાં આવી ઘટનાઓ સમગ્ર વિશ્વની અર્થવ્યવસ્થાને અસર કરી શકે છે.

જહાજના કેપ્ટને પુષ્ટી કરી છે કે વિસ્ફોટ જહાજની નજીકમાં થયો હતો. એક બલ્ક કેરિયરના માસ્ટરે જહાજની નજીક એક અજાણ્યા અસ્ત્રથી વિસ્ફોટ થયો હોવાની જાણ કરી હતી. અધિકારીઓએ પુષ્ટી કરી કે જહાજના કર્મચારીઓમાં કોઈ જાનહાનિ થઈ નથી. ‘‘બધા ક્રૂ સુરક્ષિત હોવાનું જાણવા મળ્યું છે. અધિકારીઓ તપાસ કરી રહ્યા છે. એજન્સીએ કહ્યું કે જહાજોને સાવધાની સાથે પરિવહન કરવાની અને કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિની જાણ યુકેએમટીઓને કરવાની સલાહ આપવામાં આવે છે.’’ હુમલાના સ્ત્રોતની ઓળખ કરવામાં આવી નથી અને કોઈ જૂથે હજુ સુધી હુમલાની જવાબદારી સ્વીકારી નથી. ઈરાન તાજેતરમાં અમેરિકા અને ઈઝરાયલ સાથે સંકળાયેલા જહાજોને નિશાન બનાવી રહ્યું છે, જેના કારણે જળમાર્ગ દ્વારા તેલ અને ગેસ પરિવહનમાં અડચણ ઊભી થઈ છે. ■

## ગૅસ લઈને અમેરિકન અને ક્રૂડ ઓઈલ લઈને રશિયન જહાજ ભારત પહોંચ્યા

નવી દિલ્હીઃ મિડલ ઈસ્ટમાં યુદ્ધના કારણે હોર્મુઝ સામુદ્રધુની દુનિયા માટે બંધ હોવા છતાં ભારતીય નૌકાદળની સુરક્ષામાં ભારતીય જહાજો અવરજવર કરી રહ્યા છે. આ કટોકટી વચ્ચે ભારત માટે સારા સમાચાર આવ્યા છે. અમેરિકાના ટેક્સાસથી એલપીજી લઈને એક મોટું જહાજ ભારતમાં પહોંચ્યું છે. આનાથી જનતાને નોંધપાત્ર રાહત મળવાની અપેક્ષા છે. તે સિવાય એક રશિયન ઓઈલ ટેન્કર ‘એક્વા ટાઈટન’ ન્યૂ મેંગ્લોર પહોંચ્યું છે.

ટેક્સાસથી એલપીજી લઈને કાર્ગો જહાજ ‘પાઈક્સિસ પાયોનિયર’ બંદરે પહોંચ્યું છે. અહેવાલો અનુસાર, રશિયાથી ક્રૂડ ઓઇલ વહન કરતું બીજું જહાજ પણ ન્યૂ મેંગ્લોર પહોંચ્યું છે. આ જહાજ બંદરથી આશરે ૧૮ નોટિકલ માઇલ દૂર સ્થિત હતું. પાઇપલાઇન મારફતે ક્રૂડ ઓઈલ પહોંચાડવા માટે સિંગલ-પોઇન્ટ મૂરિંગ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવશે. હોર્મુઝ સામુદ્રધુની ઈરાનના પેટ્રોલિંગને કારણે જહાજોને દરિયામાં જ રહેવાની ફરજ પડી છે.

રશિયન તેલ ટેન્કર એક્વા ટાઇટન ચીન જઈ રહ્યું હતું પરંતુ તે શનિવારે ન્યૂ મેંગ્લોર પહોંચ્યું હતું. આ અઠવાડિયાની શરૂઆતમાં

(જુઓ પાનું ૨) ▶▶

## મોદી દેશમાં સૌથી લાંબું શાસન કરનારા નેતા બન્યા



**સૌથી લાંબું શાસનઃ** નવી દિલ્હીમાં મલયાલમ અભિનેતા કૃષ્ણકુમારના પૌત્રને રમાડતા વડા પ્રધાન નરેન્દ્ર મોદી બાવીસ માર્ચ રવિવારે દેશમાં સૌથી લાંબું શાસન કરનારા નેતા બન્યા હતા.

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતીય રાજકારણમાં એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. તેમણે સિક્કિમના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન પવન કુમાર ચામલિંગને પાછળ છોડીને સૌથી લાંબા સમય સુધી પદ પર રહેનારા સરકારના વડા બન્યા હતા. ચામલિંગે કુલ ૮,૯૩૦ દિવસ શાસન કર્યું હતું, જ્યારે વડા પ્રધાન મોદીએ હવે ૮,૯૩૧ દિવસ પૂર્ણ કર્યા છે. ચામલિંગે ૧૯૯૪ થી ૨૦૧૯ સુધી ૨૫ વર્ષ સુધી સિક્કિમના મુખ્ય પ્રધાન તરીકે સેવા આપી હતી. આ એક અસાધારણ સિદ્ધિ હતી. પરંતુ રવિવારે વડા પ્રધાન મોદીએ તેમનો ૮,૯૩૧મો દિવસ પૂર્ણ કર્યો, આ રેકોર્ડ બનાવ્યો હતો.

રવિવાર અને ૨૨ માર્ચ પીએમ મોદી માટે સૌથી મહત્ત્વપૂર્ણ તારીખોમાંની એક છે. ગુજરાતના મુખ્ય પ્રધાન અને ભારતના વડા પ્રધાન તરીકેના તેમના કાર્યકાળને જોડીને તેઓ સૌથી લાંબા સમય સુધી સરકારના વડા તરીકે સેવા આપવાનો રેકોર્ડ ધરાવે છે. સિક્કિમના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન પવન કુમાર ચામલિંગ અગાઉ આ રેકોર્ડ ધરાવતા હતા. મોદીએ હવે ૮,૯૩૧ દિવસ પૂર્ણ કર્યા છે, જે ચામલિંગના ૮,૯૩૦ દિવસ કરતાં એક વધુ છે. મોદીની આ સિદ્ધિ ખૂબ જ દુર્લભ અને નોંધપાત્ર માનવામાં આવી રહી છે.

વડા પ્રધાન મોદીની આ યાત્રા બે ભાગમાં વહેંચાયેલી છે. પહેલો ભાગ ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકેનો છે. તેમણે ૨૦૦૧ થી ૨૦૧૪ સુધી લગભગ ૧૩ વર્ષ સુધી ગુજરાતમાં સત્તા સંભાળી હતી. આ સમયગાળા

(જુઓ પાનું ૨) ▶▶

## મોદીએ ગૅસ, તેલ અંગે ઉચ્ચ સ્તરની બેઠક યોજી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અખાતના યુદ્ધને લીધે દેશમાં ઊભી થયેલી ગૅસ અને તેલની સમસ્યા ઉકેલવા રવિવારે ઉચ્ચ સ્તરની તાકીદની બેઠક બોલાવી હતી. અનેક કેન્દ્રીય પ્રધાનો અને ઉચ્ચ સ્તરીય અધિકારીઓ આ બેઠકમાં હાજર રહ્યા હતા. મોદીએ આ બેઠકમાં દેશમાંના તેલ અને ગૅસ પુરવઠાની સ્થિતિની સમીક્ષા કરાઈ હતી અને રાંધણ ગૅસની ફાળવણી ઝડપી બનાવવા સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી.

પેટ્રોલિયમ ઍન્ડ એક્સપ્લોઝિવ્સ સેફ્ટી ઓર્ગેનાઈઝેશન (પીઈએસઓ)એ તેની કચેરીઓને સિટી ગૅસ ડિસ્ટ્રિબ્યૂશનની અરજીનો દસ દિવસમાં નિવેડો લાવવાનું કહ્યું છે. મહાનગરના અને શહેરી વિસ્તારોના કમર્શિયલ એલપીજી ગ્રાહકોને પાઈપ્ડ નેચરલ ગૅસ (પીએનજી) તરફ વળવાનું કહ્યું છે. એલપીજીનું ઘરઆંગણાનું ઉત્પાદન વધતા સરકારે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને વીસ ટકાની વધારાની ફાળવણી કરતાં કુલ ફાળવણી પચાસ ટકાની થઈ છે. એલપીજીનું ઘરેલુ ઉત્પાદન વધતા પરિસ્થિતિ સામાન્ય થતી જાય છે. મિડલ ઈસ્ટના ચાર અઠવાડિયાંના યુદ્ધને લીધે હોટેલ જેવા વેપારી ઉપક્રમોને અપાતા એલપીજી પુરવઠામાં કાપ મૂકવામાં આવ્યો છે જેથી ઘરોને એલપીજીનો પુરવઠો સતત મળી રહે. પછીથી વેપારી ઉપક્રમોને ૨૦ ટકા વધારાનો પુરવઠો અપાયો હતો અને ત્યાર બાદ સરકારે વધુ દસ ટકાની ફાળવણી કરી હતી, પરંતુ એવી શરત મૂકી છે કે રાજ્યો પાઈપ્ડ ગૅસ પ્રોજેક્ટને વેગવંતા બનાવે.

શનિવારે સરકારે રેસ્ટોરાં, હોટેલ, ઈન્ડસ્ટ્રિયલ કિચન અને સબસિડી આપતા ફૂડ આઉટલેટ જેવાં ક્ષેત્રોની ફાળવણી ૨૦ ટકા વધારી હતી. સરકાર પરપ્રાંતીય કામદારોને પણ વિતરણ કરીને મદદ કરે છે. તેલના સચિવે રાજ્યોને પત્ર લખ્યો છે કે વેપારી ઉપક્રમોને વધારાની ફાળવણી એ ઉપક્રમો પાઈપથી અપાતા કુદરતી ગેસનું કનેકશન લે એવી શરત સાથે કરવી.

સરકારે સત્તાવાર નિવેદનમાં કહ્યું હતું કે ઘરેલુ એલપીજી સિલિન્ડરનો પુરવઠો સ્થિર છે અને કોઈ પણ ડિસ્ટ્રિબ્યૂટરને ત્યાં અછત હોવાના અહેવાલ નથી. સામાન્ય ડિલિવરી ચાલુ છે. ગભરાટમાં ગ્રાહકો દ્વારા થતા બુકિંગ હવે ઘટી ગયા છે અને નાગરિકને ડિલરને ત્યાં ભીડ ન કરવાની અને હોમ ડિલિવરી પર આધાર રાખવાનું કહેવામાં આવ્યું છે. (એજન્સી) ■

## છત્તીસગઢના રોપ-વેનો કેબલ તૂટ્યોઃ એકનું મોત, સાત ઘાયલ

મહાસમુંદ (છત્તીસગઢ): છત્તીસગઢના મહાસમુંદ જિલ્લામાં રવિવારે એક પહાડમાં આવેલા મંદિર પરથી નીચે ઉતરતા સમયે રોપ-વેમાં અકસ્માત થતા એક મહિલાનું મોત થયું અને સાત અન્ય ઘાયલ થયા હતા. અધિકારીઓએ આ જાણકારી આપી હતી. જિલ્લા વહીવટીતંત્રના એક અધિકારીએ જણાવ્યું કે આ ઘટના સવારે ૧૦ વાગ્યાની આસપાસ બની જ્યારે આઠ ભક્તોને પર્વત પરથી નીચેની તરફ લઈ જતા રોપ-વેનો કેબલ અચાનક તૂટી ગયો. તેમણે કહ્યું

(જુઓ પાનું ૨) ▶▶

## સુદાનમાં હૉસ્પિટલ પર હુમલામાં ૬૪નાં મોત

કૈરોઃ ગત સપ્તાહમાં સુદાનના પશ્ચિમ ભાગમાં આવેલા દારફુર વિસ્તારમાં એક હૉસ્પિટલ પર હુમલો થયો હતો. જેમાં ૧૩ બાળકો સહિત ૬૪ લોકોનાં મોત નીપજ્યા હોવાનું વિશ્વ આરોગ્ય સંસ્થા(ડબ્લ્યુએચઓ)એ શનિવારે જણાવ્યું હતું.

ડબ્લ્યુએચઓના વડા ટ્રેડ્રોસ ઘેબ્રેયસસે એક્સ પર જણાવ્યું કે શુક્રવારના રોજ પૂર્વ દારફુરના અલ-દઇન ટીચિંગ હૉસ્પિટલ પર થયેલા હુમલામાં ઓછામાં ઓછા ૮૯ લોકો ઘાયલ થયા હતા. હુમલાને પગલે હૉસ્પિટલને કામગીરી બંધ કરવાની ફરજ પડી હતી.

સુદાનમાં એપ્રિલ ૨૦૨૩માં સેના અને તેના વિરોધી પેરામિલિટ્રી રેપિડ સપોર્ટ ફોર્સિસ(આરએસએફ) વચ્ચેનો સત્તા સંઘર્ષ રાષ્ટ્રવ્યાપી યુદ્ધમાં પરિણમ્યા બાદ દેશમાં અરાજકતા ફેલાઇ ગઇ હતી. આરએસએફએ હૉસ્પિટલ પરના હુમલા માટે સેનાને જવાબદાર ઠેરવી છે.

જો કે સેનાએ આ દાવાનું ખંડન કર્યું છે. પરંતુ બે લશ્કરી અધિકારીઓએ

(જુઓ પાનું ૨) ▶▶

## જમ્મુથી વૈષ્ણોદેવી છડી યાત્રાનો પ્રારંભ

જમ્મુઃ જમ્મુ અને કાશ્મીરના ઉપ-રાજ્યપાલ મનોજ સિન્હાએ રવિવારે જમ્મુના કોલ કંડોલી મંદિરથી ૨૪મી માતા વૈષ્ણોદેવી પ્રાચીન માર્ગ છડી યાત્રાને લીલી ઝંડી આપી યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો.

ઉપ-રાજ્યપાલ સિન્હાએ નગરોટાસ્થિત મંદિરમાં છડી યાત્રાની ‘પ્રથમ પૂજા’માં ભાગ લીધો હતો. આ સાથે જ આ આધ્યાત્મિક યાત્રાની શરૂઆત થઇ હતી. તેમણે પવિત્ર મંદિરમાં દર્શન કર્યા હતા. તેમજ બધા માટે શાંતિ, સમૃદ્ધિ અને સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. આ દરમિયાન ઉપ-રાજ્યપાલે ભક્તો સાથે વાતચીત પણ કરી હતી. તેમજ આ શુભ પ્રસંગે તેમને શુભેચ્છાઓ પાઠવી હતી. છડી યાત્રા પવિત્ર ’જ્યોત’ને સાથે લઇને પરંપરાગત હેરિટેજ રૂટ પરથી પસાર થતા બામ્યાલસ્થિત ઓલી માતા મંદિર પહોંચી હતી. ■

## આંધ્રમાં બનાવટી દૂધ કેસમાં મૃત્યુઆંક વધીને ૧૬ થયો

રાજમહેન્દ્રવરમઃ આંધ્ર પ્રદેશના પૂર્વ ગોદાવરી જિલ્લામાં દૂધમાં ભેળસેળના શંકાસ્પદ કેસમાં મૃત્યુઆંક વધીને ૧૬ થવા પામ્યો છે. જ્યારે હજુ ત્રણ લોકો રાજમહેન્દ્રવરમની હોસ્પિટલોમાં સારવાર હેઠળ છે. આ જાણકારી અધિકારીઓએ રવિવારે આપી હતી.

આ ઘટના ફેબ્રુઆરીની છે. જ્યારે લાલચેરુવુના કેટલાક ભાગોમાં સપ્લાઇ કરવામાં આવેલા બનાવટી દૂધને કારણે ગ્રાહકોમાં ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓ ઊભી થઇ હતી. જેમાં ઊલટી, પેટમાં દુખાવો, એનુરિયા અને કિડનીની તકલીફોનો સમાવેશ થાય છે. જેના કારણે અનેક લોકોને હોસ્પિટલમાં દાખલ થવાની ફરજ પડી હતી. આ કેસ ૨૨ ફેબ્રુઆરીના રોજ ત્યારે પ્રકાશમાં આવ્યો હતો જ્યારે ચૌદેશ્વર નગર અને સ્વરૂપ નગર વિસ્તારોમાંથી કિડની ફેલ થવાનાં ગંભીર લક્ષણો ધરાવતા ઘણા દર્દીઓ નોંધાયા હતા. ત્યારબાદ આરોગ્ય અધિકારીઓએ રોગચાળાની તપાસ હાથ ધરી હતી.

રવિવારે જારી એક સત્તાવાર પ્રેસ રિલીઝ અનુસાર લેબોરેટરી ટેસ્ટનાં પરિણામો પરથી જાણવા મળ્યું છે કે ૧૬ પીડિતોના મૃત્યુ ઇથિલીન ગ્લાઇકોલ નામના ઝેરી પદાર્થવાળું દૂષિત દૂધ પીધા પછી થયા છે. આ દૂધના સેવનથી તેમની કિડનીએ અચાનક કામ કરવાનું બંધ કરી દીધું હતું. જેના કારણે

(જુઓ પાનું ૨) ▶▶

## કતારમાં હેલિકૉપ્ટર દુર્ઘટનામાં છનાં મોત

કૈરોઃ પર્સિયન ગલ્ફમાં કતારની પ્રાદેશિક જળ સીમામાં એક હેલિકૉપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થયાના અહેવાલ છે. આ દુર્ઘટનામાં છ લોકોનાં મોત નીપજ્યા છે. જ્યારે હજુ પણ એક વ્યક્તિ ગુમ હોવાના સમાચાર છે. આ અહેવાલોની કતારે પુષ્ટિ કરી છે. ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર એક દિવસ પહેલા બનેલી આ દુર્ઘટનામાં હજુ પણ એક વ્યક્તિ ગુમ છે. જ્યારે સંરક્ષણ મંત્રાલયે હેલિકૉપ્ટર દુર્ઘટના પાછળ ટેક્નિકલ ખામીને જવાબદાર ઠેરવી હતી. મંત્રાલયે નિવેદનમાં આ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોની રાષ્ટ્રીયતા વિશે કોઇ પણ પ્રકારની માહિતી આપી નથી. તેમજ મૃતકો નાગરિકો હતા કે સૈનિકો એ અંગે પણ કોઇ જાણકારી ઉપલબ્ધ કરી નથી.

અત્રે નોંધનીય છે કે તાજેતરમાં મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષને કારણે પરિસ્થિતિ ભારે વિસ્ફોટક બનેલી છે. એવા સમયે કતારની જળ સીમામાં હેલિકૉપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થવાની ઘટનાએ અનેક પ્રશ્નો ઊભા કર્યા છે. ■

## મુંબઈ પર હુમલો કરવાની પાકના ભૂતપૂર્વ રાજદૂતની ધમકી

ઈસ્લામાબાદઃ મિડલ ઈસ્ટ સંકટ વચ્ચે પાકિસ્તાનના ભૂતપૂર્વ રાજદૂત અબ્દુલ બાસિતે મુંબઈ, દિલ્હી સહિતના ભારત પર હુમલો કરવાની ધમકી આપી છે. ભારતમાં પાકિસ્તાનના ભૂતપૂર્વ હાઇ કમિશનર અબ્દુલ બાસિતે ટીવી પર એક ચર્ચામાં અમેરિકાના હુમલાના જવાબમાં ભારત પર હુમલો કરવાની ધમકી આપી હતી. તેમણે કહ્યું હતું કે સૌથી ખરાબ પરિસ્થિતિમાં જો અમેરિકા હુમલો કરે છે તો પાકિસ્તાન પાસે ભારત પર હુમલો કરવા સિવાય કોઈ વિકલ્પ રહેશે નહીં પછી ભલે ભારત યુદ્ધમાં સામેલ હોય કે ના હોય. તેમના નિવેદનની સોશ્યલ મીડિયા પર સખત નિંદા કરવામાં આવી રહી છે.

અબ્દુલ બાસિતે એક ટીવી કાર્યક્રમમાં કહ્યું હતું કે ‘‘ધારો કે ઈરાનમાં પરિસ્થિતિ વધુ ખરાબ થાય છે. ઇઝરાયલ આપણા પડોશમાં આવીને

(જુઓ પાનું ૨) ▶▶

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# પાકિસ્તાનમાં શિયાઓનો આક્રોશ ભારતને ફળી શકે

**અમેરિકા-ઈઝરાયલ** અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે દુનિયાભરમાં રમઝાન ઈદની ઉજવણી થઈ અને આ ઉજવણી પર યુદ્ધનો ઓછાયો પડી ગયો. અમેરિકા-ઈઝરાયલ અને ઈરાનના યુદ્ધના મૂળમાં શિયા અને સુન્નીઓની દુશ્મનાવટ છે. દુનિયાભરના શિયાઓ માને છે કે, કટ્ટરવાદી સુન્ની આરબ દેશોના ઈશારે અમેરિકા-ઈઝરાયલે ઈરાન પર આક્રમણ કર્યું ને શિયા સંપ્રદાયના સર્વોચ્ચ નેતા આયાતોલ્લાહ ખામેનીની હત્યા કરી નાંખી. આ કારણે શિયાઓ અમેરિકા અને ઈઝરાયલ સામે આક્રોશ ઠાલવી રહ્યા છે.

રમઝાન ઈદની ઉજવણી વખતે પણ આ આક્રોશ વ્યક્ત થયો. ઈરાનમાં અમેરિકા ને ઈઝરાયલ બોમ્બ વરસાવી રહ્યાં છે તેથી ઈદની ઉજવણી જેવું કશું છે જ નહીં પણ દુનિયામાં બીજે ઘણે ઠેકાણે શિયાઓએ અમેરિકા-ઈઝરાયલ સામે આક્રોશ વ્યક્ત કર્યો. ભારતમાં પણ અમદાવાદ, ભોપાલ સહિત ઘણાં સ્થળે શિયા મુસ્લિમોએ રમઝાન ઈદની નમાઝ પછી ઈઝરાયલ-અમેરિકા મુર્દાબાદના નારા લગાવ્યા અને ખામેનીના હત્યારાઓને ઠેકાણે પાડીને બદલો લેવાની કસમો પણ ખાધી.

ભારતમાં શિયાઓની વસતી બહુ નથી તેથી પાંચ-પચ્ચીસ મિનિટ સૂત્રોચ્ચાર કરીને શિયાઓ વેરાઈ ગયા તેમાં કોઈએ નોંધ ના લીધી પણ પાકિસ્તાનમાં આ મામલે ભડકો થઈ ગયો છે. પાકિસ્તાનમાં ખામેનીના મોત પછી ઉકળતો ચરૂ છે અને પાકિસ્તાનના ઘણા શહેરોમાં ઉગ્ર દેખાવો થઈ રહ્યા છે. કરાચીમાં તો શિયા મુસ્લિમોના ટોળાએ અમેરિકી દૂતાવાસમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો. દૂતાવાસની સુરક્ષા સંભાળતા અમેરિકી મરીને શિયાઓ પર ગોળીબાર કરીને ૧૦ લોકોના ઢીમ ઢાળી દેતાં ઠંડા થઈ ગયેલા શિયાઓ ફરી અમેરિકાની ઓફિસો તરફ વળ્યા નથી પણ બીજે દેખાવો થઈ રહ્યા છે.

ઇસ્લામાબાદમાં રોજ શિયાઓ કંઈ ને કંઈ ઉધમાત કરે છે ને તેમને રોકવા માટે પોલીસે ટીયર ગેસના શેલ છોડવા પડે છે. ગિલગિટ-બાલ્ટિસ્તાનના સ્કારદુમાં તો ટોળાએ સંયુક્ત રાષ્ટ્રની એક ઓફિસને આગ ચાંપી દીધી હતી. ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં તોફાનો ફાટી નિકળ્યાં તેમાં પણ ઘણાં લોકોનાં મોત થયાના અહેવાલ છે. ટૂંકમાં ખામેનીના મોતના કારણે પાકિસ્તાનમાં મામલો ગરમ છે ત્યાં પાકિસ્તાનના લશ્કરી વડા ફિલ્ડ માર્શલ આસિમ મુનીરે શિયા ધર્મગુરુઓને ખુલ્લી ધમકી આપતાં શિયા વધારે ભડક્યા છે.

રાવલપિંડીમાં શિયા સમુદાયની ઇફ્તાર પાર્ટીમાં અસીમ મુનિરે ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં થયેલી હિંસા માટે શિયા મુસ્લિમોને જવાબદાર ગણાવ્યા તેમાં તડાફડી થઈ ગઈ. શિયા ધર્મગુરુ મોહમ્મદ શિફા નજફીએ મુનીરની વાતનો વિરોધ કરીને એવું કહ્યું કે, બધા શિયાઓને હિંસાની ઘટનાઓ માટે જવાબદાર ઠેરવવા યોગ્ય નથી. આ વાત સાંભળીને અકળાયેલા મુનિરે શિયા ધર્મગુરુઓને સીધા કરી દેવાની ધમકી આપીને કહ્યું કે, શિયાઓને ઈરાન પર બહુ હેત ઉભરાતું હોય તો ઈરાન જતા રહે, પાકિસ્તાનના દરવાજા ખુલ્લા જ છે.

મુનિર ઇફ્તાર પાર્ટી છોડીને પણ જતા રહ્યા તેથી શિયા વધારે બગડ્યા છે. મુનિરે શિયાઓનું અપમાન જ ના કર્યું પણ તેમની દેશભક્તિ સામે પણ શંકા ઉઠાવીને તેમને ગદ્દાર સાબિત કરવાનો પ્રયત્ન કર્યો છે એવું તેમને લાગે છે. આ કારણે શિયા ધર્મગુરુઓ અને આગેવાનો મુનિરના માથે માછલાં ધોઈ રહ્યા છે અને મામલો ગરમ છે.

પાકિસ્તાનમાં શિયા વર્સીસ સુન્નીનો ઝઘડો નવો નથી. દુનિયામાં બધે સુન્નીઓ શિયાઓને સાફ કરી દેવા માગે છે એ રીતે પાકિસ્તાનમાં પણ સુન્નીઓ શિયાઓનો સફાયો કરી દેવા માગે જ છે પણ શિયાઓની વસતી મોટી હોવાથી ફાવતા નથી. ઈરાન પછી સૌથી વધારે શિયા પાકિસ્તાનમાં છે.

પાકિસ્તાનની કુલ વસ્તીના લગભગ ૧૫ ટકા એટલે કે ૩.૭૭ કરોડ શિયા મુસ્લિમ છે અને પાકિસ્તાનની મુસ્લિમ વસતીમાં તો શિયાઓનું પ્રમાણ ૨૫ ટકાની આસપાસ છે. પાકિસ્તાનમાં શિયાઓના મેળાવડા, મસ્જિદો અને ધાર્મિક સ્થળો પર સતત હુમલા થાય છે. સુન્ની કટ્ટરવાદી જૂથો લશ્કર-એ-ઝાંગવી (LeJ) અને ISIS (ISKP) ના બગબલચ્ચાં જેવાં સંગઠનો શિયાઓને પતાવી દેવા સતત મથ્યા કરે છે. પાકિસ્તાનના ક્વેટામાં શિયા મુસ્લિમોના હાજરા સમુદાયની મોટી વસતી છે. આ હજારા સમુદાયને ટાર્ગેટ કરીને સૌથી વધારે હુમલા થાય છે.

શિયા વર્સીસ સુન્ની જંગ એ રીતે નવો નથી પણ અત્યારે શિયાઓમાં જે આક્રોશ છે એ અલગ પ્રકારનો જ છે અને ભારત તેનો ફાયદો ઉઠાવી શકે છે. અત્યારે શિયાઓને એવું લાગી રહ્યું છે કે, આરબ દેશોના ઈશારે શિયાઓનો ખાતમો કરી દેવા માટે અમેરિકા-ઈઝરાયલ તૂટી પડ્યાં છે અને પાકિસ્તાન પણ કાવતરામાં ભાગીદાર છે. પાકિસ્તાન પહેલાં ઈરાન અને સાઉદી અરેબિયા સહિતના આરબ સુન્ની દેશો વચ્ચે સંતુલન જાળવવાનો પ્રયાસ કરતું હતું પણ અત્યારે ખુલ્લેઆમ સાઉદી અરેબિયા અને તેના સાથીઓને ટેકો આપે છે.

પાકિસ્તાન અમેરિકાના પડખામાં પણ ભરાઈ રહ્યું છે અને શિયા મુસ્લિમો અમેરિકાને સૌથી મોટો દુશ્મન માને છે કેમ કે અમેરિકા શિયાઓની સૌથી વધારે વસતી ધરાવતા ઈરાનમાંથી શિયાઓની સરકાર હટાવીને પોતાની કઠપૂતળી જેવી સરકાર બેસાડવા માગે છે. ભૂતકાળમાં અમેરિકાએ શિયાઓની બહુમતી ધરાવતા ઈરાકમાં આ જ ખેલ કરીને સદ્દામ હુસૈનને બેસાડી દીધા હતા. સદ્દામે અમેરિકાના ઈશારે શિયાઓની કત્લેઆમ કરવામાં કોઈ કસર નહોતી છોડી. અમેરિકા સીરિયા, લેબેનોન વગેરે શિયા મુસ્લિમોની નોંધપાત્ર વસતી ધરાવતા દેશોમાં પણ એ ખેલ કરી રહ્યું છે પણ ઈરાનમા ફાવ્યું નથી.

હવે અમેરિકા ઈરાનમાં ફાવી જાય ને શિયા સરકારને હટાવી દે તો દુનિયામાં શિયાઓનો કોઈ દેશ ના રહે ને તેમના અસ્તિત્વ સામે ખતરો આવી જાય. આ કારણે દુનિયાભરના શિયા મુસ્લિમો અમેરિકાને નફરત કરે છે. પાકિસ્તાન પણ અમેરિકાનું પ્યાદુ બની રહ્યું હોવાથી પાકિસ્તાનના શિયાઓ પણ પાકિસ્તાન સરકાર અને લશ્કરની વિરુદ્ધ છે. ભારત તેમના આક્રોશને ભડકાવીને પાકિસ્તાનમાં પ્રચંડ આંદોલન ઊભું કરી શકે છે. ભારત માટે અત્યારે લોહા ગરમ હૈ, માર દો હથોડા જેવી સ્થિતિ છે.

પાકિસ્તાનમાં શિયાઓની વસતી કોઈ એક ઠેકાણે નથી પણ બધે વહેંચાયેલી છે તેથી રાષ્ટ્રવ્યાપી આંદોલન થઈ શકે છે. શિયાઓના આક્રોશના કારણે ભારત પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીર (પીઓકે)માં પણ પાકિસ્તાન વિરોધી માહોલ પેદા કરી શકે ને ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં તો પાકિસ્તાને ઉભી પૂંછડીએ ભાગવું પડે એવી સ્થિતિ સર્જી શકે કેમ કે ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં શિયાઓની વસતી બહુ વધારે છે. ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં જ અત્યારે સૌથી વધારે હિંસા થઈ છે એ જોતાં ભારત માટે સાનુકૂળ સંજોગો છે.

બીજા કોઈ દેશમાં હિંસા ફેલાવવી યોગ્ય નથી પણ પાકિસ્તાનમાં હિંસા ફેલાવવામાં કશું ખોટું નથી કેમ કે પાકિસ્તાન ભારતમાં આતંકવાદ ફેલાવીને નિર્દોષ લોકોની હત્યાઓ કરે છે. આ આતંકવાદને રોકવા ભારતે પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીર (પીઓકે)માંથી પાકિસ્તાનને ભગાડવું જરૂરી છે કેમ કે પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીર (પીઓકે) આતંકવાદનું લોંચ પેડ છે. આ લોંચ પેડમાંથી પાકિસ્તાન જાય તો ભારતને શાંતિ થાય એ જોતાં ભારતે ઘા કરવાની જરૂર છે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ,
સોમવાર, તા. ૨૩-૩-૨૦૨૬, શ્રી લક્ષ્મી પંચમી

- ભારતીય દિનાંક ૨, માહે ચૈત્ર, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ચૈત્ર સુદ -૫
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ચૈત્ર, તિથિ સુદ-૫
- પારસી શહેનશાહી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૯મો આદર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૩જો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૫મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૭
- નક્ષત્ર કૃત્તિકા રાત્રે ક. ૨૦-૪૯ સુધી, પછી રોહિણી
- ચંદ્ર વૃષભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભ (બ, વ, ઉ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૨, અમદાવાદ ક. ૦૬ મિ. ૪૨, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૦, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ
- ભરતીઃ બપોરે ક. ૧૫-૦૪, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૪૮ (તા. ૨૪)
- ઓટઃ સવારે ક. ૦૮-૨૩, રાત્રે ક. ૨૦-૫૫
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, ચૈત્ર શુક્લ – પંચમી. શ્રી લક્ષ્મી પંચમી, વિષ્ણુ ડોલ ઉત્સવ, હયવ્રત, કલ્પાદિ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ વાસ્તુ પૂજા, અગ્નિદેવતાનું પૂજન, તર્પણ શ્રાદ્ધ, સૂર્ય-ચંદ્ર પૂજન, ઉંબરાનું વૃક્ષ વાવવું, માલ વેંચવો, ધાન્ય ઘરે લાવવું, પશુ લેવડદેવડ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ પાઠ વાંચન
- આચમનઃ ચંદ્ર-હર્ષલ યુતિ અસ્થિર મનના, ચંદ્ર-રાહુ ચતુષ્કોણ શંકાશીલ, ચંદ્ર-બુધ ચતુષ્કોણ ગપ્પા મારવાની આદત.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ યુતિ, ચંદ્ર-રાહુ ચતુષ્કોણ (તા. ૨૪), ચંદ્ર-બુધ ચતુષ્કોણ (તા. ૨૪). ચંદ્ર-કૃત્તિકા યુતિ.
- ગ્રહગોચરઃ સૂર્ય-મીન, મંગળ-કુંભ, માર્ગી બુધ-કુંભ (બુધ દેખાશે), માર્ગી ગુરુ-મિથુન, શુક્ર-મીન, (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન (શનિ અસ્ત) રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# અયોધ્યાના છ મંદિર પર ધ્વજા ચઢાવાશે

અયોધ્યા (ઉત્તર પ્રદેશ): અયોધ્યાના મુખ્ય રામમંદિર તથા રામજન્મભૂમિ સંકુલના બીજા મુખ્ય મંદિરોમાં ધ્વજા ચઢાવ્યા બાદ હવે બાકીના છ પેટામંદિરોમાં ધ્વજા ચઢાવવાના સમારોહની તૈયારી ચાલુ રહી છે, એમ શ્રી રામજન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે કહ્યું હતું.

બેઠક બાદ ટ્રસ્ટના મહામંત્રી ચંપત રાઈએ કહ્યું હતું કે સૂર્ય, ભગવતી, શિવલિંગ, ગણપતિ,શેષાવતાર અને હનુમાનને સમર્પિત મંદિરોમાં ધ્વજા ચઢાવામાં આવશે.

રાઈએ કહ્યું હતું કે બીજી એપ્રિલની હનુમાન જયંતીએ હનુમાન મંદિરમાં ધ્વજા ચઢાવવામાં આવશે. આઠ દિવસોમાં તબક્કાવાર રીતે ૨૨,૨૩,૨૪, ૨૫, ૨૯, ૩૦ અને ૩૧ એમ આઠ દિવસમાં પાંચ પેટામંદિરોમાં ધ્વજા ચઢાવવાના સમારોહ યોજાશે.

આ સમારોહમાં શ્રદ્ધાળુના મોટું ટોળું નહીં હોય. નાનો સમુદાય હાજર રહેશે. દરેક સમારોહમાં ૫૦ સંતો અને ૨૦૦ દર્શકો હાજરી આપશે, જેમાં ઈજનેરો અને કામદારોનો પણ સમાવેશ થાય છે. (એજન્સી) ■

# લશ્કરે તૈયબાના કમાન્ડરની હત્યા

ઇસ્લામાબાદઃ પાકિસ્તાનમાં લશ્કર-એ-તૈયબાના આતંકવાદી કમાન્ડર બિલાલ આરીફ સલાફીની હત્યા કરવામાં આવી છે. બિલાલ પર મુરિદકેમાં લશ્કરના હેડક્વાર્ટર પાસે હુમલો થયો હતો. અહેવાલો અનુસાર, શનિવારે ઈદની નમાજ પછી લશ્કર કમાન્ડર બિલાલ આરીફ સલાફીની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. બિલાલને મુરિદકેમાં નાશ પામેલા લશ્કર મુખ્યાલય પાસે મારવામાં આવ્યો હતો, જ્યાં ભારતે ઓપરેશન સિંદૂર દરમિયાન આ આતંકવાદી ઠેકાણાને નિશાન બનાવ્યું હતું. હુમલાખોરોએ પહેલા બિલાલને ગોળી મારી અને પછી છરીથી અનેક વાર ઘા કર્યા હતા.

હત્યા પાછળનું કારણ જાણી શકાયું નથી, પરંતુ સૂત્રોને શંકા છે કે તે પારિવારિક વિવાદનું પરિણામ હોઈ શકે છે. સૂત્રોએ જણાવ્યું હતું કે હત્યામાં સામેલ લોકોની ધરપકડ કરવામાં આવી છે. બિલાલે આતંકવાદી સંગઠનમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. તે મુરિદકે શાખામાં આતંકવાદીઓની ભરતી કરતો હતો. તેનું કામ યુવાનોની પસંદગી કરવાનું અને તેમને સંગઠન માટે તૈયાર કરવાનું હતું.

કેટલાક રિપોર્ટમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે એક મહિલા અને તેના સાથીએ તેના પર છરીથી હુમલો કર્યો અને પછી ભાગી ગયા હતા. સોશ્યલ મીડિયા પર હુમલાનો એક વીડિયો વાઈરલ થઈ રહ્યો છે જેમાં બિલાલ લોહીથી લથપથ હાલતમાં પડેલો જોવા મળી રહ્યો છે, તેની આસપાસના લોકો જોવા મળી રહ્યા છે. કેટલાક લોકો દ્વારા તેને જમીન પરથી ઉઠાવીને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો, પરંતુ રસ્તામાં જ તેનું મોત નીપજ્યું હતું. ■

## પહેલા પાનાનું ચાલુ

### ઈઝરાયલમાં

''ભેળપુરી'' જેવી ભારતીય ખાણીપીણીથી સારી રીતે પરિચિત છે, જે ઘણી દુકાનો પર ઉપલબ્ધ છે. આ ઈરાની હુમલાએ માત્ર ઇઝરાયલની સુરક્ષા અને એર ડિફેન્સ સિસ્ટમ પર જ પ્રશ્નો ઊભા કર્યા નથી, પરંતુ ભારત સાથેના સંબંધો ધરાવતા આ મહત્ત્વપૂર્ણ સમુદાયને પણ ગંભીર ફટકો પાડ્યો છે.

ડિમોનાને ''લિટલ ઇન્ડિયા'' કહેવાનું સૌથી મોટું કારણ અહીં રહેતા ભારતીય મૂળના યહૂદીઓની મોટી વસ્તી છે. શહેરમાં આશરે ૭,૦૦૦-૮,૦૦૦ લોકો ભારતીય મૂળના છે, જે કુલ વસ્તીના લગભગ ૩૦ ટકાનું પ્રતિનિધિત્વ કરે છે. આમાંના મોટાભાગના લોકો ઇઝરાયલ સમુદાયના છે, જેમના મૂળ મહારાષ્ટ્ર સાથે જોડાયેલા છે.

ભારત સાથે મજબૂત સંબંધો અકબંધ છે. ઇઝરાયલમાં સ્થાયી થયા હોવા છતાં, આ લોકોએ હજુ પણ ભારત સાથે મજબૂત જોડાણ જાળવી રાખ્યું છે. તેમના ઘરોમાં મરાઠી બોલાય છે, પરંપરાગત ભારતીય તહેવારો ઉજવવામાં આવે છે અને લગ્નોમાં ભારતીય રિવાજોનું પાલન કરવામાં આવે છે. અહીં રહેતા હોવા છતાં લોકો તેમની ભારતીય ઓળખને જીવંત રાખે છે, જે શહેરને ''લિટલ ઇન્ડિયા'' ની અનુભૂતિ આપે છે.

ઈરાને ઈઝરાયલી શહેર ડિમોના પર પણ હુમલો કર્યો છે. આ શહેરને 'લિટલ ઈન્ડિયા' તરીકે પણ ઓળખવામાં આવે છે. અહીં લગભગ ૭,૫૦૦ ભારતીય યહૂદીઓ રહે છે. અહીંના લોકો હિન્દી અને મરાઠી પણ બોલે છે. દુકાનોમાં ગુલાબજાંબુ અને જલેબી ખૂબ વેચાય છે અને લોકો ખૂબ ખાય છે.

આ શહેરમાં લગભગ ૭૫૦૦ ભારતીય યહૂદી રહે છે. જે શહેરની કુલ વસ્તીના ૩૦ ટકાની નજીક છે. અહીં લોકો આરામથી મરાઠી અને હિંદી ભાષામાં વાતો કરે છે. લોકોમાં ક્રિકેટ ખૂબ લોકપ્રિય છે. ખાવા પીવાનો શોખ એકદમ ભારતીય જેવો છે. અહીંની દુકાનોમાં તમને સરળતાથી સોનપાપડી, ગુલાબજાંબુ, પાપડી ચાટ, જલેબી અને ભેળપુરી મળી જાય છે. જાણકારી અનુસાર, ૧૯૫૦ અને ૬૦ના દાયકામાં ભારતીય યહૂદીઓ મોટી સંખ્યામાં ઈઝરાયલ પહોંચ્યા હતા અને અહીં આવીને વસ્યા હતા.

એક સ્થાનિક વ્યક્તિએ જણાવ્યું કે ઈરાનની મિસાઈલ એક ભવન પર પડી હતી અને તેના કારણે આસપાસના મકાનોને નુકસાન થયું છે. મોટાભાગના લોકો આશ્રય સ્થળમાં છે. ઈઝરાયલી સૈન્યએ કહ્યું કે તેઓ એની તપાસ કરી રહ્યા છે કે ઈરાનની મિસાઈલને રોકી કેમ શકાઈ નહીં. સેનાના મતે એર ડિફેન્સ સિસ્ટમે મિસાઈલને રોકવાનો પ્રયાસ કર્યો પરંતુ તેને મારવામાં સફળ રહી નહીં.

ઈરાને રવિવારે ફરી એકવાર ઈઝરાયલ પર ભયાનક હુમલો કર્યો હતો. ઈરાને દક્ષિણ ઈઝરાયલના શહેરો ડિમોના અને અરાદ પર મોટા પાયે મિસાઈલ હુમલા કર્યા, જેમાં ૧૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા ડિમોના આમાં સૌથી ખાસ છે કારણ કે અહીં ભારતીયોની વસ્તી વધુ છે, તેથી જ તેને 'લિટલ ઈન્ડિયા' તરીકે પણ ઓળખવામાં આવે છે. વધુમાં તેમાં ઈઝરાયલનું મુખ્ય પરમાણુ કેન્દ્ર પણ છે. તેહરાનનો દાવો છે કે આ હુમલો શનિવારે નાતાન્ઝ પરમાણુ કેન્દ્ર પર થયેલા હુમલાનો બદલો લેવા માટે કરવામાં આવ્યો છે. ઇઝરાયલના નેગેવ રણમાં આવેલું શહેર ડિમોનામાં લગભગ ૭,૫૦૦ ભારતીય મૂળના યહૂદીઓનો વિશાળ સમુદાય રહેતો હોવાના કારણે 'લિટલ ઇન્ડિયા' તરીકે ઓળખાય છે. જે મોટાભાગે મહારાષ્ટ્રના છે, જે તેની ૩૦ ટકા વસ્તી ધરાવે છે.

ઈઝરાયલના હુમલાનો બદલો લેવા માટે ઈરાને ડિમોનામાં શિમોન પેરેસ નેગેવ ન્યુક્લિયર રિસર્ચ સેન્ટરને નિશાન બનાવ્યુ હોવાનું માનવામાં આવે છે. ન્યૂઝ એજન્સી એએફપીના જણાવ્યા અનુસાર, મિસાઈલોના સીધા પ્રહારથી રહેણાક ઇમારતોને નુકસાન થયું છે અને જમીનમાં ઊંડા ખાડા પડી ગયા હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઈઝરાયલની એર ડિફેન્સ સિસ્ટમ મિસાઈલોને અટકાવવાનો પ્રયાસ કર્યો પરંતુ નિષ્ફળ ગઈ હતી. ત્યારબાદ સેંકડો કિલોગ્રામ વજનના વોરહેડ્સવાળી બેલિસ્ટિક મિસાઈલો શહેરોમાં પડી હતી.

ઈઝરાયલની ઈમરજન્સી સેવા મેગેન ડેવિડ એડોમના જણાવ્યા અનુસાર, અરાદમાં ૮૪ લોકો ઘાયલ થયા, જેમાંથી ૧૦ લોકોની હાલત ગંભીર છે. ડિમોનામાં ૩૩ લોકો ઘાયલ થયા હતા, જેના કારણે કુલ ૧૦૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. ડિમોના નજીકના હુમલા અંગે આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા એજન્સીએ જણાવ્યું હતું કે પરમાણુ સુવિધાને નુકસાન અથવા કોઈપણ રેડિયેશન લીક થવાના કોઈ અહેવાલ નથી.

પેરામેડિકલ કાર્મેલ કોહેને ઘટનાની ગંભીરતા વર્ણવતા કહ્યું કે વ્યાપક નુકસાન અને વ્યાપક ચીસો અને અરાજકતા હતી. ઇઝરાયલ પર મિસાઇલ હુમલાના વીડિયોમાં આકાશમાંથી આગનો મોટો ગોળો પડી રહ્યો છે તે સ્પષ્ટપણે દેખાય છે. ઈરાનની સત્તાવાર સમાચાર એજન્સી, મિઝાનના જણાવ્યા પ્રમાણે ઈરાનના નતાન્ઝ પરમાણુ કેન્દ્ર પર હવાઈ હુમલા બાદ કોઈ રેડિયેશન લીક થયાના કોઈ અહેવાલ નથી. નતાન્ઝ ઈરાનનું મુખ્ય યુરેનિયમ સંવર્ધન સુવિધા છે. સેટેલાઇટ તસવીરો પરથી જાણી શકાય છે કે યુદ્ધના પહેલા અઠવાડિયામાં થયેલા હુમલામાં ઘણી ઇમારતોને નુકસાન થયું હતું. આ પરમાણુ સુવિધા તેહરાનથી લગભગ ૨૨૦ કિલોમીટર દૂર સ્થિત છે. અગાઉ, જૂન ૨૦૨૫માં ઈરાન અને ઈઝરાયલ વચ્ચેના ૧૨ દિવસના યુદ્ધ દરમિયાન ઈઝરાયલ અને અમેરિકાએ આ કેન્દ્ર પર હુમલાઓ કર્યા હતા. ■

### ઈરાને અમેરિકાનું

એફ-૧૫ ફાઈટર જેટને લોક કરવામાં આવ્યું હોવાનો વીડિયો ઈરાનના પ્રસાર માધ્યમોએ જારી કર્યો હતો. જોકે તેના ઉત્પાદક અમેરિકા કે તેના મિડલ-ઈસ્ટના સાથીદેશોએ આ વાતને સમર્થન આપ્યું નથી. અમેરિકા ઉપરાંત મિડલ ઈસ્ટના અમેરિકાના સાથીદારો જેવા કે સઉદી અરેબિયા, ઈઝરાયલ અને કતાર પાસે હવાઈ સુરક્ષા માટે એફ-૧૫ જેવા ફાઈટર જેટ છે. (એજન્સી) ■

### ગૅસ લઈને

ભારત તરફ વળ્યું ત્યારે દક્ષિણ ચીન સમુદ્રમાં સફર કરી રહ્યું હતું. શરૂઆતમાં ટેક્સાસથી લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસ (એલપીજી)લઈને કાર્ગો જહાજ પણ ન્યૂ મેંગલોર બંદર પર પહોંચ્યું. યુએસ-ઇઝરાયલ-ઈરાન યુદ્ધને કારણે હોર્મુઝ સામુદ્રધુની બંધ થયા પછી તાજેતરના દિવસોમાં વિશ્વભરમાં ઊર્જા પુરવઠાને અસર થઈ છે. જો કે, ઈરાન સાથે ભારતના રાજદ્વારી પ્રયાસોના સકારાત્મક પરિણામો મળ્યા કારણ કે તહેરાને ભારતના ધ્વજવાળા જહાજોને હોર્મુઝમાંથી પસાર થવાની મંજૂરી આપી હતી જેનાથી દેશમાં ક્રૂડ ઓઇલ અને ગેસના પુરવઠા પર દબાણ ઓછું થયું.

એક રિપોર્ટ અનુસાર, રશિયન તેલ ટેન્કર એક્વા ટાઇટન શરૂઆતમાં રિઝાઓ બંદર (ચીન) તરફ જઈ રહ્યું હતું, માર્ચમાં ભારત દ્વારા રશિયન આયાતમાં વધારો થતાં તેનો માર્ગ બદલાયો હતો. શિપિંગ મંત્રાલયના ખાસ સચિવ રાજેશ સિંહાએ આ અઠવાડિયાની શરૂઆતમાં કહ્યું હતું કે, ''આ ટેન્કરનું નામ એક્વા ટાઇટન છે. તેને મેંગ્લોર રિફાઇનરી એન્ડ પેટ્રોકેમિકલ્સ લિમિટેડ દ્વારા ચાર્ટર્ડ કરવામાં આવ્યું હતું. તે ન્યૂ મેંગ્લોર બંદર પર પહોંચ્યું છે. આ ટેન્કરમાં ક્રૂડ ઓઇલ છે.''

કેન્દ્ર સરકારે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને કોમર્શિયલ એલપીજીના વધારાના ૨૦ ટકા ફાળવણીને મંજૂરી આપી છે, જેનાથી કુલ ફાળવણી ૫૦ ટકા થઈ ગઈ છે. સ્થાનિક ઉત્પાદનમાં વધારો થવાને કારણે પરિસ્થિતિ ધીમે ધીમે સામાન્ય થઈ રહી છે. મધ્ય પૂર્વમાં ત્રણ અઠવાડિયાં સુધી ચાલેલા યુદ્ધે ભારતના ઊર્જા પુરવઠાને અસર કરી છે. જેના પરિણામે હોટલ જેવા કોમર્શિયલ મથકોને એલપીજી પુરવઠામાં શરૂઆતમાં કાપ મૂકવામાં આવ્યો હતો જેથી ઘરેલુ રસોડાને પુરવઠાને પ્રાથમિકતા આપી શકાય. ■

### મોદી દેશમાં

દરમિયાન ગુજરાતના વિકાસ મોડલની ચર્ચા સમગ્ર દેશમાં થઈ હતી. બીજો ભાગ ૨૦૧૪નો છે જ્યારે તેઓ પહેલીવાર દેશના વડા પ્રધાન બન્યા હતા. આ બે કાર્યકાળ ઉમેરતા આ આંકડો ૮,૯૩૧ દિવસનો થાય છે. આ રેકોર્ડ એકમાત્ર નથી. વડા પ્રધાન મોદીના નામે બીજી ઘણી સિદ્ધિઓ છે. તેઓ ગુજરાતના સૌથી લાંબા સમય સુધી મુખ્ય પ્રધાન રહ્યા હતા. ગુજરાતમાં આટલો લાંબો સમય બીજા કોઈ મુખ્ય પ્રધાને સેવા આપી નથી. મોદી કોઈપણ વડા પ્રધાન કરતાં સૌથી વધુ અનુભવ સાથે દિલ્હી પહોંચ્યા હતા. પીએમ નરેન્દ્ર મોદીનો જન્મ ૧૯૫૦માં થયો હતો. તેઓ સ્વતંત્ર ભારતમાં જન્મેલા પ્રથમ વડા પ્રધાન છે. તેમણે સતત ત્રણ લોકસભા ચૂંટણીઓ ૨૦૧૪ , ૨૦૧૯, ૨૦૨૪ જીતી છે.

સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર પોસ્ટ કરીને સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને આ સિદ્ધિ બદલ અભિનંદન આપ્યા હતા. તેમણે લખ્યું હતું કે, ''નરેન્દ્ર મોદીનું આખું જીવન દેશ અને તેના નાગરિકોની સેવા માટે સમર્પિત રહ્યું છે. ગુજરાતના મુખ્ય પ્રધાનથી દેશના વડા પ્રધાન સુધી, આ સફર સેવા, પ્રામાણિકતા અને દેશને પ્રથમ સ્થાન આપવાની છે.'' ■

### છત્તીસગઢના

હતું કે નવરાત્રિ ઉત્સવ દરમિયાન બાગબાહરા વિસ્તારના ખલ્લારી ગામમાં ખલ્લારી માતાજીના મંદિરમાં પૂજા કરવા માટે ભક્તો આવ્યા હતા. અધિકારીએ જણાવ્યું કે રાયપુરની રહેવાસી ૨૮ વર્ષીય આયુષી સતકરનું મૃત્યુ થયું, જ્યારે અન્ય સાત ઘાયલ થયા અને તેમને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. તેમણે કહ્યું કે તપાસ ચાલી રહી છે.

ખલ્લારી ગામમાં એક ટેકરી પર સ્થિત આ મંદિર આશરે ૩,૦૦૦ ફૂટની ઊંચાઈ પર આવેલું છે. નવરાત્રી ઉત્સવ દરમિયાન મોટી સંખ્યામાં ભક્તો દર્શન માટે એકઠા થયા હતા. પ્રત્યક્ષ દર્શીઓના જણાવ્યા અનુસાર, રોપ-વેમાં નીચે ઉતરતી વખતે અચાનક કેબલ તૂટી ગયો અને ટ્રોલી બેકાબૂ બનીને પડી ગઈ હતી. કુલ ૧૩ ભક્તો બે અલગ-અલગ ટ્રોલીમાં સવાર હતા. આ અકસ્માતમાં એક ટ્રોલીમાં પાંચ લોકો ઘાયલ થયા હતા, જ્યારે બીજી ટ્રોલીમાં બે અન્ય લોકો પણ ઘાયલ થયા હતા. પીટીઆઈના અહેવાલ અનુસાર, રાયપુરની રહેવાસી ૨૮ વર્ષીય આયુષીનું અકસ્માતમાં મૃત્યુ થયું હતું. અન્ય સાત ઘાયલોને તાત્કાલિક નજીકની હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. તેમની હાલત હાલમાં સ્થિર છે.

આ ઘટનાએ રોપ-વેના મેઈન્ટેનન્સ અંગે પ્રશ્નો ઊભા કર્યા છે. કેબલ તૂટવાનું કારણ હજુ સ્પષ્ટ નથી. એવી શંકા છે કે ટેકનિકલ ખામી કારણભૂત હોઈ શકે છે. મહાસમુંદ પોલીસ અધિક્ષક પ્રભાત કુમારે ઘટનાની પુષ્ટી કરી અને કહ્યું કે અકસ્માતના કારણની તપાસ શરૂ કરવામાં આવી છે. વહીવટીતંત્ર તપાસ કરી રહ્યું છે કે રોપ-વેનું નિયમિત રીતે યોગ્ય રીતે નિરીક્ષણ અને જાળવણી કરવામાં આવી રહી હતી કે નહીં.

નવરાત્રિ દરમિયાન મોટી સંખ્યામાં ભક્તો મંદિરમાં આવે છે, જેના કારણે સુરક્ષા અને ટેકનિકલ દેખરેખ વધુ મહત્ત્વપૂર્ણ બને છે. વહીવટીતંત્રે રોપ-વેના સંચાલનને અસ્થાયી રૂપે સ્થગિત કરી દીધું છે. ■

### સુદાનમાં

આ હુમલો નજીકના એક પોલીસ સ્ટેશનને નિશાન બનાવીને કરવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતું. સંયુક્ત રાષ્ટ્રના આંકડા અનુસાર આ ભયંકર યુદ્ધમાં ૪૦,૦૦૦થી વધુ લોકો માર્યા ગયા છે. જ્યારે ડબ્લ્યુએચઓએ જણાવ્યું કે યુદ્ધ શરૂ થયા બાદથી અત્યાર સુધીમાં તબીબી સુવિધાઓ પરના હુમલાઓમાં ૨,૦૦૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે. ■

### મુંબઈ પર

બેસી જાય છે. એવી પરિસ્થિતિ ઊભી થાય છે જ્યાં અમેરિકા પણ આપણા પરમાણુ કાર્યક્રમને નકારાત્મક રીતે જોવા લાગે અથવા આપણી પરમાણુ ક્ષમતાને નાશ કરવાનો પ્રયાસ કરે છે, જે અશક્ય છે, પરંતુ હું સૌથી ખરાબ પરિસ્થિતિ વિશે વાત કરી રહ્યો છું, જે અશક્ય છે, કારણ કે પાકિસ્તાન પાસે પોતાનો બચાવ કરવાની ક્ષમતા છે. પરંતુ જો એવી પરિસ્થિતિ ઊભી થાય કે અમેરિકા પાકિસ્તાન પર હુમલો કરે છે પરંતુ અમેરિકા આપણી ન્યૂક્લિયર રેન્જમાં નથી ત્યારે આપણે પ્રાદેશિક વિસ્તારોમાં તેમનાં ઠેકાણાઓ સુધી પહોંચી શકતા નથી. અથવા આપણે ઇઝરાયલ પર હુમલો પણ કરી શકતા નથી તો આપણો વિકલ્પ શું હશે? ભારત.''

તેમણે આગળ કહ્યું હતું કે, ''આપણે જોઈશું અને બીજું કંઈ કરવાનું નથી. ભલે આપણી પાસે ત્યાં (અમેરિકન બેઝ સુધી) રેન્જ ન હોય અને કોઈ આપણા પર ખરાબ નજર નાખે તો પણ આપણે વિચાર્યા વિના ભારત પર હુમલો કરીશું. આપણે મુંબઈ પર હુમલો કરીશું, નવી દિલ્હી પર હુમલો કરીશું. આપણે હાર માનીશું નહીં. જે કંઈ થશે તે પછી જોઈ લઈશું. જો અમેરિકા આપણા પર હુમલો કરશે તો આપણી પાસે બીજો કોઈ વિકલ્પ રહેશે નહીં, જે અશક્ય છે. તેથી દુનિયાએ જાણવું જોઈએ કે જો કોઈ અમારા પર ખરાબ નજર નાખશે, તો અમે જવાબ આપ્યા વિના પીછેહઠ કરીશું નહીં.'' બાસિતે કહ્યું હતું કે, ''હાલમાં અમેરિકા કે ઇઝરાયલ બંને આપણી રેન્જમાં નથી, પરંતુ જો પરિસ્થિતિ આવી બને છે તો પાકિસ્તાન પાસે ભારત પર જ્યાં ઇચ્છે ત્યાં હુમલો કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ રહેશે નહીં. પછી આપણે જોઈશું કે શું થાય છે. આપણે આવું કંઈ થાય તેવું નથી ઇચ્છતા પરંતુ દુનિયાએ સમજવું જોઈએ કે પાકિસ્તાનને ખરાબ નજરથી ન જોવું જોઈએ. જો તમે આવી વસ્તુઓ કરશો, તો અલ્લાહ જાણે છે કે પાકિસ્તાન શું કરશે.'' ■

### આંધ્રમાં

તેના શરીરના અમુક અંગોએ પણ કામ કરવાનું બંધ કરી દીધું અને તેમનાં મૃત્યુ થયાં હતાં.

૧૬ ફેબ્રુઆરીથી ૨૧ માર્ચ દરમિયાન કુલ ૨૦ લોકોને વિવિધ હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા હતા. જેમાંથી ૧૬ લોકોનાં મોત નીપજ્યાં હતાં. જ્યારે ત્રણ લોકો હજુ પણ સારવાર હેઠળ છે. તેમજ એક વ્યક્તિને સ્વસ્થ થયા બાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

પોલીસે શકમંદ દૂધ વેચનારની ધરપકડ કરી છે. ફોરેન્સિક ટીમોએ પરિસરની તપાસ કરી અને પુરાવા એકત્રિત કર્યા હતા. અધિકારીઓએ જણાવ્યું કે હાલ પરિસ્થિતિ નિયંત્રણમાં છે. તેમજ વિસ્તૃત લેબ રિપોર્ટ અને ચાલી રહેલી તપાસનાં પરિણામોના આધારે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ■

### અશોક ખરાત કેસ

# ‘મોટા માથાંઓને નહીં બક્ષીએ’: ફડણવીસ

નાગપુરઃ અશોક ખરાતનો કિસ્સો ગંભીર છે અને અમે જ તેનો પર્દાફાશ કર્યો છે. સામાજિક દબાણ અને શરમના કારણે મહિલાઓ જલ્દી આગળ આવતી નથી, પરંતુ આવી પીડિત મહિલાઓ અને તેમના પરિવારજનોને હિંમત આપીને અમે તેમને સામે લાવી રહ્યા છીએ, તેમ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સ્પષ્ટ કર્યું હતું.



નાગપુરમાં એક પ્રદર્શનમાં હાજરી આપવા આવેલા ફડણવીસે અશોક ખરાત કેસમાં પોલીસને ફ્રી હેન્ડ આપ્યો હોવાની જાહેરાત કરી હતી. (એજન્સી)

ફડણવીસે કડક શબ્દોમાં ચેતવણી આપતાં કહ્યું હતું કે, મહિલાઓ સાથે દુર્વ્યવહાર કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે અને આ મામલે કોઈને પણ છોડવામાં આવશે નહીં. મુખ્ય પ્રધાનના આ આક્રમક વલણથી અનેક મોટા માથાઓમાં ફફડાટ ફેલાયો છે. અશોક ખરાતને અનેક લોકોએ મદદ કરી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે, ત્યારે શું મુખ્યમંત્રીનો આ ઈશારો તે મદદગારો તરફ તો નથી ને? તેવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.

આ સમગ્ર કેસમાં નાસિક સીપી અને એસઆઈટી સાથે મળીને કામ કરી રહ્યા છે. કેપ્ટન ખરાત અધ્યક્ષ છે, તે મિરગાવના શ્રી શિવનિકા સંસ્થાન માટે દારણા ડેમમાંથી પાણી આરક્ષિત કરવામાં આવ્યું હતું. મહાવિકાસ આઘાડી સરકારે ૩૯ લાખ લીટર પાણી આરક્ષિત કરવાની મંજૂરી આપી હતી અને ૩૧ જુલાઈ ૨૦૨૦ ના રોજ આ અંગેનો સરકારી નિર્ણય બહાર પાડવામાં આવ્યો હતો. આ બાબતનો સંદર્ભ આપતા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ઉદ્ધવ ઠાકરે પર પરોક્ષ નિશાન સાધતા કહ્યું હતું કે, ‘‘કોઈ કોને મળ્યું તેવા આધારે જો અમે કાર્યવાહી કરવા લાગીએ તો કેવી રીતે ચાલશે? તેને પાણી કોણે આપ્યું તે તમે જોયું જ હશે, તમે જ બતાવ્યું છે. આ મહિલાઓની ગરિમાનો પ્રશ્ન છે. પોતાની કહેવાતી વગનો ઉપયોગ કરીને મહિલાઓનું શોષણ કરવામાં આવ્યું છે. અમે આરોપીને છોડીશું નહીં ’’ તેવી ગંભીર ચેતવણી પણ ફડણવીસે આપી હતી. ■

# તપાસ પર ડીજીપીની સીધી દેખરેખ

નાગપુરઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રવિવારે જણાવ્યું હતું કે બળાત્કારના આરોપમાં ધરપકડ કરાયેલા બની બેઠેલા અંકશાસ્ત્રી અશોક ખરાત સાથે સંકળાયેલા કેસમાં પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) હેઠળ ઉચ્ચ સ્તરીય તપાસ ચાલી રહી છે અને ભારપૂર્વક જણાવ્યું હતું કે કોઈને પણ છોડવામાં આવશે નહીં.

નિવૃત્ત મર્ચન્ટ નેવી અધિકારી અને ‘‘કેપ્ટન’’ તરીકે ઓળખાતા ખરાત પાસે વર્ષોથી ઘણા રાજકીય નેતાઓ આધ્યાત્મિક સલાહ લેવા માટે આવતા હતા. ૩૫ વર્ષીય મહિલાની ફરિયાદના આધારે નાસિક પોલીસે તેમની ધરપકડ કરી હતી કે તેમણે ત્રણ વર્ષમાં અનેક વખત તેના પર બળાત્કાર કર્યો હતો.

એક કાર્યક્રમ દરમિયાન પત્રકારો સાથે વાત કરતા, ફડણવીસે કહ્યું કે પોલીસે ગુપ્તચર માહિતીના આધારે કેસનો પર્દાફાશ કર્યો છે, અને ડીજીપીને તપાસ પર દેખરેખ રાખવા માટે કહેવામાં આવ્યું છે. આ કેસની તપાસ માટે એક એસઆઈટીની રચના કરવામાં આવી છે, અને તે નાસિક પોલીસ સાથે કામ કરશે. કોઈપણ પરિસ્થિતિમાં આ કેસમાં કોઈને પણ છોડવામાં આવશે નહીં, એમ તેમણે જણાવ્યું હતું.

ફડણવીસે વધુમાં કહ્યું હતું કે આ કેસમાં રાજકારણ કરવાને બદલે જે લોકો પાસે તેમના આરોપોને સમર્થન આપવા માટે પુરાવા છે તેમણે આગળ આવીને પોલીસને સહકાર આપવો જોઈએ.

પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજી દ્વારા વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ‘સૌથી મોટા ઘૂસણખોર’ ગણાવવા અંગે, ફડણવીસે કહ્યું કે તૃણમૂલ કૉંગ્રેસનાં વડાને આગામી ચૂંટણીઓમાં પોતાની હાર દેખાતી હોવાથી વિવેક ગુમાવી દીધો છે. તેથી, આવા નિવેદનો પર વધુ ધ્યાન આપવું જોઈએ નહીં કારણ કે લોકો ખૂબ સારી રીતે જાણે છે કે ઘૂસણખોરો કોણ છે અને રાષ્ટ્રનું રક્ષણ કોણ કરી રહ્યું છે, તેમણે કહ્યું.

મુખ્ય પ્રધાને કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીના ટ્વિટ પર પણ ટીકા કરી હતી જેમાં તેમણે દાવો કર્યો હતો કે દેશની આર્થિક સ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ છે.

વિશ્વમાં વ્યાપક કટોકટી વચ્ચે, ભારત સરકારે વ્યવસ્થા કરી છે અને ખાતરી કરી છે કે સામાન્ય લોકોને કોઈ અસર ન પડે. પાકિસ્તાન અને શ્રીલંકા જેવા પડોશી દેશોએ પોતાની ઓફિસો અને શાળાઓ બંધ કરવા પડ્યા છે. પેટ્રોલ અને ગેસ સિલિન્ડરનું વેચાણ બંધ કરી દેવામાં આવ્યું છે, પરંતુ ભારતે આ પરિસ્થિતિઓને તેના રોજિંદા જીવન પર અસર થવા દીધી નથી. મને લાગે છે કે રાહુલ ગાંધી ફક્ત દેશને બદનામ કરવાનો અને અરાજકતા ફેલાવવાનો પ્રયાસ કરે છે, તેમણે કહ્યું. (પીટીઆઈ)

# ‘આ ઘોર પાપ છે... તમારા પર ઈશ્વરનો પ્રકોપ થશે’

### અશોક ખરાતે પોલીસને આપ્યો શ્રાપ

નાશિકઃ સ્વઘોષિત ન્યૂમરોલૉજિસ્ટ અને જ્યોતિષી અશોક ખરાત તેની ધરપકડથી ઊકળી ઊઠ્યો હતો. શું કરવું એની અવઢવમાં રહેલા ખરાતે બરાડા પાડીને ધરપકડ કરનારા પોલીસ અધિકારીઓને શ્રાપ આપવા માંડ્યો હતો. ‘ઘોર પાપ કરી રહ્યા છો... ઈશ્વરનો તમારા પર પ્રકોપ થશે,’ એવું ખરાતે કહ્યું હતું.

ખરાતની ધરપકડનું પ્રકરણ કોઈ ફિલ્મી થ્રિલરથી ઓછું નહોતું. સંપૂર્ણ ગુપ્તતા જાળવીને તેની ધરપકડ કરવામાં આવી હતી. ખરાતની ધરપકડ પછી અનેક ચોંકાવનારી વાતો સામે આવી રહી છે.

કહેવાય છે કે ખરાતની ધરપકડની વાત છૂપી રાખવામાં આવી હતી. એટલે સુધી કે ઑપરેશનમાં સામેલ પોલીસ કર્મચારીઓને પણ આની જાણ કરાઈ નહોતી. છેવટ સુધી પોલીસ ટીમ અજાણ હતી કે કઈ કાર્યવાહી કરવા આટલી કવાયત કરવામાં આવી રહી છે.

વરિષ્ઠ અધિકારીના માર્ગદર્શન હેઠળ પોલીસ અધિકારીઓની પાંચ ટીમ બનાવવામાં આવી હતી. ખરાતના ઘર નજીક પહોંચેલી ટીમને ખરાતના ઘરમાં ચોર ઘૂસ્યો હોવાથી તેને પકડવા આ ઑપરેશન હાથ ધરાયું હોવાનું કહેવામાં આવ્યું હતું. ઘરમાં ઘૂસ્યા પછી ખરાતને તાબામાં લેવાયો ત્યારે પોલીસ કર્મચારીઓને આ અંગે જાણ થઈ હતી.

કહેવાય છે કે ધરપકડ પછી ખરાતને પોલીસ સ્ટેશને લઈ જવામાં આવ્યો ત્યારે તે ખાસ્સો ગુસ્સામાં હતો. બરાડા પાડતાં તે પોલીસને શ્રાપ આપવા લાગ્યો હતો. તેણે કહ્યું હતું કે તમે ઘોર પાપ કરી રહ્યા છો... ઈશ્વરનો તમારા પર પ્રકોપ થશે. આ ઑપરેશનમાં એટલી સાવધાની અને ગુપ્તતા જાળવવામાં આવી હતી કે ખરાતને પ્રત્યુત્તર કે કોઈ ઍક્શન લેવાનો મોકો મળ્યો નહોતો. ■

# જૈનાચાર્ય યોગતિલકસૂરિજીની ઐતિહાસિક ૬૪ દીક્ષાના લોકભવનમાં વધામણાં

દીક્ષાધર્મના મહાનાયક જગમશહૂર જૈનાચાર્ય શ્રીમદ્ વિજય યોગતિલકસૂરીશ્વરજી મહારાજાની વૈરાગ્યમય વાણીના પ્રભાવે ગત મહા વદ ૭ તા.૮-૨-૨૬ ના મુંબઈ-મહારાષ્ટ્રની ધરા પર સદીઓમાં સૌપ્રથમવાર એક જ સાથે એક જ મંડપે ૬૪-૬૪ દીક્ષાઓ થઈ હતી.



જૈનશાસનની બુનિયાદ એવા આ દીક્ષાધર્મના વધામણાર્થે ચૈત્ર સુદ ૩ તા.૨૧-૩-૨૬ ના મલબાર હિલ સ્થિત લોકભવનમાં ભારતના ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન, રાજ્યપાલ જિષ્ણુ દેવ વર્મા, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, કેબિનેટ પ્રધાન મંગલપ્રભાત લોઢા આદિની ઉપસ્થિતિમાં જાજરમાન આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉપરોક્ત રાજકીય હસ્તીઓ દ્વારા પ્રભુ મહાવીરે દર્શાવેલા સર્વોચ્ચ એવા નિષ્પાપજીવન-દીક્ષાજીવનની અનહદ સરાહના કરવામાં આવી હતી.

આ આયોજન અંતર્ગત લોકભવનમાં સુપ્રસિદ્ધ જૈન સંસ્થા ‘અધ્યાત્મ પરિવાર’ દ્વારા વિવિધ પ્રદર્શનીઓને પ્રસ્તુત કરવામાં આવી હતી. જેને ઉપરાષ્ટ્રપતિ સહિત તમામ મંત્રીઓ દ્વારા દિલથી નવાજવામાં આવી હતી.

તા.૧૧-૫-૨૬ ના લોનાવલા મુકામે ‘સૂરિયોગ’ની નિશ્રામાં જેઓ ભરયૌવન વયે દીક્ષા સ્વીકારવાના છે એ મુમુક્ષુરત્ન સુવ્રતકુમારનું ઉપરાષ્ટ્રપતિ દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું. ■

# ગર્ભવતી મહિલા સાથે દુષ્કર્મ

### અશોક ખરાત વિરુદ્ધ વધુ એક ગુનો નોંધાયો

મુંબઈઃ નાશિકના અશોક ખરાત કેસમાં વધુ એક ચોંકાવનારી અને ખૂબ જ ગંભીર બાબત પ્રકાશમાં આવી છે. સ્વયંભૂ જ્યોતિષી અને ‘કેપ્ટન’ તરીકે જાણીતા અશોક ખરાત સામે જાતીય શોષણનો વધુ એક કેસ નોંધવામાં આવ્યો છે. આ ફરિયાદ નાશિકના સરકારવાડા પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવી છે, જેમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે પીડિત મહિલા જ્યારે ગર્ભવતી હતી ત્યારે તેનું જાતીય શોષણ કરવામાં આવ્યું હતું. ■

# કોણ બનશે મહારાષ્ટ્ર મહિલા આયોગનાં અધ્યક્ષ?

### રોહિત પવારે ચાર નામ સૂચવ્યા

મુંબઈઃ મહિલા આયોગનાં અધ્યક્ષ રૂપાલી ચાકણકરે ધાર્મિક વિધિઓના નામે મહિલાઓનું જાતીય શોષણ કરનાર અશોક ખરાત સાથેની નિકટતાને કારણે રાજીનામું આપી દીધું છે. હવે પ્રશ્ન એ છે કે સરકાર રૂપાલી ચાકણકરનું પદ કોને સોંપશે?

રૂપાલી ચાકણકર ૨૦૨૪માં બીજી વખત અધ્યક્ષ બન્યાં હતાં. મહારાષ્ટ્રમાં રાજકીય ઊથલપાથલ વચ્ચે, શરદ પવાર જૂથના ધારાસભ્ય રોહિત પવારે ચાર નામો સૂચવ્યા છે. પવારે સરકાર પાસે માગ કરી છે કે મહારાષ્ટ્ર રાજ્ય મહિલા આયોગનાં અધ્યક્ષ પદે એવી વ્યક્તિની નિમણૂક કરવાને બદલે, જેનો એકમાત્ર ઉદ્દેશ્ય માત્ર પોતાનો પ્રચાર કરવાનો હોય, કોઈ એવી વ્યક્તિની નિમણૂક કરવી જરૂરી છે જે નિષ્પક્ષ, નીડર અને ઊંડી કાયદાકીય જાણકારી ધરાવતી હોય.રોહિત પવારે રાજ્યના પ્રથમ મહિલા નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવારને ટેગ કરતા લખ્યું કે આ પદ માટે નિવૃત્ત આઈપીએસ અધિકારી મીરા ચઢ્ઢા બોરવણકર, સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠિત રેકોર્ડ ધરાવતી વ્યક્તિ, જેમ કે એડવોકેટ વર્ષા દેશપાંડે, ’માસૂમ’ સંસ્થાના મનીષા ગુપ્તે, અથવા નિવૃત્ત આઈએએસ અધિકારી મેધા ગાડગીલની નિમણૂક થવી જોઈએ. ઓછામાં ઓછું તે બિનરાજકીય વ્યક્તિ હોવી જોઈએ. તો જ રાજ્યની પીડિત મહિલાઓને સાચો ન્યાય મળશે. ■

# પ્રધાનોને સહ-આરોપી બનાવવામાં આવેઃ સંજય રાઉત

મુંબઈઃ અશોક ખરાતનાં કાળાં કારનામાઓએ હાલમાં સમગ્ર મહારાષ્ટ્રને હચમચાવી દીધું છે. હવે, તેના છેડા સીધા મંત્રાલય સુધી અડેલા હોવાનું સામે આવી રહ્યું છે. અનેક મોટા રાજકારણીઓ અને પ્રધાનો તેના મળવા આવતા હોવાના ફોટા અને માહિતી સામે આવી છે. તેના કારણે રાજ્યના રાજકારણમાં મોટો ખળભળાટ મચી ગયો છે. હવે આ જ પૃષ્ઠભૂમિ પર શિવસેના (યુબીટી) ના નેતા સંજય રાઉતે આક્રમક વલણ અપનાવ્યું છે.‘‘મહારાષ્ટ્રની પ્રતિમા પુરગામી અને વિજ્ઞાનવાદી છે, પરંતુ જો સત્તાધારીઓ જ આવા અંધશ્રદ્ધા ફેલાવતા લોકોને

પ્રોત્સાહન આપતા હોય, તો તે દરબારમાં જનારા પ્રધાનોને પણ સહ-આરોપી બનાવવા જોઈએ. તેમને સહ-આરોપી બનાવ્યા વિના, આ રાજ્યમાં દંભ અને ઢોંગ બંધ થશે નહીં,’’ એવી માંગ સંજય રાઉતે કરી હતી.

તેમણે વધુમાં ઉમેર્યું કે, ‘‘તેઓ હવે એમ કહી રહ્યા છે કે અશોક ખરાતનો આખો કિસ્સો શું હતો તેની અમને જાણ નહોતી, જે તદ્દન ખોટું છે. આ મામલે તેના પર પહેલો ગુનો ૨૦૦૩ માં દાખલ થયો હતો અને ૨૦૦૫ માં પણ ગુનો નોંધાયો હતો. ત્યારબાદ એક અખબારમાં ખરાતના કારનામાઓ વિશે લેખ પ્રસિદ્ધ થયો હતો, ત્યારે તે પત્રકારને ધમકીઓ આપવામાં આવી હતી. તેમ છતાં જો મુખ્ય પ્રધાન અને ઉપમુખ્ય પ્રધાન તેમની પાસે જતાં હોય, તેમના પગે પડતા હોય અને તંત્ર-મંત્ર કે જાદુટોણા કરતા હોય, તો આ તમામને સહ-આરોપી બનાવવા જોઈએ. તેમને કોણ રક્ષણ આપી રહ્યું છે તે તપાસ દરમિયાન બહાર આવશે.’’ ■



LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# અશોક ખરાત કેસઃ રૂપાલી ચાકણકરે એનસીપી મહિલા અધ્યક્ષ પદ પણ ગુમાવવું પડશે? મોડી રાત્રે સુનેત્રા પવારની બેઠક

મુંબઈ: બળાત્કારના આરોપી ‘સ્વઘોષિત ધર્મગુરુ’ અશોક ખરાત સાથેના સંબંધોને કારણે રૂપાલી ચાકણકરે મહારાષ્ટ્ર મહિલા આયોગનાં અધ્યક્ષ પદેથી રાજીનામું આપ્યા પછી, હવે એનસીપી મહિલા પ્રદેશ પ્રમુખ પદેથી તેમના રાજીનામાની માગણીઓ ઉઠવા લાગી છે. તેમના રાજીનામાની માગ પર, રાજ્યના ખાદ્ય અને નાગરિક પુરવઠા પ્રધાન છગન ભુજબળે કહ્યું કે એનસીપી મહિલા પ્રદેશ પ્રમુખ પદ અંગેનો નિર્ણય પાર્ટીનાં વરિષ્ઠ નેતા અને નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવાર લેશે.

મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, શનિવારે નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવારની અધ્યક્ષતામાં સત્તાવાર નિવાસસ્થાન દેવગીરી ખાતે એનસીપી નેતાઓ સુનીલ તટકરે અને પ્રફુલ્લ પટેલ વચ્ચે એક બેઠક યોજાઈ હતી. આ બેઠક મોડી રાત સુધી ચાલી હતી. શનિવારે ઉદ્ધવ સેનાના નેતા સુષમા અંધારેએ પણ માગ કરી હતી કે ચાકણકર એનસીપીના મહિલા પ્રદેશ પ્રમુખ પદેથી રાજીનામું આપે.

બીજી તરફ રૂપાલી ચાકણકરે કહ્યું હતું કે પોતે મહિલા હોવાથી તેમની ઉપર આક્ષેપો થઇ રહ્યો છે. ખરાત અને તેમની પત્નીને આધ્યાત્મિક ગુરુ માનતા હોવાનો સ્વીકાર કરતા તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, મારો પરિવાર વારકરી પરંપરામાં માનતો હોવાથી અશોક ખરાતના ટ્રસ્ટ સાથે જોડાયેલા છીએ. પરંતુ તેમની આ ‘બીજી બાજુ’ બાબત અમને કોઈ જાણકારી નહોતી. કોઈ વ્યક્તિ ભવિષ્યમાં કેવું વર્તન કરશે તે કોઈ કેવી રીતે કહી શકે? તેવો પ્રશ્ન કરતાં તેમણે ખરાત સાથેનો તેમનો વીડિયો છ વર્ષ જૂનો હોવાનો દાવો કર્યો. તેમણે કહ્યું કે અન્ય અનેક જાણીતા લોકોની તસવીરો ખરાત સાથે છે, પણ નિશાન મને જ બનાવવામાં આવી છે.

સોશ્યલ મીડિયા પર એવા ફોટા અને વીડિયો સામે આવ્યા છે જેમાં ચાકણકર ખરાતની નજીક દેખાઈ રહ્યા છે, જેમાં કેટલીક ક્લિપ્સમાં તેઓ ધાર્મિક વિધિઓ કરતા અને ખરાતના પગ ધોતા જોવા મળી રહ્યા છે. શિવસેના (યુબીટી) અને કૉંગ્રેસ સહિતના વિપક્ષી નેતાઓ આ કેસમાં સતત હુમલો બોલાવી રહ્યા છે.

મહિલા આયોગનાં અધ્યક્ષ પદેથી રૂપાલી ચાકણકરના રાજીનામા બાદ, આગામી અધ્યક્ષ કોણ હશે તે અંગે ભારે ચર્ચા થઈ રહી છે. આ પદ માટે વૈશાલી નાગવડે અને પ્રતિષ્ઠા શિંદેના નામો પર વિચારણા થઈ રહી છે. વૈશાલી નાગવડે પુણેના છે, જ્યારે પ્રતિષ્ઠા શિંદે ઉત્તર મહારાષ્ટ્રના છે.

# ચીનથી આયાત કરાયેલા નવ કરોડની વૉકી-ટૉકી અને ઈ-વેસ્ટ હાર્ડ ડિસ્ક જપ્ત

મુંબઈ: ડિરેક્ટરેટ ઑફ રેવેન્યૂ ઈન્ટેલિજન્સે (ડીઆરઆઈ) નવી મુંબઈના ન્હાવા શેવા પોર્ટ પરથી ૯.૨૫ કરોડ રૂપિયાની પ્રતિબંધિત ૧૧,૦૬૦ વૉકી-ટૉકી સેટ્સ અને સેકન્ડ હેન્ડ હાર્ડ ડિસ્ક ડ્રાઈવ્સ (એચડીડી) જપ્ત કરી હતી.

મુંબઈમાં બે કંપનીના માલિક પિતા-પુત્રે યોગ્ય પરવાનગી વિના આ સામાનની આયાત કરી હતી. કસ્ટમ્સ ઍક્ટ હેઠળ બન્નેની ધરપકડ કરવામાં આવી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. આધારભૂત માહિતીને આધારે ડીઆરઆઈના અધિકારીઓએ ૨.૫ કરોડ રૂપિયાના બોફેન્ગ બીએફ-૮૮૮એસ વૉકી-ટૉકી અને ૬.૭૫ કરોડ રૂપિયાની ઈ-વેસ્ટ તરીકે માનવામાં આવતી સેકન્ડ હેન્ડ એચડીડી જપ્ત કરી હતી.અધિકારીના જણાવ્યા મુજબ ૨૧ કરોડ રૂપિયાની પરચુરણ ઈલેક્ટ્રોનિક પ્રોડક્ટ્સમાં આ પ્રતિબંધિત વસ્તુઓ છુપાવવામાં આવી હતી. વિગતો છુપાવવા માટે ચીનથી આઠ કન્ટેઈનરમાંથી ૩૦.૨૫ કરોડ રૂપિયાનું આખું કન્સાઈન્મેન્ટ મોકલવામાં આવ્યું હતું. બોફેન્ગ બીએફ-૮૮૮એસ વૉકી-ટૉકી ભારતના ડિપાર્ટમેન્ટ ઑફ ટેલિકમ્યુનિકેશન્સ દ્વારા બ્લૅકલિસ્ટ કરવામાં આવી છે, કારણ કે તે માન્ય ફ્રિક્વન્સીથી બહાર પણ કાર્ય કરે છે અને તેનો ઉપયોગ અનધિકૃત સંચાર માટે થઈ શકે છે, જે રાષ્ટ્રીય સુરક્ષા માટે હાનિકારક હોઈ શકે છે. આવાં ઉપકરણો માટે વિશેષ લાઈસન્સની આવશ્યકતા હોય છે. સેકન્ડ હેન્ડ એચડીડી ડિરેક્ટરેટ જનરલ ઑફ ફોરેન ટ્રેડ્સની અધિકૃત પરવાનગી વિના આયાત કરી શકાય નહીં. આ અંગે વધુ તપાસ કરવામાં આવી રહી છે.

# ગોરેગામમાં બહુમાળી બિલ્ડિંગમાં આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગોરેગામ (પૂર્વ)માં ગોકુલ ધામ કોલોનીમાં રવિવારે સાંજે ૨૪ માળની બિલ્ડિંગમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. મોડી રાત સુધી આગ પર નિયંત્રણ મેળવી શકાયું નહોતું. આગમાં એક મહિલા જખમી થતા તેને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી.

ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ ગોરેગામ પૂર્વમાં ડિસ્ટ્રિક્ટ કોર્ટ નજીક ક્રિષ્ણા વાટિકા માર્ગ પર ગોકુલધામ કોલોની આવેલી છે, જેમાં ગ્રાઉન્ડ પ્લસ ૨૪ માળની લક્ષ્યચંડી બિલ્ડિંગ આવેલી છે. રવિવારે રાતના લગભગ સવા સાત વાગ્યાની આસપાસ બિલ્ડિંગના છઠ્ઠા માળ પર આગ ફાટી નીકળી હતી. ઘટના સ્થળે ફાયરબ્રિગેડ પહોંચી ગઈ હતી અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. આગને કારણે બિલ્ડિંગના રહેવાસીઓમાં ગભરાટ ફેલાઈ ગયો હતો.

મોટાભાગના રહેવાસીઓ નીચે ઉતરી આવ્યા હતા. પ્રાથમિક માહિતી અનુસાર આગની દુર્ઘટનામાં એક મહિલાને ઈજા થતા તેને ટ્રોમા કેર હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. તેમ જ મોડી રાત સુધી આગ બુઝાવવાની કામગીરી ચાલી હતી.

# ઠાકરે ગ્રૂપમાં ફરી ભંગાણના એંધાણઃ માતોશ્રીમાં બેઠકોનો દોર

મુંબઈ: શિવસેના (ઉદ્ધવ ઠાકરે)માં ફરી એક વખત બળવો થવાનો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. દિલ્હીમાં સાંસદોની થયેલી બેઠકમાં નારાજગી સામે આવી છે. પક્ષના નેતૃત્વ સામે સવાલો થઈ રહ્યા છે અને આદિત્ય ઠાકરેની સક્રિયતા પણ આંગળી ચીંધવામાં આવી હોવાનું માનવામાં આવે છે. પક્ષમાં ફરી બળવો થાય અને બચેલા સાંસદો પણ પક્ષ છોડી તે પક્ષના અસ્તિત્વ સામે જ સવાલો ઊભા થઈ જાય એવી શક્યતા વચ્ચે ઉદ્ધવ ઠાકરેએ માતોશ્રીમાં તાત્કાલિક ધોરણે મીટિંગ બોલાવી હતી, તેને કારણે પાર્ટીમાં અંદર બધુ સમુસુતરું ન હોવાનું જણાઈ આવ્યું છે. શિવસેના (સંયુક્ત)માં ભંગાણ પડયા બાદ અત્યાર સુધી ઉદ્ધવ ઠાકરે સાથે રહેલા વિધાનસભ્યો અને સાંસંદો ‘ઓપરેશન ટાઈગર’નો શિકાર બને એવી સંભાવનાને કારણે ઉદ્ધવ ગ્રૂપની બેચેની વધી ગઈ છે.

સાતારામાં આયોજિત ચતુર્થ મંદિર પરિષદમાં સમગ્ર રાજ્યમાંથી ૧ હજારથી વધુ મંદિર પ્રતિનિધિઓની ઉપસ્થિતિ !

# મંદિરોની તમામ સમસ્યાઓ માટે સીએમ સાથે બેઠક યોજી ઉકેલ લાવીશું: ભરત ગોગાવલે

સાતારા: મંદિરો સુરક્ષિત તો ધર્મ સુરક્ષિત ! મંદિર મહાસંઘે એકઠા થઈને મંદિરોની જે ‘વજ્રમૂઠ’ (મજબૂત એકતા) બનાવી છે, તેને સરકારનું પૂર્ણ સમર્થન રહેશે. મંદિરો માટે ભૂમિ વેચાતી લેતી સમયે અથવા હસ્તાંતરણ કરતી સમયે મુદ્રાંત શૂલ્ક (સ્ટેમ્પ ડ્યૂટી)માં રાહત મળવી જોઈએ, એ મંદિરોની માગણી યોગ્ય છે અને તેના પર નાણાં વિભાગ સાથે ચર્ચા કરીને નીતિગત નિર્ણય લેવામાં આવશે ! મંદિરોની જમીન હડપ કરનારાઓને રોકવા માટે સરકાર ‘ઍંટી લેંડ ગ્રેબિંગ’ કાયદાની તર્જ પર વધુ કડક પગલાં લેવાનું વિચાર કરી રહી છે. આ પરિષદમાં જે ઠરાવો પસાર થશે, તેમજ મંદિરોની જે પણ માગણીઓ અને સમસ્યાઓ હશે, તેના પર મુખ્યમંત્રી સાથે વિશેષ બેઠક બોલાવીને સકારાત્મક ઉકેલ લાવવામાં આવશે, તેવી નિષ્ચિતિ ફળઉત્પાદન અને રોજગાર બાંયધરી મંત્રી ભરતશેઠ ગોગાવલેએ આપી.

મહારાષ્ટ્ર મંદિર મહાસંઘ, મુંબઈની શ્રી જીવદાની દેવી સંસ્થા, શ્રી જ્યોતિર્લિંગ ભીમાશંકર દેવસ્થાન અને હિંદુ જનજાગૃતિ સમિતિના સંયુક્ત ઉપક્રમે ૨૨ માર્ચના દિવસે સાતારાના સ્વરાજ મંગલ કાર્યાલય, કોરેગાંવ રોડ ખાતે ચતુર્થ ‘મહારાષ્ટ્ર મંદિર ન્યાસ પરિષદ’નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરિષદમાં તેઓ બોલી રહ્યા હતા. આ પરિષદમાં સમગ્ર મહારાષ્ટ્રમાંથી ૧ હજારથી વધુ આમંત્રિત મંદિરના ન્યાસીઓ, પ્રતિનિધિઓ, પુરોહિતો, મંદિરોની રક્ષા માટે લડતા વકીલો અને અભ્યાસુઓ સહભાગી થયા હતા. કાર્યક્રમનું સંચાલન હિંદુ જનજાગૃતિ સમિતિના સૌ. ભક્તિ ડાફળેએ કર્યું.

પ્રારંભમાં મંદિર મહાસંઘના સાતારા જિલ્લા સમન્વયક શિવાજીરાવ તુપેએ જણાવ્યું કે, “આ પરિષદમાં આપ સૌ સનાતન ધર્મના પ્રતીક એવાં મંદિરોના પ્રતિનિધિ તરીકે ઉપસ્થિત છો. આ પરિષદમાં ચર્ચા કરાતા વિવિધ વિષયોને પ્રત્યક્ષ મંદિર સ્તરે કાર્યરત કરવાનો સંકલ્પ કરીએ.” મંદિર મહાસંઘના પ્રેરણાસ્રોત અને સનાતન સંસ્થાના સંસ્થાપક સચ્ચિદાનંદ પરબ્રહ્મ ડો. જયંત આઠવલેજી દ્વારા આપવામાં આવેલા સંદેશનું વાચન સદ્ગુરુ સત્યવાન કદમ દ્વારા કરવામાં આવ્યું. મહાસંઘના રાષ્ટ્રીય સમન્વયક શ્રી. સુનીલ ઘનવટે મંદિર મહાસંઘનો પ્રવાસ, મંદિરો સામેના પડકારો અને આગામી સમયમાં મંદિરોએ સંગઠિત થઈને શું કરવું જોઈએ તે અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું. મંદિરોનો પૈસો હિંદુઓના કલ્યાણ માટે જ વપરાવો જોઈએ; મંદિરોની એક ઇંચ ભૂમિ પણ વક્ફના કબજામાં રહેવા દઈશું નહીં ! – સુનીલ ઘનવટ, રાષ્ટ્રીય સમન્વયક, મંદિર મહાસંઘ મંદિર મહાસંઘે ૧૭ હજાર મંદિરોનું સંગઠન ઊભું કર્યું છે અને મંદિર મહાસંઘ એ મંદિરો અને સરકાર વચ્ચેની કડી છે. રાજ્યમાં મંદિરોની ભૂમિ હડપ કરવાનું કાવતરું બહાર આવ્યું છે અને તે ભૂમિ પાછી મેળવવા માટે મહાસંઘ પ્રયત્નશીલ છે. સોમેશ્વર મંદિરોની ૫૦ કરોડ રૂપિયાની ભૂમિ માત્ર ૯૬૦ રૂપિયામાં વેચવામાં આવી. આવા અનેક પ્રકાર પ્રકાશમાં આવી રહ્યા છે અને અમે હવે પછી આવું સહન કરીશું નહીં. હિંદુઓના તીર્થધામોની પવિત્રતા જાળવવા માટે મંદિર મહાસંઘે આક્રમક વલણ અપનાવ્યું છે. મંદિરોની ૧૦૦ મીટરની પરિઘમાં દારૂ અને માંસના વેચાણની દુકાનો ન હોવી જોઈએ અને આ મર્યાદા વધારીને ઓછામાં ઓછી ૫૦૦ મીટર કરવી જોઈએ. વક્ફ બોર્ડના કબજામાં રહેલી લાખો એકર જમીન હિંદુઓના અધિકારો છીનવી રહી છે. કેંદ્ર સરકારે વક્ફ કાયદામાં સુધારા કર્યા છે; પરંતુ મંદિરોની હજારો એકર જમીન હજુ પણ વક્ફના કબજામાં છે. આગામી સમયમાં એક ઇંચ જમીન પણ ‘વક્ફ’ પાસે રહેવા દઈશું નહીં.

છેલ્લા પાનાનું ચાલુ

## રાજ્ય સરકારના

પુરવઠો મળશે, તેવી માહિતી રાજ્યના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા પ્રધાન છગન ભુજબળે આપી હતી. કેન્દ્ર સરકારે રાજ્યની હોટલો, ઢાબા, રેસ્ટોરન્ટ્સ, ઔદ્યોગિક કેન્ટીન, ફૂડ પ્રોસેસિંગ-ડેરી ઉદ્યોગ, રાજ્ય સરકાર અથવા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવતી અનુદાનિત કેન્ટીન અને કમ્યુનિટી કિચન માટે ૨૦ ટકા એલપીજી પુરવઠો પૂરો પાડવાના નિર્દેશ આપ્યા છે.

કમર્શિયલ એલપીજીના વિતરણ અંગેના કેન્દ્રના આ નિર્ણયથી હોટલ સંચાલકોને મોટી રાહત મળશે. સરકારના આ નિર્ણય બાદ હવે રાજ્યમાં કમર્શિયલ ગેસ સિલિન્ડર ઉપલબ્ધ થશે. જેના કારણે પુણે અને મુંબઈ જેવા મોટા શહેરોમાં હોટલ વ્યવસાય ફરી પૂર્ણ ક્ષમતા સાથે શરૂ થવાની શક્યતા છે.બીજી તરફ, ઘરેલુ ગેસ સિલિન્ડરની અછત હજુ પણ યથાવત છે.

## મુંબઈગરા

છે. વેસ્ટર્ન ડીસ્ટર્બન્સ સિસ્ટમને કારણે માર્ચના પહેલા પખવાડિયામાં મુંબઈ અને થાણેમાં ત્રણ વખત ગરમીનું મોજું ફરી વળ્યું હતું અને મુંબઈના અનેક વિસ્તારમાં તાપમાનનો પારો ૪૨ ડિગ્રીની આસપાસ પહોંચી ગયો હતો. એ બાદ ગયા અઠવાડિયામાં મુંબઈ સહિત સમગ્ર રાજ્યમાં ગરમીથી હળવી રાહત મળી હતી. ગયા અઠવાડિયામાં મહારાષ્ટ્રના અનેક વિસ્તારમાં તોફાની પવનો,વાવાઝોડા અને કરા પડવાને કારણે મુંબઈ અને તેના પડોશી જિલ્લાઓમાં ગરમીના સ્તરમાં ઘટાડો જોવા મળ્યો હતો. દિવસનું તાપમાન ૩૦થી ૩૧ ડિગ્રીની આસપાસ પહોંચી ગયું હતું. વેસ્ટર્ન ડીસ્ટર્બન્સની અસર ઓછી થવાની સાથે જ હવે ફરી એક વખત આકરી ગરમી પડવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે, જેની અસર રવિવારે મુંબઈમાં જણાઈ હતી. દિવસ દરમ્યાન ગરમી અને ઉકળાટનો અનુભવ થયો હતો. દિવસના સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૬.૪ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૧૯.૮ ડિગ્રી નોંધાયું હતું. હજી એક દિવસ પહેલા જ એટલે કે શનિવારે સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૩.૯ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે રવિવારે કોલાબામાં મહત્તમ તાપમાન ૩૪.૨ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૨.૨ ડિગ્રી નોંધાયું હતું અને શનિવારે મહત્તમ તાપમાન ૩૨.૫ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૨.૪ ડિગ્રી નોંધાયું હતું.

આ દરમ્યાન સોમવાર, ૨૩ માર્ચ અને ૨૪ માર્ચ, મંગળવારના આ બે દિવસ ફરી મુંબઈ તેમ જ કોંકણ રિજનમાં થાણે, રત્નાગિરી, રાયગઢ જિલ્લામાં ગરમ અને ભેજવાળા વાતાવરણની સ્થિતિ રહેશે. હવામાન વિભાગે બે દિવસ આ વિસ્તારો માટે યલો અલર્ટની ચેતવણી આપી છે અને તાપમાનનો પારો ૩૬ ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા છે. હવામાન વિભાગે તાપમાનમાં વધારા માટે દરિયા પરથી ફૂંકાતા પવનો અને પશ્ચિમી પવનોને જવાબદાર ગણાવ્યા છે.

મુંબઈ, થાણે વિસ્તારમાં માર્ચ મહિનામાં અત્યાર સુધી ત્રણ વખત ગરમીનું મોજું ફરી વળ્યું છે, જેમાં પહેલી હિટવેવ ૪ અને ૫ માર્ચ દરમ્યાન ત્યારબાદ ૯ અને ૧૦ માર્ચ દરમ્યાન તીવ્ર હિટવેવ અને ૧૩ માર્ચે ત્રીજી વખત ગરમીનું મોજું ફરી વળ્યું હતું. મુંબઈમાં માર્ચ મહિનામાં અત્યાર સુધીનો ગરમીનો રેકોર્ડ ૧૯૫૬માં ૪૧.૭ ડિગ્રીનો રહ્યો છે.

## ૪૫ લાખની

ડિપાર્ટમેન્ટ દ્વારા સમસ્યા ઊભી કરવામાં આવી હોવાથી આંગડિયાની ઑફિસ બંધ રાખવામાં આવી હોવાનું યુવાને કહ્યું હતું.

વિશ્વાસ રાખી ફરિયાદીએ સોનાની ૧૪ બંગડીવાળો ડબ્બો આંગડિયાના કર્મચારીને સોંપ્યો હતો અને બદલામાં સોનાની ત્રણ બિસ્કિટ લીધી હતી. કંપની માલિકની સૂચનાથી ફરિયાદીએ ઝવેરીબજારમાં બિસ્કિટની તપાસ કરતાં તે સોનાની નહીં, પણ કૉપર અને ઝિંકની હોવાનું માલૂમ પડ્યું હતું. ફરિયાદીએ તાત્કાલિક મસ્જિદ બંદરની હોટેલ નજીક પહોંચી આંગડિયાની ઑફિસની શોધ કરી હતી. જોકે આંગડિયાનું સરનામું ખોટું હોવાની ખાતરી થતાં પોતે છેતરાયાની જાણ ફરિયાદીને થઈ હતી. આ પ્રકરણે પોલીસનો સંપર્ક સાધતાં પાયધુની પોલીસે શુક્રવારે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

## જેલમાંથી

પંડિત અગાઉ શુભમ લોણકરનો સાથી હતો અને શેટ્ટી ટાવર પર ગોળીબારનું કાવતરું શુભમે ઘડ્યું હોવાનું પોલીસનું કહેવું છે. શુભમ લોણકરને ઇશારે જ બાન્દ્રામાં એનસીપીના નેતા બાબા સિદ્દીકીની ગોળી મારી હત્યા કરવામાં આવી હતી.

બાબા સિદ્દીકી હત્યા કેસના ફરાર આરોપી શિવમ દુબેના કહેવાથી ગોલુએ જેલમાં બેઠાં બેઠાં શૂટરની પસંદગી કરી હતી. તે સમયે ગોલુ રાજસ્થાનમાં રાજુ કટોરિયા પર ગોળીબારના કેસમાં તિહાર જેલમાં બંધ હતો.

પોલીસ તપાસમાં જણાયું હતું કે શેટ્ટી ટાવર પર ગોળીબારના ગણતરીના દિવસો પહેલાં જ ગોલુ પંડિત જામીન પર છૂટ્યો હતો. રોહિત શેટ્ટીના ઘર પર ગોળીબારના કાવતરાને અંજામ આપવા માટે શૂટર અને અન્ય માણસોની સગવડ તેણે કરી હતી. એ સિવાય આ ટીમને આર્થિક અને અન્ય મદદો પણ પૂરી પાડી હોવાનું તપાસમાં જણાયું હતું. આ પ્રકરણે પોલીસ ગોલુની વધુ પૂછપરછ કરી રહી છે.

## સાયન બ્રિજ

માટે બંધ કરી દેવામાં આવ્યો હતો. સાયન ફ્લાયઓવરમાં રેલવે પાટા ઉપરના બ્રિજના હિસ્સાનું કામ રેલવે દ્વારા અને બંને તરફના અપ્રોચ રોડ સહિત ફૂટ ઓવર બ્રિજ અને પબ્લિક અંડર પાસનું કામ પાલિકા કરી રહી છે. સાયન બ્રિજ બંધ થઈ જવાથી સ્થાનિકો છેલ્લાં બે વર્ષથી ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. રાહદારીઓને અને વાહનોને લાંબો રૂટ વાપરવો પડે છે. એડિશનલ કમિશનર (પ્રોજેક્ટ) અભિજિત બાંગરે તાજેતરમાં સાયન ફ્લાયઓવરના ચાલી રહેલા કામનું ઈન્સ્પેક્શન કર્યું હતું. એ બાબતે તેમણે જણાવ્યું હતું કે નાગરિકોને થઈ રહેલી અસુવિધાને દૂર કરવા માટે એલબીએસ રોડ પર અંડરપાસનું કામ પૂરું થઈ જતા તેને નાગરિકો માટે ખુલ્લો મૂકવામાં આવ્યો છે. જ્યારે ધારાવી બાજુ પર બીજા અંડરપાસનું કામ ચાલી રહ્યું છે.

રાહદારીઓને પૂર્વ-પશ્ચિમ જવા માટેનો ફૂટ ઓવર બ્રિજ અગાઉ જ ખુલ્લો મૂકી દેવામાં આવ્યો છે. પશ્ચિમમાં ફ્લાયઓવરનું કામ ચાર તબક્કામાં ચાલી રહ્યું છે અને આ તમામ કામ ૩૧ મે, ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે. તાજેતરમાં સાઈટ પર ઈન્સ્પેક્શન દરમ્યાન એડિશનલ કમિશનર બાંગરે પાલિકા અધિકારીઓને રેલવે અધિકારીઓ અને ટ્રાફિક પોલીસ સાથે સંકલન કરીને ઝીણવટપૂર્વક આયોજન કરીને વધારાનું માનવબળ અને મશીનરીની મદદથી કામ ઝડપથી ૩૧ જુલાઈ સુધીમાં પૂર્ણ કરવાનો નિર્દેશ આપ્યો હતો. આ દરમ્યાન જૂના રેલવે પુલનો ઉત્તર તરફનો ભાગ તોડી પાડવામાં આવ્યો છે અને દક્ષિણ ભાગ તરફ કામ ચાલી રહ્યું છે. ઉત્તર ભાગમાં ગર્ડર બેસાડયા બાદ પૂર્વીય એપ્રોચ રોડ પાલિકા પ્રશાસનને સોંપવામાં આવશે. બ્રિજ ડિપાર્ટમેન્ટના અધિકારીએ જણાવ્યું હતું કે અંતિમ ગર્ડર મેના અંત સુધીમાં પૂર્ણ થવાની ધારણા છે અને પૂર્વીય બાજુના કામ પૂર્ણ થવામાં હજી ૩૦થી ૪૫ દિવસનો સમય લાગી શકે છે.

## ફરી કમોસમી

અને કાંદા સહિતના અનેક પાકને નુકસાન થયું હતું. હવે ફરી એક વખત સોમવાર અને મંગળવારે રાજ્યમાં કમોસમી વરસાદની ચેતવણી આપી છે, જેમાં પરભણી, બીડ, ધારાશિવ, લાતુર, પુણે, સાંગલી, કોલ્હાપુર, સાતારા, નાંદેડ, હિંગોલી, ગોંદિયા, યવતમાળ, ચંદ્રપુરમાં વરસાદ પડવાની શક્યતા છે.

# જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

સાવર કુંડલા (હાલ બોરીવલી) સ્વ. શાંતાબેન સોમચંદ વનમાળીદાસના પુત્ર પ્રભુદાસ સોમચંદ દોશી ૨૨.૩.૨૬ રવિવારના અરિહંત શરણ પામેલ છે. તે નીલાબેનના પતિ. સુનિલ- હર્ષા, રાજુ - મીતા અને જીજ્ઞા - સુજીતકુમારના પિતા. તે સુરેશભાઈ - રેખાબેન, નિર્મલાબેન,પુષ્પાબેન, હંસાબેનના ભાઈ. તે નિલેશ, નિકુંજ, ચાર્મી રુચિક કુમારના મોટા પપ્પા. તેઓ અમૃતલાલ વીરચંદ દોશી (શેલણા વાળા)ના જમાઈ. પ્રાર્થનાસભા લોટસ બેન્કવેટ, ચોથા માળે, રઘુલીલા મોલ, પોઈસર ડેપોની પાછળ, બોરીવલી વેસ્ટ. ૨૪- ૩- ૨૬ મંગળવાર સવારે ૧૦ થી ૧૨ કલાકે છે.

**પાટણ જૈન**

મહાલક્ષ્મી મહેતાના પાડાના હાલ મુંબઈ મુકામે માલતીબહેન શાહ (ઉં.વ.૮૫) તે સ્વ માણેકલાલ સ્વરૂપચંદના સુપુત્રી, તે તુષાર તથા સંજયના માતૃશ્રી, તે લજ્જાબહેન તથા મનિષાબહેનના સાસુ. તે સ્વ કીતિભાઈ, સ્વ રજની ભાઈ, સ્વ દીપકભાઈ, શરદભાઈ, સ્વ. જસવંતીબહેન, સ્વ હેમલતાબહેન, સ્વ. અરુણાબહેન તથા જીનબાળાના બહેન, તે રેનીસા, તનવી તથા સરગમના દાદી. ૨૧.૩.૨૬ના અરિહંત શરણ પામેલ છે. પ્રાર્થના સભા ૨૪.૩.૨૬ના ૫ થી ૭, આઈએમએ હોલ, વિલેપાર્લે, ગુરુનાનક રોડ, પીવીઆર પાસે, જુહુ, મુંબઈ, ૪૯.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

માંગરોળ નિવાસી હાલ કાંદિવલી અ.સૌ ભારતીબેન અશ્વિનભાઇ શાહ (ઉં.વ.૮૨) તે દર્શન તથા મનીષાના માતુશ્રી. મનીષ શાહ તથા બીજલના સાસુ. સ્વ. ત્રિભુવનદાસ અંદરજી શાહના પુત્રવધૂ. સ્વ. જયંતીલાલ જેઠાલાલ વોરાના દીકરી. તે ૨૧/૩/૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ત્રગડી (સંભવપુર)ના ખીમજી જેઠા મારૂ (ઉં.વ.૭૫) ૨૧-૩-૨૬ના અવસાન પામેલ છે. ભચીબાઇ જેઠા કેશવના પુત્ર. પ્રભાબેનના પતિ. જીજ્ઞા, જસ્મીન, શ્વેતા, શ્રદ્ધા, કીર્તીના પિતાશ્રી. ભાણબાઇ, વેલબાઇ, મણીબાઇ, ઝવેરબેન, કસ્તુરના ભાઇ. ખારૂઆના ઉમરબાઇ આણંદજી વેલજીના જમાઇ. પ્રા. શ્રી વ.સ્થા.જૈન શ્રા. સં.સં. કરસન લધુ નિસર હોલ, દાદર (વે.) ૨ થી ૩.૩૦. નિ. કીર્તી ખીમજી મારૂ, ૧૪, દત્તાત્રેય નિવાસ, કોપર રોડ, ડોંબીવલી (વેસ્ટ).

**ગોડવાડ ઓસવાલ જૈન**

મરુધરમા નાડોલ(રાજ.) (હિંમતનગર)ના વતની, સ્વ. શ્રીમંત શા. ધનરાજજી ભૂરમલજી બાલગોતા પરમારનું અરિહંત શરણ ૨૧/૩/૨૬ના રોજ (ઉં.વ.૯૮) (હાલઃ બોરિવલી-વેસ્ટ,) સ્વ. સુકનીબાઈના પતિ. સ્વ. મૂલચંદ, સ્વ. સાયરબાઈ, સ્વ. મૂરીબાઈના ભાઈ. પુષ્પાબાઈ, મંજુબાઈ, સ્વ. જયંતીલાલ, સ્વ. કાંતિલાલ, સુભાષના પિતા. સવિતાબાઈ, રમેશ, મહેન્દ્ર, કનક, સૂરેશ, પદમાના કાકા. સંગીતા, લલિત, હીના, મનીષા, સોનલ, કવિતા, મેહુલ, શેફાલી, રાહુલ, ધવલ, જુગલ, જિનલ, સંકિત, નિકુલ, નેહલ, પ્રિયંકા, નેહા, ખુશ્બુ, વીરલ તથા યશના દાદા. તેમના આત્મ-શ્રેયાર્થે શ્રી શત્રુંજય ભાવવંદના ૨૩/૦૩/૨૦૨૬ સોમવારના રોજ સવારે ૧૧. થી ૧. શ્રી તપગચ્છ ઉદય કલ્યાણ જૈન શ્વે.મૂ.પૂ. ટ્રસ્ટ, શ્રી મહાવીરસ્વામી જૈન દેરાસર, શ્રી રામચંદ્રસૂરીજી આરાધના ભવન, મ્યુનિસિપલ ગાર્ડનની પાસે, ચંદીવરકર રોડ, બોરિવલી - વેસ્ટ ખાતે રાખેલ છે.

**રાધનપુર તીર્થ જૈન**

રાધનપુર નિવાસી હાલ મુંબઇ વસુમતીબેન કાંતિલાલ કોઠારીના સુપુત્ર ગીરીશભાઇ (ઉં. વ. ૭૦) તે દક્ષાબેનના પતિ. ડિમ્પલ રાકેશભાઇ સોની, શ્રીપાળના પિતાશ્રી. તે અશ્રુબેન, સ્વ. દીનેશભાઇ, સ્વ. ભરતભાઇ, કલ્પનાબેન, મયૂરીબેનના ભાઇ. પ્રીતીબહેન, સ્વ. આશાબેનના દીયર. તે પ્રિયાશુંના નાના. તે કાંતાબેન રતીલાલ વોરાના જમાઇ. તા. ૨૨-૩-૨૬ના રોજ અરિહંતશરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**રુવાઇ જ્ઞાતિ જૈન**

સ્વ. ચંદનબેન કાંતિલાલ મોતીચંદ શાહના સુપુત્ર અતુલભાઇ શાહ (ઉં. વ. ૭૫) તે જયશ્રીબેનના પતિ. સ્વ. સુધીરભાઇ, સ્વ. અશ્વીનભાઇના ભાઇ. ગૌરિક પ્રિયંકા, ઝીંકલના પિતા. તા. ૨૨-૩-૨૬ના સ્વર્ગવાસ પામ્યા છે. તેનું બેસણું સોમવાર, તા. ૨૩-૩-૨૬ના સાંજે ૪થી ૬. ઠે. ભારતીય વિદ્યા ભવન, ચોપાટી, મુંબઇ-૨.

## કલ્યાણ સ્ટેશન

ડાઉન લાઇન પર વીજ પુરવઠો બંધ કરવામાં આવ્યો હતો, જેના કારણે બે આઉટસ્ટેશન ટ્રેનો અને ત્રણ ઉપનગરીય લોકલ ટ્રેનો ખોરવાઈ ગઈ હતી, એમ મધ્ય રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી સ્વપ્નિલ નીલાએ જણાવ્યું હતું.

આ લખાઈ રહ્યું છે ત્યારે અધિકારીઓ દ્વારા થાંભલા પરથી વ્યક્તિને બચાવવાના પ્રયાસો ચાલી રહ્યા હતા. રેલવે સ્ટાફ અને કટોકટી ટીમો ઘટનાસ્થળે હાજર છે. દિવસ દરમિયાન મધ્ય રેલવેની મુખ્ય લાઇન પર ઉપનગરીય સેવાઓમાં આ બીજો મોટો વિક્ષેપ છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે થાણે જિલ્લાના ખડવલી રેલવે સ્ટેશન પર ક્રેનનો ઝિપ વાયર ઓવરહેડ વાયર સાથે ફસાઈ જતાં સવારે ટ્રેન સેવાઓ ખોરવાઈ ગઈ હતી. પ્લેટફોર્મ વિસ્તરણ કાર્ય માટે સવારે ૨.૪૫ થી ૪ વાગ્યા સુધી નિર્ધારિત ક્રેન બ્લોક દરમિયાન કસારા-કલ્યાણ વિભાગમાં આ વિક્ષેપ પડ્યો હતો. કલ્યાણ અને કસારા વચ્ચે ટ્રેનોની અવરજવર સવારે ૬ વાગ્યા પછી ફરી શરૂ થઈ હતી, એમ તેમણે જણાવ્યું હતું. (પીટીઆઈ)

# પારસી મરણ

**ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.**

# હિન્દુ મરણ

**કચ્છી ભાટિયા (બેરાઈ)**

ગં.સ્વ. મીના મહેન્દ્ર ચત્રભુજ આસર (ઉં.વ. ૮૧), સ્વ. ગુણવંતી ગોરધનદાસ દુતિયાના પુત્રી. ધીરેન, ભારતી કલવાણી, કિરણના માતુશ્રી, હીના આસર તથા જયેશ કલવાણીના સાસુ. સિદ્ધાર્થ, ઉન્નતિ, ઉર્વી ધીનોજાના દાદી - નાની ૨૧/૩/૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થના સભા ૨૪/૩/૨૬ના રોજ ૫ થી ૬.૩૦. બાલકનજી બારી, રાજાવાડી ગાર્ડન સામે, ઘાટકોપર (પૂર્વ). લૌકિક વ્યવ્હાર બંધ છે.

**ઘોઘારી લોહાણા**

દેવડાવાળા, હાલ બોરીવલી ગં. સ્વ. નિર્મળાબેન વ્રજલાલભાઈ રૂપારેલિયા (ઉં.વ.૯૧) તે ૨૦/૩/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. વ્રજલાલ મોહનલાલ રૂપારેલિયાના ધર્મપત્ની. આકોટવાળા સ્વ. શામજી ગોવિંદજી સાદરાણીના સુપુત્રી. હિના, દીપા તથા પ્રીતિના માતુશ્રી. ગ.સ્વ. લીલાબેન હરિભાઈ તન્ના, સ્વ. તારાબેન જસાણી, સ્વ. શાંતિબેન ચંદારાણા, ગ.સ્વ. સાવિત્રીબેન જસાણી તથા સ્વ. ધનસુખભાઈ સાદરાણીના બહેન. લૌકિક વ્યવહાર બંધ છે.

**નવગામ વિસાનગર વણિક**

ગામ ચરાડા હાલ કાંદિવલીના અં. સૌ. કેતકી ચેતન શાહ (ઉં. વ.૬૩) ૨૧-૩-૨૬ના શ્રીજીચરણ પામેલ છે તે ગં. સ્વ. સુશીલાબેન જયંતીલાલ શાહની સુપુત્રી. હર્ષિલ અને સલોનીના મમ્મી. ગ.સ્વ. સુભદ્રાબેન નવનીતલાલ શાહના પુત્રવધુ. શરદ અને આશિષના ભાભી. નિધિ અને પાર્થના સાસુ. નયના, નીલેશ, અને મીના ની બેન. તેમની પ્રાર્થનાસભા ૨૩-૩-૨૬ સોમવારે સાંજે ૫ થી ૭ શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, પારેખ લેન કોર્નર, એસ વી રોડ, કાંદિવલી (વે) રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. ચક્ષુદાન કરેલ છે.

**લુહાર સુથાર**

ગામ મેઢાવાળા હાલ બોરીવલી સ્વ. લીલીબેન નરોત્તમદાસ હરસોરા (ઉં.વ.૮૦)૨૦/૩/૨૬ના રોજ રામશરણ પામેલ છે. તે સ્વ. નરોત્તમદાસ નારણભાઇ હરસોરાના ધર્મપત્ની, સ્વ. કાળુભાઇના ભાભી. હિંમતભાઈ, જનકભાઈ, દિનેશભાઇ, ભરતભાઈ, હંસાબેન ચંદુલાલ ઉમરાળીયાના માતુશ્રી. સ્વ. કેશવભાઈ, સ્વ.ભગવાનભાઈ, ગિરધરભાઈ, દલપતભાઈ વાલજીભાઇ પરમારના બહેન. ગીતાબેન, ભાવનાબેન, હીનાબેન, જીજ્ઞાબેન, બીનાબેન, હેતલબેનના સાસુ. તેમની બંનેપક્ષની પ્રાર્થનાસભા ૨૩/૩/૨૬ના રોજ ૫ થી ૭ કલાકે લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ ૩, અંબા માતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ રાખેલ છે.

**પરજીયા સોની**

ગોંડલવાળા હાલ મીરા રોડ સ્વ. કાંતાબેન અને સ્વ.બાબુભાઇ જમનાદાસ સતીકુંવરના પુત્ર જીતેન્દ્રભાઈ (ઉં.વ.૫૫) શુક્રવારે ૨૦/૩/૨૬ના શ્રીજીચરણ પામ્યાં છે, તેઓ પરેશભાઈ, મીનાબેન, ભારતીબેન, રશ્મીબેનના નાના ભાઈ. ચાર્મીના પિતાશ્રી. ગીતાબેનના દિયર. મિલન, મનોજના કાકા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પરજીયા સોની**

બગસરાવાળા હાલ મીરા રોડ સ્વ શાંતિલાલ કાંથડભાઈ તથા સ્વ. દેવીયાનીબેન શાંતિલાલ ધોરડાના સુપુત્ર મનીષ શાંતિલાલ ધોરડા (ઉં.વ.૫૭) તે ૨૦/૩/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે તે વર્ષાબેન નરેન્દ્રભાઈ ઘઘડા, નીતાબેન ગિરિધરલાલ સતીકુવર,નીરુપાબેન સંજય ધનિક, અને જતીન શાંતિલાલ ધોરડાના ભાઈ, સ્વ. કલ્પના જતીનભાઇ ધોરડાના દિયર તથા અક્ષય જતીનભાઈ ધોરડા તથા કૃપા ક્રિષ્નીલકુમાર જોગીયાના કાકા, ખુશ્બુ અક્ષય ધોરડાના કાકાજીસસરા. તેમની પ્રાર્થનાસભા તા,૨૩/૩/૨૬ને સોમવારે સવારે ૧૦ થી ૧૨ના રોજ સોનીવાડી શીમ્પોલી સિગ્નલ પાસે બોરીવલી વેસ્ટ રાખેલ છે.


**સિહોર સંપ્રદાય ઔદીચ્ય અગિયારસે બ્રાહ્મણ**

કમળેજ નિવાસી (હાલ ભાવનગર) સ્વ. હીનાબેન (હીરાબેન) (ઉં.વ.૭૪) ૨૨.૩.૨૬ને રવિવારના રોજ કૈલાશવાસી થયેલ છે. તેઓ કિશોરચંદ્ર ભાનુશંકર જોષીના ધર્મપત્ની. વિમલભાઈ અને વિભાબેનના માતોશ્રી. ફાલ્ગુનીબેન અને ઈન્દ્રજીતકુમાર જાનીના સાસુમા. તેઓ શારદાબેન જયંતીલાલ દવે, સ્વ. નીતાબેન હર્ષદરાઈ જોષી, સ્વ.ચંદ્રકાન્તભાઈ, રમાબેન વિનોદરાય ભટ્ટ, યશવંતભાઇ, સ્વ. પ્રદ્યુમનભાઈ, સ્વ. મહેશભાઈ અને વિનોદભાઈના ભાભી. કુકડ નિવાસી બળવંતરાય નરોત્તમદાસ ત્રિવેદીના દીકરી. સાદડી સોમવાર તા. ૨૩.૩.૨૬ ડોક્ટર હોલ, મહિલા કોલેજ સર્કલ, ભાવનગર મુકામે સાંજે ૪-૬ રાખેલ છે.

**ઇડર ઔદીચ્ય ૪૫ જ્ઞાતિ**

મુડેટી નિવાસી હાલ મુંબઇ (નાલાસોપારા) સ્વ. કેતન જયંતીલાલ આચાર્ય (ઉં. વ. ૫૮) તા. ૧૯-૩-૨૬ ગુરુવારના દેવલોક પામ્યા છે. તે સ્વ. જયંતીલાલ ધનેશ્વર આચાર્ય અને સ્વ. તરુલતાબેન જયંતીલાલ આચાર્યના પુત્ર. આરાધનાબેનના પતિ. મહેશ અને મનીષના મોટાભાઇ. બીનાબેન અને મિત્તલબેનના જેઠ. ઋત્વિજ અને રાજવીના મોટા પપ્પા. ટીટોઇ નિવાસી સ્વ. કનુભાઇ પ્રહ્લાદજી રાવલના જમાઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા સોમવાર તા. ૨૩-૩-૨૬ના સાંજે ૫થી ૭. ઠે. લુહાર સુથાર જ્ઞાતિ, હિતેચ્છક મંડળ, કાર્ટર રોડ નં.૩, દત્તપાડા મેન રોડ, અંબાજી મંદિરની બાજુમાં. બોરીવલી (ઇસ્ટ). લૌકિક પ્રથા બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક** |
|---|---|---|


ARKTRAVELGROUP
Since 1981.
DREAM CRUISES
Ready For The First-Ever
Bhajan Jamming At Sea ?
Exclusively on Genting Dream
The Divine Voyage
Foam Party & DJ Night Included
Departure Ex Singapore
3N
INR 38,999 /-
Departure Dates:
26th May & 9th June 2026
*Port Charges & Gratuity Apply
Limited Edition Sailing
*T&C Apply

# મુખ્ય પ્રધાનની અમરેલીના આંતરમાળખાકીય વિકાસ માટે ₹ ૭૦૭ કરોડના ૨૪ વિકાસ પ્રકલ્પોની ભેટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે અમરેલી જિલ્લાની આંતરમાળખાકીય સુવિધાઓને વેગ આપતા અને જન સુખાકારીના રૂ. ૭૦૦ થી વધુ કરોડના ૨૪ વિકાસ કાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યું હતું. અમરેલી જિલ્લાની પ્રગતિને નવી દિશા આપતા પ્રજાલક્ષી વિકાસ કાર્યોની ભેટ આપી અમરેલી એ.પી.એમ.સી. ખાતે વિશાળ જનસભા સંબોધી હતી. આ સાથે જ ખેડૂતોના ઉત્પાદનોના રક્ષણ માટે રૂ. ૧૨ કરોડના ખર્ચે બે લાખ ચોરસ ફૂટમાં નિર્મિત ''વિરાટ'' શેડનું તકતી અનાવરણ કરી લોકાર્પણ કર્યું હતું.

અમરેલીમાં મુખ્ય પ્રધાનના વિકાસકાર્યોની ભેટ થકી આગામી સમયમાં લાઠી રોડ, રેલવે ફાટક પર રૂ. ૯૫ કરોડના ખર્ચે ઓવરબ્રીજ તૈયાર થશે. બાબાપુર માર્ગે રૂ.૩૫ કરોડના ખર્ચે કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ તૈયાર થવાની છે. વડિયા શહેર અને તાલુકાને પ્રથમ વિજ્ઞાન કૉલેજની સુવિધા મળી છે. યુવાનો માટે રૂ.૨૫ કરોડના ખર્ચે વિજ્ઞાન કેન્દ્ર અને રૂ. ૧૬ કરોડના ખર્ચે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ તૈયાર થઈ રહ્યા છે. ગત બજેટમાં લાઇબ્રેરી માટે રૂ. ૧૫ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. તાજેતરમાં જ વરસડા ખાતે રૂ. ૩૫ કરોડના ખર્ચે પાણી પુરવઠાના કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે.

ભૂપેન્દ્ર પટેલે અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરતા જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લાના વિકાસ માટે રાજ્ય સરકાર ઉદાર હાથે જોઈએ તેટલા નાણા આપશે. આ માટે જિલ્લાની વિકાસ કામોનું સુવ્યવસ્થિત આયોજન સાથે ગુણવત્તાયુક્ત કામ થાય તેની તકેદારી લઈ વિકાસ યાત્રાને આગળ ધપાવવા માટે અપીલ કરી હતી.

તેમણે ઉમેર્યું હતું કે, અમરેલી જિલ્લામાં ઔદ્યોગિક વિકાસ માટે એક નવી તત્પરતા પણ જોવા મળી રહી છે, તાજેતરમાં યોજાયેલી સૌરાષ્ટ્ર રિજનલ વાઇબ્રન્ટ સમિટમાં માત્ર અમરેલી જિલ્લાના વિકાસ માટે જુદા જુદા પ્રોજેક્ટમાં રોકાણ અર્થે આશરે ૩૬,૦૦૦ કરોડના એમ.ઓ.યુ. પણ થયા છે. તે ઉપરાંત એક નવી જી.આઈ.ડી.સી પણ મંજૂર કરવામાં આવી છે. ■

# રાહુલ ગાંધીનું આજે ગુજરાતમાં આગમન, વડોદરામાં 'આદિવાસી અધિકાર સંવિધાન સંમેલન'ને સંબોધશે

અમદાવાદઃ લોકસભાના વિપક્ષના નેતા રાહુલ ગાંધી તા. ૨૩ માર્ચે સોમવારના રોજ વડોદરા આવશે. જેમાં તેઓ ઓલ ઇન્ડિયા કૉંગ્રેસન સના આદિવાસી ડિપાર્ટમેન્ટ દ્વારા વડોદરામાં આયોજિત 'આદિવાસી અધિકાર સંવિધાન સંમેલન'માં તેઓ હાજરી આપશે અને આદિવાસી સમાજના હકો માટે લડતનું આહવાન કરશે. તે ઉપરાંત આદિવાસીઓના અધિકાર માટે લડત આપતા સ્વૈચ્છિક સંસ્થાઓ, યુવાનો અને પ્રબુદ્ધ નાગરિકો સાથે સંવાદ કરશે. રાહુલ ગાંધીના કાર્યક્રમની માહિતી આપવા માટે પત્રકાર પરિષદ યોજાઈ હતી જેને કૉંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડા, વિધાનસભાના વિપક્ષના નેતા તુષાર ચૌધરી, એઆઈસીસીના એસટી વિભાગના વિક્રમ ભુરીયા દ્વારા સંબોધવામાં આવી હતી. અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, અંબાજીથી ઉમરગામ સુધીના વિસ્તારના પ્રશ્નો ઉપર ચર્ચા કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. બપોરે ૧ થી સાંજે ૬ વાગ્યા સુધી આ સંવાદ યોજાશે. પ્રબુદ્ધ લોકો આ કાર્યક્રમમાં જોડાઈ ચર્ચા વિચારણા કરશે. રાહુલ ગાંધી એક કલાક રોકાશે અને તેઓ વિવિધ મુદ્દાઓ ઉપર સંવાદ કરશે. કૉંગ્રેસ આગામી સમયમાં લોકોની વચ્ચે જે તેઓના અધિકારો માટે લડત આપશે. તેઓ ઓલ ઇન્ડિયા કૉંગ્રેસના આદિવાસી ડિપાર્ટમેન્ટ દ્વારા વડોદરામાં આયોજિત આદિવાસી અધિકાર સંવિધાન સંમેલનમાં તેઓ હાજરી આપશે અને આદિવાસી સમાજના હકો માટે લડતનું આહવાન કરશે. વડોદરાના પંડિત દીનદયાલ ઓડિટોરિયમમાં બપોરે ૧ થી ૬ વાગ્યા દરમિયાન યોજાનારા આ સંમેલનમાં સમગ્ર ગુજરાતમાંથી આદિવાસી સમાજના યુવાનો અને કાર્યકરો ઊમટી પડશે. ■

# ગુજરાતમાં આજથી ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદીનો પ્રારંભઃ ૨.૯૬ લાખથી વધુ ખેડૂતોને લાભ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના ખેડૂતોને તેમના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તેવા ઉમદા હેતુ સાથે રાજ્ય સરકાર દ્વારા તા. ૨૩ માર્ચ, ૨૦૨૬ થી રાજ્યભરમાં ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. આ અંગે માહિતી આપતા કૃષિ પ્રધાન જીતુ વાઘાણીએ કહ્યું હતું કે, રાજ્યભરમાં ખેડૂતોની સુવિધા માટે પૂરતા પ્રમાણમાં ખરીદ કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા છે. ખેડૂતોએ કરાવેલી નોંધણી, વાવેતર વિસ્તાર અને ઉત્પાદનને ધ્યાને લઈને ચણાની ખરીદી માટે ૧૬૫ તથા રાયડાની ખરીદી માટે ૬૦ ખરીદ કેન્દ્રો કાર્યરત કરવામાં આવશે. ચણા અને રાયડાના ટેકાના ભાવે વેચાણ માટે ચાલુ વર્ષે પુષ્કળ સંખ્યામાં ખેડૂતોએ નોંધણી કરાવી છે. ચણા માટે ૨.૫૯ લાખથી વધુ તેમજ રાયડા માટે ૩૭,૦૦૦થી વધુ ખેડૂતોએ નોંધણી કરાવી છે. નોંધણી કરાવેલા તમામ ખેડૂતો પાસેથી પૂરતી માત્રામાં જથ્થાની ખરીદી કરવામાં આવશે. ■

# ગુજરાતમાં બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ એસટી બસ હંકારી નિયમોનું ઉલ્લંઘન કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ધારાસભ્યોને સરકારી માલિકીની એસટી બસ ચલાવવાનો જબરો ચસ્કો લાગ્યો છે. એસટી બસ ચલાવીને ફોટા પડાવતા આ ધારાસભ્યો સામે સવાલો ઊઠી રહ્યા છે. જેમ કે બાયડના અપક્ષ ધારાસભ્ય ધવલસિંહ ઝાલા પણ ટ્રાફિક નિયમોના ઉલ્લંઘન મામલે ચર્ચામાં આવ્યા છે. નવી બસના પ્રસ્થાન સમયે ધારાસભ્યે પોતે સ્ટીયરિંગ સંભાળીને બસ દોડાવતા વિવાદ સર્જાયો હતો.

બાયડથી બેટ દ્વારકા સુધીની નવી બસ સેવાને ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ લીલી ઝંડી આપી હતી. જોકે, લીલી ઝંડી આપ્યા બાદ ધારાસભ્ય પોતે ડ્રાઈવિંગ સીટ પર બેસી ગયા હતા અને બસ ચલાવવા લાગ્યા હતા. એસટી વિભાગના અધિકારીઓની હાજરીમાં જ આ પ્રકારનો 'ડ્રાઈવિંગ શો' યોજાયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, ગીર સોમનાથના ધારાસભ્ય વિમલ ચુડાસમા અને જામકંડોરણાના ધારાસભ્ય જયેશ રાદડિયાએ પણ આ જ પ્રકારે જાહેર રસ્તા પર એસટી બસ દોડાવીને નિયમોનું ઉલ્લંઘન કર્યું હતું. તેમ છતાં, અત્યાર સુધી રાજ્ય સરકાર, એસટી નિગમ કે આરટીઓ વિભાગ દ્વારા કોઈ પણ ધારાસભ્ય સામે કડક કાર્યવાહી કરવામાં આવી નથી. ■

# ભરૂચના ટંકારીયામાં ૧૫૦ કિલો ગૌમાંસ ઝડપાયું, એક આરોપીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ગૌમાંસ પર પ્રતિબંધ હોવા છતા ગૌમાંસની તસ્કરી સતત વધી રહી છે. ભરૂચ જિલ્લાના ટંકારીયા ગામમાં ગૌવંશના કતલની આશંકાએ પોલીસે દરોડો પાડીને ૧૫૦ કિલો ગૌમાંસનો જથ્થો જપ્ત કર્યો હતો.

મળતી વિગતો મુજબ પાલેજ પોલીસ મથકની હદમાં આવતા ટંકારીયાથી સિતપોર રોડ પર આવેલા એક શેડમાં ચાલતા કતલખાના પર પોલીસે ત્રાટકી ૧૫૦ કિલો ગૌમાંસનો જથ્થો જપ્ત કર્યો હતો. આ મામલે પોલીસે સ્થળ પરથી સમીર ઇકબાલ દિવાન નામના શખ્સની ધરપકડ કરી હતી. જ્યારે અન્ય શખ્સો અંધારાનો લાભ ફરાર થઈ ગયા હતા. પાલેજ પોલીસે પશુ સંરક્ષણ ધારા હેઠળ ગુનો નોંધી ફરાર આરોપીઓ મિનહાજ ઉર્ફે પીકે સલીમ (રહે. કોલવણા), મયુદ્દીન શઈદ પંડ્યા (રહે. ટંકારીયા) અને અસરફ ઐયુબ પંડ્યા (રહે. ટંકારીયા)ને પકડવા માટે કાર્યવાહી હાથ ધરી છે. ■

# પાક નુકસાનીના સર્વેનો રિપોર્ટ આવ્યા બાદ વળતર અંગનો નિર્ણય લેવામાં આવશેઃ કૃષિ રાજ્ય પ્રધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના વિવિધ ભાગોમાં છેલ્લા બે દિવસ દરમિયાન પડેલા કમોસમી વરસાદ એટલે કે માવઠાને કારણે ખેતીના પાકોને જે વ્યાપક નુકસાન થયું છે, જેથી ખેડૂતોને મોટા પ્રમાણમાં આર્થિક ફટકો પડ્યો છે. કમોસમી વરસાદથી જીરું, રાયડો અને ઘઉં જેવા રવી પાકોને ભારે નુકસાન પહોંચ્યું છે. માવઠાથી થયેલા નુકસાનના પગલે ખેડૂતોને વળતર ચૂકવવાની માગ ઉઠી છે.

જો કે માવઠાથી ખેતીના પાકને નુકસાનીની રાજ્ય સરકારે પણ નોંધ લીધી છે. આ ગંભીર સ્થિતિ અંગે રાજ્ય કક્ષાના કૃષિ પ્રધાન રમેશ કટારાએ મહત્ત્વનું નિવેદન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે સરકાર ખેડૂતોની પડખે છે અને નુકસાનીનો અંદાજ મેળવવા માટે સર્વેની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

પંચમહાલના મોરવા હડફ ખાતે એક કાર્યક્રમ દરમિયાન રાજ્ય કક્ષાના કૃષિ પ્રધાનએ પત્રકારોને જણાવ્યું હતું કે, 'રાજ્યમાં થયેલા કમોસમી વરસાદને પગલે ખેતીમાં થયેલા નુકસાનના આંકડા મેળવવા માટે ગ્રામસેવકો અને તલાટીઓને સર્વે કરવાના આદેશ આપી દેવામાં આવ્યા છે. સર્વેનો સત્તાવાર રિપોર્ટ સરકારને સોંપવામાં આવ્યા બાદ, સહાય ચૂકવવા બાબતે રાજ્ય સરકાર દ્વારા યોગ્ય અને ખેડૂતલક્ષી નિર્ણય લેવામાં આવશે.

અગાઉ કેબિનેટ પ્રધાન કુંવરજી બાવળીયાએ પણ જાહેરાત કરી હતી કે, કમોસમી વરસાદની સરકારે ગંભીર નોંધ લીધી છે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, માવઠાથી પ્રભાવિત ખેડૂતોને મદદ કરવા માટે રાજ્ય સરકારનું મન ખુલ્લું છે અને વહીવટી તંત્ર દ્વારા નુકસાનીના આંકલન માટે જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ■

# ગેસ સિલિન્ડરની અછતના કારણે ડાકોર મંદિરનું ભોજનાલય હંગામી ધોરણે બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પશ્ચિમ એશિયામાં ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધના કારણે ગુજરાતમાં ગેસ વિતરણ વ્યવસ્થા ખોરવાતા કોમર્શિયલ ગેસ સિલિન્ડરની ભારે અછત સર્જાઈ છે, જેની સીધી અસર હવે સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરના રણછોડરાય મંદિરમાં જોવા મળી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ગેસ સિલિન્ડરનો પૂરતો જથ્થો ઉપલબ્ધ ન હોવાને કારણે મંદિર પ્રશાસન દ્વારા હંગામી ધોરણે ભોજનાલય બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જેના કારણે દરરોજ અંદાજે એક હજાર અને શનિ-રવિમાં બે હજારથી વધુ શ્રદ્ધાળુઓ જે ભોજન-પ્રસાદનો લાભ લેતા હતા તે સેવા હાલ પૂરતી અટકાવી દેવામાં આવી છે. હોસ્ટેલ અને રેસ્ટોરન્ટ બાદ હવે મંદિરની પ્રસાદ સેવા પર પણ યુદ્ધની આર્થિક અસરો વર્તાઈ રહી છે, જોકે મંદિર મેનેજમેન્ટે સ્પષ્ટતા કરી છે કે ગેસની અછત દૂર થતાની સાથે જ ભોજનશાળા ફરી પૂર્વવત્ કરવામાં આવશે. ■

# અમદાવાદીઓને કાળઝાળ ગરમીથી રાહત મળશે, શહેરમાં ૨૪ ટ્રાફિક સિગ્નલો પર નેટ લગાવવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉનાળાની કાળઝાળ ગરમીથી અમદાવાદીઓને રાહત મળે તે માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. અમદાવાદ મનપા દ્વારા બપોરે ધોમધખતાં તાપમાં શહેરમાં ટ્રાફિક સિગ્નલ પર વાહનચાલકોને રાહત મળે તે માટે વ્યવસ્થા કરવામાં આવી છે.

કેડાઈ અને અન્ય સંસ્થાના સહયોગથી આ નેટ લગાવવામાં આવી છે. લાલ દરવાજા વિક્ટોરિયા ગાર્ડન ચાર રસ્તા પાસે પ્રાથમિક ધોરણે અત્યારે નેટ લગાવવામાં આવી છે. શહેરમાં ૨૪ ટ્રાફિક સિગ્નલો પરના મુખ્ય ચાર રસ્તાઓ ઉપર નેટ લગાવવાથી વાહન ચાલકોને બપોરના સમયે ઓછી ગરમી લાગશે.

આ અંગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગના અધિકારી ડૉ. તેજસ શાહે જણાવ્યું હતું કે ટૂ-વ્હિલર ચાલકોને ગરમીના સમયમાં ચાર રસ્તા ઉપર વધારે સમય ઊભું રહેવું પડે છે જેને લઈને ગરમીની આડઅસર થવાની શક્યતાઓ છે. સૌથી વધારે ટ્રાફિક જે ચાર રસ્તા ઉપર આવેલા છે તેમને આઇડેન્ટીફાય કરીને આવા ચાર રસ્તા ઉપર ગ્રીન નેટ લગાવવામાં આવી રહી છે. ક્રેડાઈ અને અન્ય સંસ્થાઓના સહયોગથી લગાવવામાં આવી રહી છે. ૧૦થી ૧૨ જેટલા ટ્રાફિક જંક્શનનો ઉપર હજી નેટ લગાવવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, શહેરમાં ૨૯૧ જેટલા ટ્રાફિક સિગ્નલો આવેલા છે જેમાંથી ૭૮ જેટલા ટ્રાફિક સિગ્નલો જ્યાં ઓછો ટ્રાફિક હોવાના પગલે તેને બપોરે ૧૨થી ૪ વાગ્યા સુધી બ્લીન્કીંગ મોડ ઉપર રાખવામાં આવ્યા છે. જેથી ત્યાં વાહન ચાલકોને ગરમીનો સામનો નહીં કરવો પડે, પરંતુ જે ટ્રાફિક જંકશન ચાલુ છે ત્યાં ગરમી વાહનચાલકોને ઓછી લાગે ત્યાં નેટ લગાવવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

જે ટ્રાફિક સિગ્નલો પર વધુ ટ્રાફિક થાય તેને ચાલુ રાખવા જરૂરી હોવાથી આવા ચાર રસ્તા ઉપર ગ્રીન નેટ લગાવવા માટે ક્રેડાઈ અને અલગ અલગ સંસ્થાઓ દ્વારા ૨૪ જેટલા ટ્રાફિક સિગ્નલો પર ગ્રીન નેટ લાગશે. ■

# અસામાજિક તત્ત્વોને ડામવા ગુજરાત પોલીસમાં ભગવાન હનુમાનના દર્શન થશેઃ હર્ષ સંઘવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ શનિવારે વડોદરા સિટી પોલીસ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરનું ઉદ્‌ઘાટન કરતા સ્પષ્ટ જણાવ્યું હતું કે અપરાધીઓને કોઈ ધર્મ કે જાતિ હોતી નથી અને રાજ્યમાં અસામાજિક તત્ત્વોને ડામવા માટે પોલીસ મક્કમ છે.

તેમણે ઉમેર્યું હતું કે જો કોઈ ગુનેગાર સામાન્ય જનતાને હેરાન કરશે, તો પોલીસ જનતાને બચાવવા માટે 'ભગવાન હનુમાન'ની ભૂમિકા ભજવશે. આ કાર્યક્રમ દરમિયાન તેમણે વડોદરા પોલીસના ૨,૬૦૮ અને ખાનગી ૭,૦૦૦ કેમેરાના નેટવર્કની સમીક્ષા કરી હતી અને જાહેરાત કરી હતી કે આગામી સમયમાં આ સિસ્ટમને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, ફેસ રેકગ્નિશન અને નંબર પ્લેટ ઓળખ જેવી અત્યાધુનિક ટેકનોલોજી સાથે જોડવામાં આવશે, જેથી ગુના શોધવાની પ્રક્રિયા વધુ તેજ બનશે.

વડોદરાની મુલાકાત દરમિયાન હર્ષ સંઘવીએ પોલીસ કર્મીઓના આવાસ, જેલ સુધારણા અને પોલીસ સ્ટેશનોના આધુનિકીકરણ માટે કરોડો રૂપિયાની યોજનાઓની વિગતો આપી હતી. આ ઉપરાંત, તેમણે વડોદરા જિલ્લા માટે રૂ.૫૩૮ કરોડના વિકાસ કામોને મંજૂરી આપી હતી, જેમાં નર્મદા નદી પર પુલ નિર્માણ અને ગ્રામીણ રસ્તાઓના સુધારાનો સમાવેશ થાય છે. તેમણે રૂ. ૪.૧૨ કરોડના ખર્ચે બનેલા આધુનિક 'પબ્લિક ટ્રસ્ટ રજિસ્ટ્રેશન ઑફિસ' અને 'જોઈન્ટ ચેરિટી કમિશનર ઑફિસ'નું પણ ઉદ્‌ઘાટન કર્યું હતું. ■

# અમદાવાદમાં વર્ષ ૨૦૨૭ સુધીમાં દોડશે ૧૯૬૦ નવી ઈલેક્ટ્રિક બસો

અમદાવાદઃ વર્લ્ડ હેરિટેજ સિટી અમદાવાદ હવે ગ્રીન અને સ્માર્ટ સિટી તરીકે પોતાની ઓળખ મજબૂત કરવા જાહેર પરિવહનમાં ક્રાંતિકારી ફેરફાર કરી રહ્યું છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પર્યાવરણ સુરક્ષા અને ઇંધણ બચત માટે છેલ્લા એક વર્ષમાં ૫૬૧ ઈ-બસોનો ઓર્ડર અપાયો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. જેનું સંચાલન આ વર્ષેથી તબક્કાવાર શરૂઆત થવાના સંકેત છે. આ ઉપરાંત પીએમ ઇ-ડ્રાઈવ યોજના અને અન્ય ટેન્ડરો મળીને વર્ષ ૨૦૨૭ સુધીમાં શહેરમાં કુલ ૧૯૬૦ નવી ઈલેક્ટ્રિક બસોના ઉમેરા સાથે જાહેર પરિવહન સેવા વધુ સુવિધાજનક અને ઇકો ફ્રેન્ડલી બનશે. આગામી ૫ વર્ષમાં એએમટીએસ અને બીઆરટીએસ મળીને કુલ ૨૭૦૦ ઈ-બસો દોડાવવાનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આ ગ્રીન ટ્રાન્સપોર્ટ પહેલથી અમદાવાદના પર્યાવરણમાં મોટો સુધારો જોવા મળશે. અંદાજ મુજબ ૨૦૩૦ સુધીમાં ૩૦૦૦ ઈ-બસો કાર્યરત થતા વાર્ષિક ૧.૧૦ લાખ ટન કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થશે અને ડીઝલના વપરાશમાં નોંધપાત્ર કપાત આવશે. આર્થિક રીતે પણ ઈ-બસો ફાયદાકારક છે કારણ કે તેમાં મેન્ટેનન્સ ખર્ચ ઓછો અને ઓપરેશનલ કાર્યક્ષમતા વધુ હોય છે. ખાસ કરીને ૨૦૩૦માં યોજાનારી કોમનવેલ્થ ગેમ્સ જેવી આંતરરાષ્ટ્રીય સ્પોર્ટ્સ ઇવેન્ટ્સને ધ્યાનમાં રાખીને પણ આ આધુનિક ટ્રાન્સપોર્ટ સિસ્ટમ તૈયાર કરવામાં આવી રહી છે. હાલમાં શહેરમાં ૨૦૪ ઈ-બસો કાર્યરત છે, જે આગામી સમયમાં વધીને ૩૧૦૦ ના વિશાળ ગ્રીન ફ્લીટમાં ફેરવાશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ગાંધીનગરના ગિફ્ટ સિટી પાસે અત્યાધુનિક કોમર્શિયલ હેલિપેડનું નિર્માણ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં અત્યાધુનિક 'કોમર્શિયલ હેલિપેડ' નિર્માણ કરવાની વહીવટી મંજૂરી આપવામાં આવી હોવાની વિગતો જાણવા મળી હતી. અત્યાર સુધી માત્ર સરકારી કામકાજ અને વીવીઆઈપી મૂવમેન્ટ પૂરતી મર્યાદિત રહેલી હેલિકૉપ્ટર સેવા હવે સામાન્ય નાગરિકો અને બિઝનેસ સેક્ટર માટે પણ ઉપલબ્ધ બને તેવા સંકેતો છે.

ખાસ કરીને ગિફ્ટ સિટીના આંતરરાષ્ટ્રીય રોકાણકારો અને ઉદ્યોગપતિઓની સુવિધાને ધ્યાને રાખીને આ પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવી રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ગિફ્ટ સિટીની આસપાસ જ હેલિપેડ બનાવવામાં આવી શકે છે. આ નવી ઈન્ટરસિટી હેલિકૉપ્ટર સર્વિસ શરૂ થવાથી અમદાવાદ એરપોર્ટ અને ગાંધીનગર વચ્ચેનું મુસાફરીનું અંતર જે બાય રોડ અંદાજે ૪૦ મિનિટ લે છે, તે એર ટેક્સી દ્વારા માત્ર થોડી જ મિનિટોમાં કપાઈ જશે. વાઇબ્રન્ટ ગુજરાત અને આંતરરાષ્ટ્રીય ઈવેન્ટ્સને ધ્યાનમાં રાખીને સરકાર આ હેલિપેડને પીપીપી મોડલ હેઠળ કાર્યરત કરી શકે છે. ■

# અમદાવાદ સ્કૂલ વર્ધી એસોસિએશન આ વર્ષે ભાડામાં નહીં કરે વધારો, વાલીઓને મોટી રાહત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સહિત સમગ્ર દેશમાં પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધની અસર દેખાઈ રહી છે. અનેક ચીજ વસ્તુઓના ભાવ વધી રહ્યા છે. તો બીજી તરફ પેટ્રોલ-એલપીજીની અછતના અહેવાલો છે. ત્યારે આ પરિસ્થિતિ વચ્ચે અમદાવાદ સ્કૂલ વર્ધી એસોસિએશન દ્વારા આવ વર્ષે ફી નહિ વધારવાનો નિર્ણય લઈને મધ્યમ વર્ગને રાહત આપી હતી.

મળતી વિગતો અનુસાર, પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધની સ્થિતિની અસર તેમજ સતત મોંઘવારીનો મારની વિકટ પરિસ્થિતિ વચ્ચે અમદાવાદ સ્કૂલ વર્ધી એસોસિએશન દ્વારા વિદ્યાર્થીઓ અને વાલીઓના હિતમાં એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો. અમદાવાદના પાલડી ખાતે સમગ્ર રાજ્યના આગેવાનોની હાજરીમાં એસોસિએશનની જનરલ બેઠક યોજાઈ હતી, જેમાં હાલની મોંઘવારી અને વધતા ખર્ચને ધ્યાનમાં રાખીને વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

એસોસિએશન દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ગત વર્ષે જૂન માસમાં જે ભાડા નક્કી કરવામાં આવ્યા હતા, તે જ દર યથાવત્ રાખવામાં આવશે. જે આ વર્ષ ભાડામાં વધારો વાલીઓ પર આર્થિક ભાર ન વધારવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જો આગામી સમયમાં યુદ્ધના કારણે સીએનજીની કિંમતમાં વધારો થશે, તો અન્ય બેઠક બોલાવીને આ અંગે વાલીઓ અને વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય કરવામાં આવશે તેમ એસોસિએશન દ્વારા જણાવવામાં આવ્યું હતું. ■

# અમરેલીના રાજુલામાં લવ જેહાદનો આક્ષેપ, વિવાદ વકરતા હિંદુ યુવતીએ સ્પષ્ટતા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોમાં આંતરજ્ઞાતીય પ્રેમ લગ્નોની ચર્ચાઓ ચાલી રહી છે. કિંજલ દવે, આરતી સાંગાણી, કિંજલ રબારી સહિતના વિવાદે ભારે ચર્ચા જગાવી હતી. જો કે હવે અમરેલીના રાજુલામાં હિન્દુ યુવતીએ મુસ્લિમ યુવાન સાથે લગ્ન કરી લેતા ચર્ચા જાગી હતી. આ મુદ્દે પરિવાર અને અન્ય સંગઠનો દ્વારા લવ જેહાદના આક્ષેપ કરવામાં આવ્યા હતા. જો કે યુવતીએ આ મુદ્દે વીડિયો શેર કરીને સ્પષ્ટતા કરી હતી. મળતી વિગતો અનુસાર, થોડા દિવસ પૂર્વે રાજુલાની નેહા પરમાર નામની યુવતી ઘરેથી સુરત જવાનું કહીને જતી રહી હતી. બાદમાં યુવતીનો પત્તો ન લાગતાં પરિવારે યુવતી ગુમ થયાની પોલીસને જાણ કરી હતી. જો કે હવે યુવતીએ વીડિયો શેર કરીને મુસ્લિમ યુવક મુહિસ ફિરાણી સાથે હિન્દુ અને મુસ્લિમ બંનેના રિવાજો અનુસાર પ્રેમલગ્ન કરી લીધા હોવાનું જણાવ્યું હતું. આશરે ૪-૫ મહિના પહેલા પ્રેમલગ્ન કર્યા હોવાની માહિતી આપી હતી. આ મામલો પ્રકાશમાં આવતા જ વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ સહિતના હિન્દુ સંગઠનોએ વિરોધ નોંધાવ્યો હતો. જો કે આ મામલે યુવતીએ વીડિયો શેર કરીને તે છેલ્લાં ૪-૫ વર્ષથી મુહિસ સાથે રિલેશનશિપમાં હોવાનું જણાવ્યું હતું, આ બાબતની જાણ થતાંની સાથે જ પરિવારે યુવતીને ૩-૪ મહિના સુધી ઘરમાં બંધ કરીને રાખી હોવાનો આરોપ યુવતીએ કર્યો હતો. તેણે માનસિક ત્રાસ આપવાનો અને માર મારવામાં આવ્યો હોવાનો પણ આરોપ કર્યો હતો. આથી તેણે તેની મરજીથી લગ્ન કરી લીધા હોવાનું જણાવ્યું હતું. પરિવાર અને હિન્દુ સંગઠનોના વિરોધ અંગે યુવતીએ કહ્યું હતું કે સંગઠનો અને અન્ય આગેવાનો આ કેસને હાલ રાજકીય મુદ્દો બનાવી રહ્યા છે. મુહિસના પરિવાર અને અમને ધમકીઓ મળી રહી છે. જેથી અમને કંઈ પણ થયું તો તેનો જવાબદાર પરિવાર હશે તેમ યુવતીએ જણાવ્યું હતું. ■

# અમરેલીના ખાંભામાં ૨.૯ની તીવ્રતાનો આંચકો; ૨૦ દિવસમાં ૧૦ આંચકાથી ફફડાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભૂકંપના ઝોન-૩માં સમાવેશ પામતા સૌરાષ્ટ્રના અમરેલીમાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. અમરેલી જિલ્લાના દક્ષિણ દિશામાં ૪૪ કિમી ખાંભા નજીક ૧૨:૪૯ વાગ્યે ૨.૯ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં માર્ચ મહિનામાં જ અનુભવાયેલો આ ૧૦મો આંચકો હતો. જેની ગાંધીનગર સ્થિત સિસ્મોલોજી વિભાગ દ્વારા પણ પુષ્ટી કરવામાં આવી હતી.

ધરતીકંપના પગલે લોકોમાં ગભરાટ ફેલાયો હતો. લોકો તેમના ઘરની બહાર દોડી આવ્યા હતા. જો કે આ ભૂકંપથી લોકોને જાનમાલની નુકસાનીના કોઈ સમાચાર મળ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે આ અગાઉ પણ ૨૦મી માર્ચના રોજ ભાવનગરના મહુવાથી ૩૦ કિમી દૂર ૨.૯ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. તે પૂર્વે ૨ જી માર્ચે તાલાલામાં, ૫ માર્ચે દાહોદ, ભચાઉ અને બોટાદમાં, ૬ માર્ચે કચ્છના દૂધઈ અને વાંસદામાં, ૭ માર્ચે ઉનામાં તેમજ ૧૨મી માર્ચે મહુવા અને તાલાલામાં ભૂકંપનો આંચકો નોંધાયો હતો. ■

# મુંબઈ સમાચાર આયોજિત


# માતૃભાષા ભાગવત સપ્તાહ

૨ એપ્રિલથી ૮ એપ્રિલ



અનંત શ્રી વિભૂષિત પશ્ચિમામ્નાય દ્વારકાશારદાપીઠાધીશ્વર જગદ્‌ગુરુ શંકરાચાર્ય સ્વામીશ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજ | વૈષ્ણવ હૃદયસમ્રાટ વૈષ્ણવાચાર્યશ્રી ૧૦૮ યદુનાથજી મહોદયશ્રી (કડી–અમદાવાદ) | રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજસાહેબનું

માર્ગદર્શન



## પરમપૂજ્ય રમેશભાઈ ઓઝા ભાઈશ્રી

Supported by:

adani

**સનાતન નગરીઃ**
સ્વ. શ્રી બાળાસાહેબ ઠાકરે ક્રીડાસંકુલ,
(ચીકુવાડી પ્લેગ્રાઉન્ડ) બોરીવલી (પશ્ચિમ)

**ભાગવત કથાઃ** બપોરે ૩.૩૦થી ૬.૩૦
**પ્રસાદઃ** સાંજે ૬.૩૦ વાગ્યાથી ૭.૩૦ વાગ્યા સુધી
**માતૃભાષા મહોત્સવ અને સાંસ્કૃતિક કાર્યક્રમોઃ** રાત્રે ૭.૩૦થી ૧૦.૦૦



SKYLINE INFRA FORGE
શ્રી સૌરભ મહેતા
(મુખ્ય મનોરથી)

મહાનગરમાં વ્રજનો લય
સંપૂર્ણ મુંબઈ કૃષ્ણમય
તમામ માતૃભાષાનો જય



gandhar Group of Companies
શ્રી રમેશભાઈ પારેખ
(સહ મનોરથી)

★ તમામ દર્શનાર્થીઓ માટે પ્રસાદની વ્યવસ્થા

★ ૨ લાખ સ્કે. ફૂટના એરકન્ડિશન્ડ ડોમમાં ભાગવત કથા

★ પોથીના મનોરથીઓને વિશેષ પ્રસાદ અને ભાગવત શ્રવણની વ્યવસ્થા

૨૦૪ વર્ષની યુવાવયના એશિયાના સૌથી જૂના અખબાર ‘મુંબઈ સમાચાર’ની અલૌકિક-અદ્‌ભુત પહેલ

**મુંબઈ શહેરમાં જીવતી- જાગતી માતૃભાષાઓનું રક્ષણ અને સંવર્ધન**

માતૃભાષાનો આ મહાયજ્ઞ માતૃભાષાના એ સૈનિકો માટે છે જેમણે સમગ્ર જીવન દરમિયાન ભારતની વિવિધ માતૃભાષાની સેવા કરી છે અને હવે આપણી જવાબદારી છે કે એ સૈનિકોની પાછલી જિંદગીની તકેદારી આપણે રાખીએ - સથવારો પૂરો પાડીએ. આ સમગ્ર મહાકુંભનું જે ઉપાર્જન થશે એ ભારતની માતૃભાષાઓના વીર સાહિત્યકારો માનભેર જીવન જીવી શકે એ માટે વપરાશે.

માતૃભાષાના સેનાનીઓના ઋણ-સ્વીકારનો આ અવસર છે, પછી એ ગુજરાતી હોય, મરાઠી હોય, બંગાળી હોય કે પછી હોય અન્ય કોઈ માતૃભાષાનો સૈનિક. ભાષાકર્મી છે આપણી ભાષાને સમૃદ્ધ કરવાનો પાયો. ભાષા અને સંસ્કૃતિના એ પાયા સાથે આપણે ઊભા છીએ એ દાખવવાનો આ પ્રયત્ન છે. સૌના સહકારની અપેક્ષા સાથે.

DANUBE PROPERTIES DUBAI
Real Estate Partners:

### દરરોજના કાર્યક્રમ



દિપ્તી ભાગવત
સંજીવની ભેલાંડે
અજીત પરબ
હેમંત બર્વે
પલ્લવી કેળકર
અને નચિકેત દેસાઈ

**તા. ૨** માતૃભાષા માનવંદનાઃ મરાઠી સંગીત સંધ્યા



**તા. ૩** પદ્મશ્રી કૈલાસ ખેરનો ‘કૈલાસા’ કોન્સર્ટ અને કૈલાસા લાઈવ



**તા. ૪** ગીતા રબારીનો સંગીત જલસો



**તા. ૭** કીર્તિદાન ગઢવીનો ડાયરો

★ શ્રી પોથીજી ★ ઝાંખી
★ ઉત્સવ ★ સેવા ★ મનોરથ

દૈનિક બ્રહ્મ ભોજન
દૈનિક ફળ સેવા
દૈનિક ફૂલહાર સેવા
દૈનિક સ્ટેજ ડેકોરેશન

**ઉત્સવ, મનોરથ, ઝાંખી અને અન્ય સેવાઓ માટે**
સંપર્કઃ
વિપુલ પારેખ ૯૩૨૨૫૦૫૦૩૦
યોગેશ પંડ્યા ૭૭૧૦૮૧૬૩૪૦
કિશોર જાની ૯૮૧૯૯૧૦૦૩૯

**આયોજક**

## મુંબઈ સમાચાર પ્રેરિત માતૃભાષા પ્રતિષ્ઠાન

★ શ્રી નીલેશ દવે

★ શ્રી પરાગ શાહ ★ શ્રી સંતોષ સિંહ ★ શ્રી મુકેશ પટેલ ★ શ્રી રાજુ સાવલા ★ શ્રી અરવિંદ શાહ
★ શ્રી જિજ્ઞેશ ભુતા ★ શ્રી જસ્મીન શાહ ★ શ્રી જિતેન્દ્ર મહેતા ★ શ્રી જગદીશ ઓઝા ★ શ્રી ભાર્ગવ પટેલ
★ શ્રી નિરવ મહેતા ★ શ્રી જિજ્ઞેશ હિરાણી ★ શ્રી શોભિત દેસાઈ ★ શ્રી મિલન ત્રિવેદી (રાજકોટ) ★ શ્રી દુષ્યંત સોની (દુબઈ)

વિશેષ આભારઃ ★ શ્રી સંજય ઉપાધ્યાય ★ શ્રી અસીત કુમાર મોદી ★ શ્રી જે. ડી. મજેઠિયા ★ શ્રી સંજય છેલ ★ શ્રી મુકેશ મહેતા ★ શ્રી ભૂપેન્દ્ર મહેતા ★ શ્રી વિપુલ પારેખ ★ શ્રી વિરલ ચિતલિયા ★ શ્રીમતી માધવી ભુતા

AJMERA BUILT ON TRUST · MICL LIVE BETTER · Showglitz Events & Entertainment Private Limited · HEM AGARBATTI · MUNJAL · hitech events & exhibition · માતૃભાષા વંદના · dks ARVINDBHAI KHATRI SONS · BRIGHT OUTDOOR MEDIA LIMITED · Neela Film Productions · NATUREPURE Wellness Pvt. Ltd. · WellPure | Keshasvi · APAR ADVERTISERS PRIVATE LIMITED · NEELKANTH Building Trust Since 1938 Formerly known as: Velji Harkha Patel & Sons. · SURBHI GROUP Redefining Urban Lifestyle Contact - +91 98218 85998/ · SILVER BUILDING LANDMARKS SINCE 1986

# માર્શલ આર્ટ્સના બેતાજ બાદશાહ ચક નૉરિસને ખેલજગતની અંજલિ

## ‘કરાટે કિંગ’ બ્રુસ લી સાથેની ચક નૉરિસની ‘રિટર્ન ઑફ ધ ડ્રેગન’ ફિલ્મ ખૂબ લોકપ્રિય થઈ હતી

હૉનોલૂલુ (હવાઈ): કરાટે, જુડો, ટાયેકવૉન્ડો, જુજુત્સુ વગેરે અનેક પ્રકારની આક્રમણ તથા સંરક્ષણની કળા એટલે માર્શલ આર્ટ્સ અને સદીઓ જૂની આ કળાને ખેલકૂદ તથા ફિલ્મ ક્ષેત્રે ખૂબ લોકપ્રિય બનાવવામાં ખાસ કરીને બ્રુસ લી જેટલું જ યોગદાન ચક નૉરિસનું પણ રહ્યું છે અને આ કળાઓના બેતાજ બાદશાહ ચક નૉરિસનું શુક્રવારે ૮૬ વર્ષની ઉંમરે અવસાન થયું એને પગલે ખેલકૂદ જગતે પણ શોક વ્યક્ત કર્યો છે. ચક નૉરિસ અને બ્રુસ લી વચ્ચે સારી મિત્રતા હતી અને તેમણે ભેગા ફિલ્મમાં પણ કામ કર્યું હતું. ‘ધ વે ઑફ ધ ડ્રેગન’ (બીજું નામ ‘રિટર્ન ઑફ ધ ડ્રેગન’) તેમ જ ‘ધ ગેમ ઑફ ડેથ’ તેમની સૌથી લોકપ્રિય ફિલ્મ હતી. અમેરિકામાં જન્મેલા બ્રુસ લીનું જુલાઈ, ૧૯૭૩માં ૩૨ વર્ષની વયે રહસ્યમય સંજોગોમાં મૃત્યુ થયું હતું. બ્રુસ લી અને ચક નૉરિસ પછી જૅકી ચેન લોકપ્રિય થયો હતો.



કરાટે-જુડોના બે શહેનશાહ ચક નૉરિસ (જમણે) અને બ્રુસ લીની ‘રિટર્ન ઑફ ધ ડ્રેગન’ ભારતમાં પણ ખૂબ લોકપ્રિય થઈ હતી.

### યુવા વર્ગે નૉરિસ પરથી પ્રેરણા લઈને માર્શલ આર્ટ્સમાં કરીઅર બનાવી

ખેલકૂદમાં ‘કૉમ્બેટ સ્પોર્ટ’ તરીકે ઓળખાતા માર્શલ આર્ટ્સની મહત્ત્વની ભૂમિકા રહી છે અને ચક નૉરિસ માર્શલ આર્ટ્સની રોમાંચક ફિલ્મોમાં ભૂમિકા ભજવવા બદલ હૉલિવૂડમાં તો ફેમસ હતા જ, તેઓ દુનિયાભરના સિનેમાપ્રેમીઓમાં પણ લોકપ્રિય હતા. ખેલકૂદ જગતની વાત કરીએ તો માર્શલ આર્ટ્સની અનેક સંસ્થાઓ ઉપરાંત અમેરિકાની નૅશનલ ફૂટબૉલ લીગ (એનએફએલ)ના ભૂતપૂર્વ સ્ટાર ખેલાડી શાડ ઑકોશિન્કો, વિશ્વના ભૂતપૂર્વ સૌથી શક્તિશાળી પુરુષ એડી ‘ધ બીસ્ટ’ હૉલ વગેરે ચક નૉરિસને અંજલિ આપી છે.

બ્રુસ લી ઉપરાંત ચક નૉરિસ પરથી દુનિયાભરના યુવા વર્ગના અનેક લોકોએ માર્શલ આર્ટ્સમાં કરીઅર બનાવી છે તેમ જ એની ચૅમ્પિયનશિપ્સમાં ભાગ લીધો છે. બૉલિવૂડ અભિનેતા અક્ષય કુમારે ચક નૉરિસને અંજલિ આપતા કહ્યું છે કે તેણે નાનપણમાં ચક નૉરિસની ફિલ્મો અને તેમની કારકિર્દી પરથી જ કરાટેમાં ટોચની તાલીમ લેવાની પ્રેરણા મેળવી હતી.

### છ વર્ષ સુધી કરાટેના શહેનશાહ બની રહ્યા

ચક નૉરિસે ૧૯૬૯માં ૨૯ વર્ષની ઉંમરે કરાટેનું વર્લ્ડ ચૅમ્પિયનશિપ ટાઇટલ જાળવી રાખ્યું હતું. એ ઉપરાંત તેઓ એ વર્ષમાં કરાટેના અનેક ટાઇટલ જીત્યા હતા બ્લૅક બેલ્ટ મૅગેઝિને તેમને ત્યારે ‘ફાઇટર ઑફ ધ યર’ જાહેર કર્યા હતા. તેઓ ૧૯૬૮થી ૧૯૭૪ દરમ્યાન સતત છ વખત વર્લ્ડ મિડલવેઇટ કરાટે ચૅમ્પિયનશિપના ટાઇટલ જીત્યા હતા. બીજી રીતે કહીએ તો ત્યારે તેઓ છ વર્ષ સુધી અપરાજિત રહ્યા હતા.

### ૧૯૫માંથી ૧૮૩ મુકાબલા જીત્યા હતા

ચક નૉરિસે માર્શલ આર્ટ્સના પ્રોફેશનલ વિશ્વમાં નાના-મોટા કુલ ૧૯૫ મુકાબલામાં ભાગ લીધો હતો. એમાંથી તેઓ ૧૮૩ મુકાબલા જીત્યા હતા, માત્ર ૧૦ હાર્યા હતા અને તેમના બે મુકાબલા ડ્રૉમાં પરિણમ્યા હતા. ૧૯૬૯માં તેમણે કરાટેમાં ‘ટ્રિપલ ક્રાઉન’ની સર્વોત્તમ પદવી હાંસલ કરી હતી.

### ઢગલાબંધ બ્લૅક બેલ્ટ મેળવ્યા હતા

ચક નૉરિસ કરાટેમાં ૧૦મા ડિગ્રીનો બ્લૅક બેલ્ટ, ટૅન્ગ સૂ ડોમાં ૯મા ડિગ્રીનો બ્લૅક બેલ્ટ, ટાયેકવૉન્ડોમાં ૮મા ડિગ્રીનો બ્લૅક બેલ્ટ તેમ જ બ્રાઝિલિયન જિઉ-જિત્સુમાં ૩જી ડિગ્રીનો બ્લૅક બેલ્ટ ધરાવતા હતા. ૨૦૦૫ની સાલમાં તેમણે વર્લ્ડ કૉમ્બેટ લીગ (ડબ્લ્યૂસીએલ)ની સ્થાપના કરી હતી.

### ડબ્લ્યૂડબ્લ્યૂએફમાં ગેસ્ટ ફાઇટર બન્યા

૧૯૯૪માં ચક નૉરિસે ડબ્લ્યૂડબ્લ્યૂએફની સર્વાઇવર સિરીઝમાં ‘ગેસ્ટ એન્ફૉર્સર’ તરીકે ભાગ લીધો હતો. એ મુકાબલામાં ‘ધ અન્ડરટેકર’ને હરીફ રેસલર જેફ જૅરેટે ગેરકાયદે રીતે કિક પછાડવાનો પ્રયત્ન કર્યો ત્યારે નૉરિસે જૅરેટને જોરદાર કિક મારી હતી જેને પગલે ‘ધ અન્ડરટેકર’ છેવટે એ મુકાબલામાં વિજેતા ઘોષિત થયો હતો.

### ભારતમાં ડોનેશનો આપ્યા હતા

ડૉનેશનો માટે તેમ જ યુવા વર્ગને માર્શલ આર્ટ્સની તાલીમ અપાવવા માટે જાણીતા ચક નૉરિસે ભારતમાં ભારતીય ટેનિસના લેજન્ડ વિજય અમૃતરાજના ફાઉન્ડેશનને સપોર્ટ કર્યો હતો અને એ દ્વારા તેમણે ગંભીર બીમારીથી પીડાતા લોકોને તેમ જ ટ્રેજેડીનો ભોગ બનેલાઓને સહાય કરી હતી. દિલ્હીમાં તેમણે પેડિયાટ્રિક એચઆઇવી/એઇડ્સ હોમમાં તેમ જ જોઈ ન શક્તા બાળકોની કર્ણાટકની એક સ્કૂલને ડૉનેશન આપ્યા હતા. ■

# હાર્દિકને સલાહ, ‘મુંબઈ ઈન્ડિયન્સની કૅપ્ટન્સી છોડીને સૂર્યકુમારને સોંપી દે’



મુંબઈ: મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ)ની કૅપ્ટન્સીના મુદ્દે હાર્દિક પંડ્યા અને રોહિત શર્મા વચ્ચે બે વર્ષથી જે ચર્ચા ચાલી હતી એ માંડ શાંત પડી છે ત્યાં ભૂતપૂર્વ ઓપનર અને ભૂતપૂર્વ ચીફ સિલેક્ટર ક્રિષ્ણમાચારી શ્રીકાંતે હાર્દિક માટે સલાહ આપી છે કે તેણે એમઆઇની કૅપ્ટન્સી છોડીને સૂર્યકુમાર યાદવને સોંપી દેવી જોઈએ.

૨૦૨૪ની આઇપીએલ પહેલાં મુંબઈ ઇન્ડિયન્સના ફ્રૅન્ચાઇઝીએ ગુજરાત ટાઇટન્સ સાથેના ટ્રેડ ડીલમાં હાર્દિકને એમઆઇની ટીમમાં પાછા લાવીને તેને ટીમનું સુકાન સોંપ્યું હતું. હાર્દિકના નેતૃત્વમાં એમઆઇનો પર્ફોર્મન્સ મિશ્ર રહ્યો છે.

૨૦૨૪માં મુંબઈ ઇન્ડિયન્સની ટીમ આઇપીએલમાં ૧૦મા સ્થાને રહી હતી. ૨૦૨૫ની સીઝનમાં આ ટીમ ચોથા સ્થાન સુધી પહોંચી હતી. બીજી રીતે કહીએ તો હાર્દિકના સુકાનમાં આ ટીમે વાપસી કરી છે, પણ છઠ્ઠી ટ્રોફીથી ઘણી દૂર રહી છે.

શ્રીકાંતનું કહેવું છે કે ‘એમઆઇની ટીમમાં બે ટી-૨૦ વર્લ્ડ કપ વિજેતા કૅપ્ટન મોજૂદ છે. એવામાં હાર્દિકે મોટું દિલ રાખવું જોઈએ. નવાઈની વાત એ છે કે હાર્દિકે રોહિત અને સૂર્યકુમારની કૅપ્ટન્સીમાં ટી-૨૦ વર્લ્ડ કપ જીત્યો છે એટલે હાર્દિકે પોતે એમઆઇની કૅપ્ટન્સી છોડીને સૂર્યકુમારને આપી દેવી જોઈએ.’

હાર્દિકને એક સીઝન રમવાના ૨૭ કરોડ રૂપિયા મળે છે એવા અહેવાલમાં એવું પણ જણાવાયું છે કે હાર્દિક પર ટીમનો બોજ છે. જોકે ટીમમાં રોહિત અને સૂર્યા ઉપરાંત બુમરાહ, ડિકૉક, ટ્રેન્ટ બૉલ્ટ, શાર્દુલ ઠાકુર અને શેરફેન રુધરફર્ડ જેવા દિગ્ગજો પણ છે. ■

## ક્લાસિફાઈડ


**૬. પરચુરણ**

**જ્વેલર્સ**
બસરા મોતી ખાકા મોતી હીરાના કલર સ્ટોનના જૂના દાગીના. ઉંચી કિંમતે ખરીદનાર તુરંત રોકડા- 9821369617/ 8976938117. (એસડીબી-૩૧૬૨)

**૧૦. મહિલાઓ માટે**

**કાનનાં મોટા કાણાં**
દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૭૨૨૫)

**૧૨. યાત્રા સહેલગાહ**

■ Private Car Tours Goa Himachal Kashmir Ladakh Uttaranchal Kerala Bhutan Vietnam Sikkim Thailand Singapore Cruise Private family Villa રેન્ટાકેબ મુંબઈ લોકલ આઉટ સ્ટેશન Pickup Drop All Over India ડિઝાયર ઇનોવા ક્રિસ્ટા ટેમ્પો ટ્રાવેલર સ્થાનિક, આંતરરાષ્ટ્રીય ફલાઈટ, હોટેલ Travel Insurance ARRHAM HOLIDAY 9892534488 / 9769977466 / 9326373672. (બી-૧૭૨૭૩)

**૧૪. નોકરી ખાલી છે**

PART TIME JOB GOVT. REgistered Co. Retired, Housewives, Benefits. 9819167779. (B-17301)

Steel Trading Corporation requires for
TURBHE, KALAMBOLI
BOISAR (TARAPUR)
SALES EXECUTIVES
ACCOUNTANT
● Age : 25 - 40 years
● Salary : upto Rs.50,000/-
send detailed CV on
WhatsApp - 9820199200
sales@shubhmlshah.com
(SDB-3170)

**૧૭. જગ્યા આપવી છે**

**પેડર રોડ**
જસલોક સામે, ‘નિલકમલ’, 2 BHK કાર્પેટ એરીયા 865' ઓનરશીપ, પ્રાઈઝ 4.75 Cr. તુરંત કબજો, 9820296693 ‘કટારીયા’ એજન્ટ. (બી-૧૭૨૫૯)

**બોરીવલી (વેસ્ટ)**
**સોની વાડી 4 બેડરૂમના ડુપ્લેક્સ ફ્લેટ 3028', ભાડું 100/- SQ FT, વેચાણમાં 40000/- SQ FT. કેતનભાઈ: 91378 69496. (૯૧૬-એ)**

**૧૯. ફેક્ટરી વર્કશોપ**

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**૨૩. મનોરંજન**

**નાટક - પીક્ચર**
મ્યુઝિકલ - સોશ્યલ ગ્રુપો: મુંબઈ - પાર્લા - મલાડ - બોરીવલીમાં. ફ્રીમાં મેમ્બરશીપ - 9324213190. (૯૧૪/એ)

**૩૩. ધંધાદારી**

**‘‘પ્રતાપ પેકર્સ - મુવર્સ’’**
52 વર્ષથી ઓફિસ/ ઘરસામાન, ફેરવવા - ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

**૩૫. જ્યોતિષ ભવિષ્ય**

**ગુરુજી**
**પિતૃદોષ, મુંઝવતા પ્રશ્નોનો લવ, બ્રેકઅપ, લગ્ન, સંતાન, ટૂંક સમયમાં તારીખ સાથે ચોક્કસ રિઝલ્ટ 7219004517. (૯૨૮-એ)**

**શાસ્ત્રીજી**
જુના જાણકાર ઘેર બૈઠા ફોન પર ઉપાય, પર્સનલ પ્રોબ્લેમ, પ્રેમમાં ધોકા શત્રુપીડા તુરંત નિકાલ. (Home Visit) 9765396401 (મુંબઈ). (બી-૧૭૨૪૫)

**૪૪. પેસ્ટ કન્ટ્રોલ**

■ ‘‘એસ પેસ્ટ કન્ટ્રોલ’’ ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675/ 9326448699. (કાંદિવલી). (૮૭૨/સી)

■ PREMIUM ૧૯૮૩થી વિશ્વાસુ - વાંદા, ઊધઈ, ઉંદરનો ઉપાય. PESTIGUARD - 81694 73531/ 98986 37635. (બી-૧૭૨૬૫)

**૫૨. કુરીઅર્સ**

**ફોરેન**
પાર્સલ માટે એક માત્ર જુનું વિશ્વસનીય નામ રમેશભાઈ - 9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)



**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


# બાબર બની ગયો બાવર્ચી

## પરિવાર માટે બનાવી બિરયાની

લાહોર: પાકિસ્તાનનો ભૂતપૂર્વ કૅપ્ટન બાબર આઝમ ઘણા મહિનાઓથી બૅટિંગમાં ફૉર્મ ગુમાવી બેઠો છે, પણ બિરયાની હંમેશની જેમ સ્વાદિષ્ટ બનાવી શકે છે અને એટલે જ તેણે શનિવારે ઇદ-ઉલ-ફિત્રના અવસરે ઘરમાં બિરયાની બનાવીને પરિવારજનોને ખવડાવી હતી.




૩૧ વર્ષના બાબરે બિરયાની ઉપરાંત સેવઇયાં અને શીર ખુરમા પણ બનાવ્યા હતા. તે ઘરમાં આ સ્પેશ્યલ ભોજન બનાવવામાં મશગૂલ હતો ત્યારનો વીડિયો તથા ફોટોગ્રાફ વાઇરલ થયા છે. સોશ્યલ મીડિયા પર ચાહકોએ બાબરના આ બાવર્ચી-લુકને તેમ જ ફૅમિલી માટે ભોજન બનાવવાના ઉત્સાહને વખાણ્યો હતો. બાબર તાજેતરના ટી-૨૦ વર્લ્ડ કપ વખતે પૂરો ફિટ નહોતો અને હવે પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ) માટે પણ પૂરો ફિટ ન હોવાનું જાણવા મળ્યું છે. પાકિસ્તાની મીડિયાના અહેવાલો અનુસાર બાબર તેમ જ ફખર ઝમાન વર્લ્ડ કપ વખતે ઈજાગ્રસ્ત હતા છતાં રમ્યા હતા જેને લઈને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડની ટીકા થઈ રહી છે.

નૅશનલ સિલેક્ટર અકીબ જાવેદે તાજેતરમાં મિસબાહ-ઉલ-હક, સરફરાઝ અહમદ, અસદ શફીકની હાજરીમાં પત્રકાર પરિષદમાં જાણકારી આપી હતી કે બાબર આઝમ તથા ફખર ઝમાન વર્લ્ડ કપ પહેલાં ફિટ નહોતા જેની જાણ સિલેક્ટરોને ટૂર્નામેન્ટ પછી કરવામાં આવી હતી. ■

# ‘લંડન જવા માટે ચાર્ટર્ડ ફ્લાઇટ જોઈએ?’ કોહલીએ અફવાને બે ઈમોજી સાથે હસી કાઢી

બેંગ્લૂરુ: વિરાટ કોહલી અને ઍક્ટ્રેસ-પત્ની અનુષ્કાએ લંડનમાં આલીશાન ઘર લઈ રાખ્યું છે વર્ષ દરમ્યાન પરિવાર (પુત્રી પાંચ વર્ષની વામિકા અને બે વર્ષીય પુત્ર અકાય) સાથે મોટા ભાગે ત્યાં જ રહે છે એવી અગાઉ થઈ ગયેલી ચર્ચા બાદ હવે આઇપીએલની ૧૯મી સીઝનના આરંભ પહેલાં એક અફવા ઊડી જેનો કોહલીએ તરત જ ટૂંકમાં જવાબ આપી દીધો.



કોહલી ડિફેન્ડિંગ ચૅમ્પિયન રૉયલ ચૅલેન્જર્સ બેંગ્લૂરુ (આરસીબી)નો ભૂતપૂર્વ કૅપ્ટન અને પીઢ ખેલાડી છે. ૨૦૨૫માં રજત પાટીદારના સુકાનમાં આ ટીમ આઇપીએલનું ટાઇટલ પહેલી વખત જીતી હતી. કોહલી વિશે કેટલાક અહેવાલોમાં એવી અફવાની જાણ કરાઈ હતી કે આઇપીએલ દરમ્યાન બે મૅચ વચ્ચે જો ત્રણથી વધુ દિવસનું અંતર હશે તો લંડન જવા અને પાછા આવવા માટે ચાર્ટર્ડ ફ્લાઇટની વ્યવસ્થા કરવી એવી માગણી કોહલીએ આરસીબીના ફ્રૅન્ચાઇઝી પાસે કરી છે.

જોકે કોહલીએ રવિવારે આ અફવા ફેલાતાં તરત જ ઇસ્ટાગ્રામ પરની સ્ટોરીમાં એકસાથે બે હસતા ઇમોજી બતાવીને અફવાને સાવ ખોટી સાબિત કરી દીધી હતી. કોહલીએ અફવા ફેલાવનારાઓને સંકેત આપી દીધો હતો કે કેટલાકે આ અફવાને સાચી માની લીધી હતી, પણ તમારા એ મિશનને તેણે (કોહલીએ) નિષ્ફળ બનાવી દીધું છે.

કોહલી હવે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં માત્ર વન-ડે રમે છે એટલે તે ઘણા દિવસે મેદાન પર પાછો ફરી રહ્યો છે. તેના કરોડો ચાહકો છે, પરંતુ કેટલાક લોકો મજાકિયા સ્વભાવના તેમ જ કોહલીની એકાગ્રતા તોડનારાઓ પણ હશે એટલે એમાંના જ કોઈકે કોહલી વિશે આ અફવા ફેલાવી હશે. જોકે કોહલીએ તેમને વધુ સફળ નથી થવા દીધા.

આઇપીએલમાં શનિવારે પ્રથમ મૅચ બેંગ્લૂરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં (સાંજે ૭.૩૦ વાગ્યાથી) બેંગ્લૂરુ અને હૈદરાબાદ વચ્ચે રમાશે. ■

# ઈન્જર્ડ પ્રીમિયર લીગ: આઈપીએલના ૧૦ ખેલાડી ઈજાને કારણે ચર્ચામાં

મુંબઈ: ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ની ૧૯મી સીઝન શરૂ થવાને માંડ છ દિવસ બાકી છે ત્યારે મોટા ભાગના ફ્રૅન્ચાઇઝીઓ પોતાની ટીમના કેટલાક ખેલાડીઓની ઈજાને લઈને ચિંતિત છે અને ક્રિકેટના શોખીનો પણ થોડા નિરાશ છે, કારણકે તેમને તેમના અમુક મનપસંદ ખેલાડીઓ આ વખતની આઇપીએલમાં નહીં જોવા મળે અથવા શરૂઆતની થોડી મૅચોમાં તેમના પર્ફોર્મન્સથી વંચિત રહેશે.

કેટલાક પ્લેયર એવા છે જેઓ ઈજાને કારણે આ વખતની ટૂર્નામેન્ટની બહાર થઈ ગયા છે. કોઈના સ્નાયુઓ ખેંચાઈ ગયા છે તો કોઈકને ફ્રૅક્ચર છે. આ વર્ષ ખૂબ વ્યસ્ત રહ્યું છે. તાજેતરમાં જ ટી-૨૦ વર્લ્ડ કપ રમાયો અને હવે બે મહિનાની આઇપીએલ શરૂ થવા જઈ રહી છે. બીજા અમુક ખેલાડીઓ શરૂઆતની કેટલીક મૅચો નહીં રમે અને બની શકે કે અમુક વિદેશી ખેલાડીઓ મધ્ય-પૂર્વમાં ચાલતા મહાયુદ્ધને લીધે ભારત આવવાને બદલે પોતાના દેશમાં પરિવાર અને મિત્રો સાથે જ રહેવાનું પસંદ કરતા હશે.

કઈ ટીમના કયા ખેલાડીને કેવી ઈજા છે અને કોણ ટૂર્નામેન્ટમાં નથી રમવાનું અને કોણે મોડું રમવાનું પસંદ કર્યું છે એ વિશેની જાણકારી આ અહેવાલમાં આપી છે. આઇપીએલની પ્રથમ મૅચ શનિવાર, ૨૮મી માર્ચે બેંગ્લૂરુમાં ડિફેન્ડિંગ ચૅમ્પિયન રૉયલ ચૅલેન્જર્સ બેંગ્લૂરુ અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચે રમાશે.

### આઇપીએલ-૨૦૨૬: ઈજાગ્રસ્ત ખેલાડીઓ વિશે જાણો...

(૧) હર્ષિત રાણા (પેસ બોલર, કોલકાતા): ઘૂંટણમાં સર્જરી કરાવી. આખી ટૂર્નામેન્ટ નહીં રમે.

(૨) આકાશ દીપ (પેસ બોલર, કોલકાતા): પીઠની ઈજાને કારણે આખી ટૂર્નામેન્ટ નહીં રમે.

(૩) મથીશા પથિરાના (પેસ બોલર, કોલકાતા): પગની ઈજાને લીધે મધ્ય એપ્રિલમાં રમવા આવશે.

(૪) પૅટ કમિન્સ (કૅપ્ટન-પેસ બોલર, હૈદરાબાદ): પીઠની ઈજાને કારણે ટૂર્નામેન્ટની મધ્યમાં રમવા આવશે.

(૫) જૅક એડવર્ડ્સ (ઑલરાઉન્ડર, હૈદરાબાદ), પગની ઈજાને કારણે આખી ટૂર્નામેન્ટ નહીં રમે.

(૬) સૅમ કરૅન (ઑલરાઉન્ડર, રાજસ્થાન), સાથળના દુખાવાને લીધે આખી ટૂર્નામેન્ટ નહીં રમે.

(૭) જૉશ હૅઝલવૂડ (પેસ બોલર, બેંગ્લૂરુ) સાથળના પાછળના ભાગમાં દુખાવાને કારણે શરૂઆતની થોડી મૅચો નહીં રમે.

(૮) નૅથન એલિસ (પેસ બોલર, ચેન્નઈ): સાથળના પાછળના ભાગમાં દુખાવાને લીધે આખી ટૂર્નામેન્ટ નહીં રમે.

(૯) મિચલ સ્ટાર્ક (પેસ બોલર, દિલ્હી): વર્કલૉડને લીધે શરૂઆતની થોડી મૅચો નહીં રમે.

(૧૦) લૉકી ફર્ગ્યુસન (પેસ બોલર, પંજાબ): ફુલ્લી ફિટ છે, પણ નવજાત બાળક સાથે થોડો સમય વીતાવવો હોવાથી શરૂઆતની અમુક મૅચો નહીં રમે. ■

# સાઉથ આફ્રિકાએ સિરીઝ ૨-૨થી લેવલ કરી

વેલિંગ્ટન: રવિવારે સાઉથ આફ્રિકા સામે સિરીઝની ચોથી ટી-૨૦ જીતીને ન્યૂ ઝીલૅન્ડને આ હરીફ સામે પહેલી વખત બે કે બેથી વધુ ટી-૨૦ મૅચની સિરીઝ જીતવાની તક હતી, પણ કેશવ મહારાજની આગેવાનીમાં સાઉથ આફ્રિકન ટીમે એમાં કિવીઓને સફળ ન થવા દીધા.



કૉન્નોર એસ્ટરહુઇઝેન


શ્રેણીની આ ચોથી મૅચમાં સાઉથ આફ્રિકાએ બૅટિંગ લીધા બાદ વિકેટકીપર કૉન્નોર એસ્ટરહુઇઝેનના ૫૭ રનની મદદથી પાંચ વિકેટે ૧૬૪ રન કર્યા હતા.

જવાબમાં ન્યૂ ઝીલૅન્ડ ૧૪૫ રનમાં આઉટ થઈ ગયું હતું, કારણકે સાઉથ આફ્રિકાના પેસ બોલર જેરાલ્ડ કૉએટ્ઝીએ ત્રણ, ઑટનિલ બાર્ટમેને બે વિકેટ લીધી એ ઉપરાંત ખાસ કરીને ખુદ કૅપ્ટન કેશવ મહારાજ તથા બીજા સ્પિનર પ્રેનેલન સુબ્રાયેનની બે-બે વિકેટને લીધે ન્યૂ ઝીલૅન્ડના બૅટ્સમેનો સસ્તામાં વિકેટ ગુમાવી બેઠા હતા. ઓપનર ટિમ રૉબિન્સનના ૩૨ રન કિવીઓની ટીમમાં હાઈએસ્ટ હતા.

# ઑસ્ટ્રેલિયા ૧૧ મહિનામાં ૨૧ ટેસ્ટ રમશે!

મેલબર્ન: ઑસ્ટ્રેલિયાના ક્રિકેટ બોર્ડે તૈયાર કરેલા ૨૦૨૬-’૨૭ની સીઝન માટેના શેડ્યૂલ મુજબ ઑસ્ટ્રેલિયાની ટીમ આગામી ઑગસ્ટથી માંડીને ૨૦૨૭ના જૂન મહિના સુધીના ૧૧ મહિનામાં કુલ ૨૧ ટેસ્ટ રમશે જેમાં વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપની ફાઇનલ (જો ઑસ્ટ્રેલિયા એમાં ક્વૉલિફાય થાય તો જ)નો પણ સમાવેશ છે. આ સમયપત્રકમાં ભારતમાં જાન્યુઆરી, ૨૦૨૭માં રમાનારી પાંચ ટેસ્ટનો પણ સમાવેશ છે. ■

# ક્રિકેટચાહકે સૂર્યકુમાર તરફ અચાનક મોબાઈલ ફેંક્યો, જાણી લો સાચું કારણ...



મુંબઈ: આઈપીએલ શરૂ થવાને છ દિવસ બાકી છે ત્યારે સૂર્યકુમાર યાદવ સાથે એક એવી ઘટના બની જેનો વીડિયો અને ફોટો વાઇરલ થયા છે. મુંબઈ ઇન્ડિયન્સની ઇવેન્ટમાં ટીમના મુખ્ય બેટ્સમેનમાંના એક અને ભારતના ટી-૨૦ વર્લ્ડ ચૅમ્પિયન કેપ્ટન સૂર્યકુમારને બે દિવસ પહેલાં એક હળવો આંચકાજનક અનુભવ થયો.

આ ઇવેન્ટ વખતે એમઆઈના એક ચાહકે મિત્રતાના સ્વભાવ માટે જાણીતા સૂર્યકુમારને સેલ્ફી દ્વારા પોતાના મોબાઈલના કૅમેરામાં કેદ કરી લેવા વિચિત્ર નુસખો અજમાવ્યો હતો.

ઇવેન્ટની ઇમારતમાં સૂર્યા એક બાલ્કનીમાં (ઉપરના લેવલમાં) ઊભો હતો અને નીચેથી એક ચાહકે સેલ્ફી લેવાની વિનંતી કરીને ઉપર ઊભેલા સૂર્યા તરફ અચાનક પોતાનો મોબાઈલ ફેંક્યો હતો. સૂર્યા અફલાતૂન કૅચ ઝીલવા માટે પ્રખ્યાત છે, પણ આ રીતે ઓચિંતો મોબાઈલ પોતાની તરફ આવશે એની તેને કલ્પના પણ નહોતી એટલે તે એ ઝીલી નહોતો શક્યો. ફોન નજીકમાં નીચે પડ્યો હતો અને સૂર્યાને એ આપવામાં આવ્યો અને સૂર્યાએ એમાં પોતાને અને નીચે ઊભેલા પેલા ફૅન સહિતના ચાહકોને કવર કરીને સેલ્ફી લીધી હતી. બધા ખૂબ હસ્યા હતા અને સૂર્યાને ચિયર-અપ કર્યું હતું.

સૂર્યાએ આ ઘટનાને મિત્રતાના ભાવે ગણીને હળવી બનાવી નાખી અને દૂર ઊભા રહીને પણ ચાહકની ઈચ્છા પૂરી કરી એ બદલ સોશ્યલ મીડિયામાં સૂર્યાની વાહ-વાહ થઈ રહી છે.

કોઈ ક્રિકેટ-કેપ્ટન તરફ અચાનક કંઈક ફેંકવામાં આવે એમ છતાં એ કેપ્ટન સ્થિતિને હળવી બનાવી નાખે એ સમજદારી અને કાબેલિયત સૂર્યાએ બતાવી એ બદલ તેની ખૂબ પ્રસંશા થઈ રહી છે. ■

# ધર્મતેજ

## આઠ રાત્રીની નવરાત્રી

મનન

હેમંત વાળા
feedback@bombay samachar.com



સામાન્ય રીતે એમ માનવામાં આવે કે નવરાત્રીના તહેવારમાં નવ રાત્રી હોય અને નવ દિવસ હોય, પણ ઘણીવાર આમ નથી હોતું. નવરાત્રી આઠ દિવસની પણ હોય અને દસ દિવસની પણ. અહીં એ વાત તો સ્થાપિત થાય છે કે કેટલાંક સંજોગોમાં સમયનું માપ ઘડિયાળ કે કેલેન્ડર મુજબનું નથી હોતું. તેમાં પણ ખાસ કરીને જ્યારે ગ્રહોની ગતિ, ચંદ્રની સ્થિતિ અને સૂર્યના સ્થાનની ગણતરી મુજબ ગણના હતી હોય ત્યારે ઘડિયાળ કે કેલેન્ડરનું મહત્ત્વ એટલું ન હોય.

ચૌદમી જાન્યુઆરીની વાત અલગ છે, અહીં કેલેન્ડર પ્રમાણે તહેવાર નક્કી થાય છે. અન્યથા તહેવાર પ્રમાણે કેલેન્ડર પોતાની વાત રજૂ કરે. સનાતની સંસ્કૃતિમાં તહેવાર એક ‘યોગ’ હોય છે; જ્યાં ખગોળીય પદાર્થની સ્થિતિ, પૃથ્વી પર પ્રવર્તમાન મોસમી પરિસ્થિતિ, જે તે સમય સાથેનાં પૂર્વાપર સંબંધ તથા ખગોળીય પદાર્થની અસરથી માનવીના મન પર પડતી ભાવનાકીય તેમજ શ્રદ્ધાકીય અસરનું આકલન કરવામાં આવે છે. સનાતની તહેવાર એ ચોક્કસ ગણિતનો વિષય છે, પરંતુ સાથે સાથે તે ભાવનાત્મક ઉભારનું પ્રતિબિંબ છે, જે તે સમયે પ્રવર્તમાન ઊર્જાનું નિર્દેશન છે, શ્રદ્ધાને પ્રેરણા આપતું બળ છે, વૈશ્વિક સમીકરણમાં સકારાત્મક ફાળો આપતી ઘટના છે, દ્રષ્ટા એવાં ઋષિઓ દ્વારા કરાયેલું સૂચન છે, પરંપરાથી સ્થાપિત સાંસ્કૃતિક ઇતિહાસ છે, ચોક્કસ પ્રકારની સર્જનાત્મક ભાવનાને ઊર્જા આપતી પરિસ્થિતિ છે, સામાજિક સમરસતા માટેની સાત્વિક સંભાવના છે, મૂલ્યનિષ્ઠ સામૂહિક આદર્શ સમજવાની તક છે, શરીર તથા મનને પુનઃ જાગૃત કરવાનો આશય છે, ઉત્સવીય માહોલનું સર્જન કરી પરસ્પર ખુશી વહેંચવાની પરંપરા છે, જીવનની કેટલીક બાબતોને નવી માનસિકતા સાથે નવી શરૂઆત આપવાની પ્રથા છે, દેવી શક્તિની હાજરીની અનુભૂતિ માટે પ્રયાસ કરવાનું સૂચન છે, પવિત્રતા સાથે શુદ્ધિ તેમજ ધાર્મિકતાને દ્રઢ કરવાનો રિવાજ છે, અને આ બધાં સાથે સમગ્ર સૃષ્ટિ સાથે હકારાત્મક સંવાદ સ્થાપવાનો પ્રયાસ છે. આ બધી વાતો, ઘડિયાળ અને કેલેન્ડરના સમયપત્રકમાં, એક સાથે સમાઈ શકે તે શક્ય નથી.

અહીં એમ પણ નથી કે નવરાત્રીમાં બરાબર આઠ કે નવ કે દસ દિવસ હોય - ૧૯૨, ૨૧૬ કે ૨૪૦ કલાક હોય. અહીં ક્યારેક આવી કલાકની ગણતરી પણ તહેવારના સૂક્ષ્મ માળખામાં બંધબેસતી ન પણ હોય. સનાતની તહેવાર એ વૈશ્વિક ઊર્જાનાં પ્રકાર અને દિશાને આધારે નક્કી કરાતી ઘટના છે. હવે તો વિજ્ઞાન પણ માને છે કે દરેક ગ્રહનો એક રંગ છે અને તે ગ્રહ પૃથ્વીથી ચોક્કસ અંતરગાળામાં ચલિત રહે છે. પ્રત્યેક ગ્રહના આ રંગ અને પૃથ્વીથી તેનાં અંતરને આધારે સૂર્યનાં કિરણો ત્યાંથી પરાવર્તિત થઈને જે માત્રામાં પૃથ્વીના જે ભૂભાગ પર ઉતરે છે તેના આધારે ત્યાં વિશેષ પ્રકારનો રંગ-સમૂહ સ્થાપિત થાય છે. રંગ ત્યારે જ અનુભવમાં આવે જ્યારે તેની સાથે પ્રકાશ જોડાયેલો હોય અને પ્રકાશ એ ઊર્જાનું એક સ્વરૂપ છે; તેથી એમ કહી શકાય કે આ રંગ-સમૂહ એક વિશેષ પ્રકારની ઊર્જાને સ્થાપિત કરે. સનાતની સંસ્કૃતિના તહેવારો આ ઊર્જાના પ્રકાશને આધારે નક્કી થતાં હોય છે તેમ વિશ્વાસપૂર્વક કહી શકાય. નવરાત્રીના તહેવારમાં આવી ચોક્કસ પ્રકારની ઊર્જા જેટલા સમય સુધી પૃથ્વીના આ ભૂભાગમાં પ્રાપ્ત થાય તેટલા સમય સુધી નવરાત્રીનો તહેવાર પ્રવર્તમાન છે તેમ કહેવાય.

આ સમયગાળામાં સુચિત અને નિર્ધારિત પૂજા કરવાની હોય, મા જગદંબાના કોઈપણ કે જે તે સ્વરૂપની ભક્તિ કરવાની હોય, યજ્ઞ-હવન જેવાં શાસ્ત્રીય રીતે સૂચિત ક્રિયા-કર્મ કરવાનાં હોય, સામાજિક સમરસતા સાથે ઉત્સવીય માહોલ સર્જી સામાજિક ઉત્તરદાયિત્વ સ્વરૂપ ધર્મનું પાલન કરવાનું હોય, પોતાની શ્રદ્ધા અનુસાર ઇષ્ટદેવની આરાધના કરવાની હોય અને આધ્યાત્મના માર્ગ પર આગળ વધી શકાય તે માટે જગત-જનનીને વિનંતી કરવાની હોય. એમ કહી ન શકાય કે આમ કરવા માટે નવ દિવસની આવશ્યકતા હોય. હકીકત તો એ છે કે નવરાત્રીના ચોઘડિયામાં આની શરૂઆત કરી જ્યાં સુધી અંતિમ પરિણામ પ્રાપ્ય ન થાય, માતાની પરમ-કૃપા સમાન અંતિમ લક્ષ્ય સિદ્ધ ન થાય, માયાના પ્રપંચનો તોડ ન નીકળે, નિત્ય-અનિત્યનો ભેદ સમજમાં ન આવે કે દ્રષ્ટિ અંદરની તરફ ન વળે ત્યાં સુધી પ્રયત્નો ચાલુ રાખવા પડે; નવરાત્રી ત્યાં સુધી લંબાય. નવરાત્રી તો આત્માનુભૂતિ થઈ શકે તે માટેના પુરુષાર્થના પ્રારંભ માટે છે, તેનો અંત તો પરિણામ પ્રાપ્તિ સમયે થાય. જ્યારે નવરાત્રી જેવાં તહેવારને સમયની મર્યાદામાં બાંધવામાં આવે ત્યારે તે તહેવાર પાછળનો મૂળ હેતુ સિદ્ધ થવાની સંભાવના ઓછી રહે.

અન્ય તહેવારની સરખામણીમાં આ લાંબો તહેવાર છે. તેનાં સ્પષ્ટ કારણો છે. આ સમયગાળામાં કરવાં યોગ્ય ધાર્મિક તેમજ આધ્યાત્મિક કાર્ય ઘણાં છે. અહીં સ્વરૂપની પસંદગી પણ શક્ય છે, ભક્તિ કે સાધનાના માર્ગમાં વિવિધતા હોવાથી તેમાં પણ પસંદગીની સંભાવના છે, પ્રાપ્ય સંસાધનો, ઉપકરણો તથા વ્યક્તિગત ક્ષમતા તેમજ રુચિ અનુસાર માર્ગની પસંદગી પણ થઈ શકે છે. અહીં જે માત્રામાં અને જે પ્રકારની અને જે વિવિધતાથી, ભક્તિની વિવિધ સંભાવનાઓનો સમાવેશ થાય છે તે અકલ્પનીય છે, અદભુત છે અને માનવજાત પર વરદાન સમાન છે. આ વરદાન ઘડિયાળ કે કેલેન્ડરની ગતિ પ્રમાણે કાર્યરત ન રહે તે સ્વાભાવિક છે.

નવરાત્રીના દિવસો નક્કી કરવા માટેની સ્પષ્ટ ગણતરી પંચાંગમાં જોવાં મળે. અહીં ઘડિયાળ તથા કેલેન્ડરમાં નિર્ધારિત થઈ શકે તે સ્તરની ગણતરી શક્ય હોય છે, પરંતુ સનાતનની તહેવારમાં આવી ભૌતિક ગણતરી કરતા સૂક્ષ્મ ભાવ, સૂક્ષ્મ સંવેદના તથા સૂક્ષ્મ ચેતનાની સમજને વધુ મહત્ત્વ અપાય છે. સંપૂર્ણતામાં તો એમ કહી શકાય કે તહેવાર મનમાં હોય, તેનો સમયગાળો પણ મનની સ્થિતિ પ્રમાણે નિર્ધારિત થાય. જેને માતાનું શરણું પ્રાપ્ત થયું હોય તે આખું વરસ નવરાત્રી ઉજવી શકે. ■

## આપણા જીવનમાં જ્યારે આરામ પ્રગટે તે દિવસને રામનવમી સમજો



માનસ મંથન

મોરારિબાપુ
feedback@
bombaysamachar.com

ચૈત્ર નવરાત્રિના પાવન દિવસો છે. રામનવમી-રામજન્મને દિવસે આ કથાનો વિરામ થશે. હું વિચારી રહ્યો હતો કે આ કથામાં ‘રામચરિત-માનસ’માંથી ક્યા વિષય પર બોલું ? બહુધા જ્યારે રામનવમી પર ક્યાંય પણ કથા હોય છે ત્યારે રામજન્મને કેન્દ્રમાં રાખી મારી વ્યાસપીઠ મુખર થતી રહે છે. તો મને થયું કે આ વખતે હું ‘રામજનમ કે હેતુ અનેકા’ એ વિષય પર કહું.

ભગવાન રામને પ્રગટ થવાના અનેક હેતુ છે. અને એ બધા હેતુ સામાન્ય નથી, પરમ વિચિત્ર છે અને એકથી એક ચઢિયાતા છે. તો ભગવાન રામના પ્રાગટ્યના જે પરમ વિચિત્ર અનેક હેતુઓ છે, એ હેતુઓના સંદર્ભમાં આપણે નવ દિવસ ચર્ચા કરશું અને આ કથાનો સબ્જેક્ટ રહેશે ‘રામજનમ કે હેતુ અનેકા.’

રામકથા વિશે તમને નવું હું શું કહું? કોણ નથી જાણતું રામકથા વિશે? આખી દુનિયા જાણે છે. રામકથાથી બધા પરિચિત છે, કેમકે રામકથા આપણા બધાની કથા છે. શું આપણા જીવનમાં ‘બાલકાંડ’ નથી આવતો ? ‘બાલકાંડ’ વિના તો આપણે આગળ વધી જ નથી શકતા. શું આપણા જીવનમાં યુવાનીનો ‘અયોધ્યાકાંડ’ નથી આવતો, જેમાં કશ્મકશ હોય ? મળવાનું હોય કંઇક અને મળી જાય કંઇક ! શું યુવાનીમાં આપણને સફળતા અને અસફળતાનાં દ્વંદ્વ ઘેરી નથી વળતાં ?

કોઇ પણ ધર્મનો માણસ હોય; બધાનાં જીવનમાં ‘બાલકાંડ’ છે, બધાનાં જીવનમાં ‘અયોધ્યાકાંડ’ છે અને એક સમયે બધાનાં જીવનમાં ‘અરણ્યકાંડ’ આવે છે. માણસ થાકીને વિચારે છે કે હવે હું કોઈ એવા મારગમાં ચાલુ કે જ્યાં એકાંત હોય, શાંતિ હોય. આપણા બધાનાં જીવનમાં ‘કિષ્કિન્ધાકાંડ’ આવે છે. ‘કિષ્કિન્ધા’ એટલે મૈત્રી. આપણે એકબીજા સાથે મૈત્રીથી જોડાયેલા છીએ. કોના જીવનમાં ‘સુંદરકાંડ’ નથી આવતો? હું તો યુવાન ભાઈ-બહેનોને કહીશ કે આપના જીવનમાં ‘સુંદરકાંડ’ ચાલી રહ્યો છે. ભારતીય પરંપરાને નજર સમક્ષ રાખીને મોજમાં રહો. અને કોના જીવનમાં ‘લંકાકાંડ’ નથી આવતો? સંઘર્ષ, સમર્પણ, અપહરણ, શું શું નથી આવતું ? અને કોના જીવનમાં ‘ઉત્તરકાંડ’ નથી આવતો? ઉત્તરાવસ્થા કોને નથી આવતી?



તો, રામકથા સૌની કથા છે. શું કામ આપણે તેને નાની બનાવીએ ? કેટલાક લોકો આલોચનાના રૂપમાં કહે છે કે, ‘અરે ભાઈ, છોડ ને આ રામાયણ !’ ‘રામાયણ’ છોડી શકાય નહીં, કેમ કે ‘રામાયણ’ તમારું જીવન છે. પછી તમે કોઈ પણ પંથના હો, શું ફરક પડે છે ? રામ એટલે શું ? રામ એટલે સાત વસ્તુ. રામનો અવતાર સાતમો અવતાર છે. આપને ત્યાં દશાવતાર મનાય છે. મારી તલગાજરડી વ્યાસપીઠ એ કહેવા માંગે છે, મારો રામ નાનો નથી. જે રામનામ લેવાથી લોકો ડરે છે કે તમે સાંપ્રદાયિક થઇ ગયા ! નહીં, રામ એટલા નાના નથી. રામની સામે આકાશ નાનું પડે. રામના શીલ આગળ સિંધુ શરમિંદો થઈ જાય છે. રામ ધૈર્ય આગળ પૃથ્વી શરમ અનુભવે છે.

ઓશોએ રામની આલોચના પણ કરી છે. કરે, સૌની નિજતા છે. આપણે સંવાદના માણસો એ વિવાદમાં શું કામ પડીએ ? એ જ ઓશોએ એકવાર કહ્યું હતું કે આ વિશ્વમાં જ્યારે પરમતત્ત્વને કોઈ નામ આપવાની વાત આવી ત્યારે સૌથી પહેલાં એનું નામ ‘રામ’ અપાયું હતું. હું ઓશોને સલામ કરું; કેમકે રામ એ તત્ત્વ છે; રામ એ સદા-સર્વદા છે.

મારી દૃષ્ટિએ જેને આપણે મૂર્તિમંત કહીએ છીએ, જે અવતાર લઈને રામના રૂપમાં પ્રભુએ લીલા કરી એ રામ તો છે જ; ગુણાતીત શ્રદ્ધાનો દરિયો છે એ, પરંતુ મારાં યુવાન ભાઈ-બહેનો, આજના સંદર્ભમાં રામનું જન્મવું એટલે શું? રામ એટલે આરામ.

આપણા જીવનમાં જ્યારે પણ આરામ પ્રગટે ત્યારે રામનવમી સમજો. ચૈત્ર માસની પ્રતીક્ષા ન કરો; ત્રેતાયુગની પ્રતીક્ષા ન કરો. તમારા નિજજીવનમાં, તમારાં પત્ની-બાળકો સાથે, તમારા સમાજ સાથે જ્યારે તમે આરામ અનુભવો ત્યારે સમજવું કે તમારા જીવનમાં રામનો જન્મ થયો છે. એ જ છે ચૈત્ર શુક્લ નવમી. જે દિવસે રામનું પ્રાગટ્ય આપણા હૃદયમાં આપણે અનુભવીએ એ દિવસ જ રામનવમી ગણાય. ‘માનસ’માં રામજનમમાં પાંચ હેતુ છે. અને એ પણ ગોસ્વામીજીના શબ્દોમાં પરમવિચિત્ર અને એક કરતાં એક ચડિયાતા. એ ખાસ સંકેતો પૂરા પાડે છે. રામ કોઈ વ્યક્તિગત હેતુ માટે જગતમાં આવે છે કે વૈશ્વિક હેતુ માટે ? ક્યાં રામની આ દેશે પૂજા કરી ? વ્યક્તિગત રામની કે વૈશ્વિક રામની ? સાહેબ ! આપણા પુરાણગ્રંથોમાં એવી કથા મળે છે કે ઘણા જન્મો આપણે ત્યાં એવા થયા કે જન્મની પહેલા પૃથ્વી ઉપર અનર્થો સર્જાયા. ક્યાંક ભૂકંપ, ક્યાંક દિશાશૂન્યતા, ક્યાંક દિશાઓમાં અગ્નિ, ક્યાંક જવાળામુખી-આ બધાં કારણો બતાવ્યા છે, એની સામે મારા રામનો જનમ લો. એ આવે એટલે આનંદની વૃદ્ધિ થાય છે, શાંતિસ્થપાય છે, પ્રેમ સ્થપાય છે, લોકોને સત્યમાં રુચિ જન્મે છે. મનુ-શતરૂપા માટે વ્યક્તિગત રૂપે રામ આવ્યા. તુલસી કહે છે એ વ્યક્તિગત ભલે આવ્યો પણ, આખા વિશ્વ માટે એમણે અવતાર ધારણ કર્યો છે. એવા વૈશ્વિક રામની પૂજા આ રાષ્ટ્ર કરે છે. શું કામ મંદિરોમાં રામ છે ? રામ વૈશ્વિક છે.

બીજું, રામ એટલે વિરામ. આરામ અને વિરામમાં ફર્ક છે. વિરામ કહેવાય છે વિશેષ આરામને; વિશેષ, વધારે આરામ. આપણો આરામ ક્ષણભંગુર હોય છે; સમયમાં સીમિત હોય છે, પરંતુ આજે બહુ જ વિરામ મળ્યો, એવું અનુભવાય તો સમજવું કે રામ પ્રગટ થયા છે. ત્રીજું, આપણા જીવનમાં વિશ્રામ મળે ત્યારે સમજવું કે રામ પ્રગટ થયા છે. તુલસી કહે છે તેમ, ‘**पायो परम विश्राम**.’ ચોથું, અભિરામ. યુવાનો, યાદ રાખજો, હું પહેલી વાર કહી રહ્યો છું; તમારો ‘સુંદરકાંડ’ ચાલી રહ્યો છે. જ્યારે તમારો ‘સુંદરકાંડ’ ચાલી રહ્યો છે ત્યારે જ્યાં પણ અભિરામ ચીજ જુઓ ત્યારે સમજવું કે એ રામ છે. ‘**राम सच्चिदानंद दिनेसा**.’ આપણા દિલમાં આનંદ પ્રગટે ત્યારે સમજવું કે રામ પ્રગટ થયા છે. આનંદ છે રામ. અને મારે આ કથામાં ખાસ કહેવું છે કે છઠ્ઠા રામ છે આરોગ્ય. આપણા શરીરમાં નીરોગીતા હોય ત્યારે સમજવું કે આપણા હૃદયની અયોધ્યામાં રામ જન્મ્યા છે. તલગાજરડાને એવું લાગે છે કે આરોગ્ય એ રામ છે. અને કોઈ પણ હોય; કોઇપણ ધર્મના, કોઈ પણ જાતિના, કોઈ પણ વર્ણના, કોઈ પણ વેશના, કોઈ પણ ભાષાના હોય, એ જ્યારે તમારી પાસે આવે અને તમે એમને પ્રેમથી આવકાર આપો, એ આવકાર સાતમા રામ છે.

મારા હાઇસ્કૂલના પ્રિન્સિપાલ હતા એ મને કહેતા કે બાપુ, રામ-રામ રટવાથી રામના દર્શન થાય કે નહિ એ ખબર નથી, પરંતુ ‘રામ-રામ’ રટવાથી માણસ રામ થઇ શકે. અને એ રામ થવું એટલે કે આરામના રૂપમાં, વિરામના રૂપમાં, અભિરામના રૂપમાં, આરોગ્યના રૂપમાં, આનંદના રૂપમાં, આવકારના રૂપમાં રામ થવું એ.

(સંકલનઃ જયદેવ માંકડ)■

## બ્રહ્મજ્ઞાન મેળવવાનો અધિકાર એને છે જે સાંસારિક મોહને ત્યાગી ચૂક્યો હોય

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombay samachar.com




(ગતાંકથી ચાલુ)

ભગવાન શિવ આશીર્વાદ આપતાં જ ધરૌમ્ય કબૂતર યોનીમાંથી મુક્ત થઈ માનવ યોનીમાં પ્રવેશ કરે છે અને પોતાના ગુરુને બ્રહ્મજ્ઞાન આપવા નીકળી પડે છે. માતા પાર્વતી દ્વારા પોતાના બ્રહ્મજ્ઞાનનું શું એવું પુછાતાં ભગવાન શિવ કહે છે, ‘હું આ જ્ઞાન કોઈને પણ એકવખત જ આપી શકું છું, મને ખાતરી છે કે જગત કલ્યાણ માટે તમે યોગ્ય સમયે બ્રહ્મજ્ઞાન મેળવીને જ રહેશો.’ પ્રસન્ન માતા પાર્વતી અમરનાથ ગુફામાં નિવાસ કરવાનું કહેતાં ભગવાન શિવ કહે છે, ‘તમારી ઈચ્છાને પૂર્ણ કરવા આપણે તમે કહેશો નહીં ત્યાં સુધી અહીં નિવાસ કરીશું. પણ આપણે આ રૂપમાં ન રહેતાં આપણાં પ્રતિકસમા હિમલિંગમાં જ્યોતિ સ્વરૂપે નિવાસ કરીશું.’ એ જ ક્ષણે માતા પાર્વતી અને ભગવાન શિવ જ્યોતિ સ્વરૂપે હિમલિંગમાં પ્રવેશ કરે છે. કૈલાસ ખાતે શિવગણો માતા પાર્વતી અને ભગવાન શિવના વિરહમાં દુઃખી હોય છે. દેવર્ષિ નારદ તુરંત વૈકુંઠલોક પહોંચે છે અને ભગવાન શ્રીહરિ વિષ્ણુને દિવ્યદૃષ્ટિથી માતા પાર્વતી અને ભગવાન શિવ ક્યાં વિદ્યમાન છે એ જોવાનું કહે છે. શ્રીહરિ વિષ્ણુ પોતાની દિવ્યદૃષ્ટિની જુએ છે અને કહે છે, ‘મને ફક્ત બે હિમલિંગ દેખાઈ રહ્યા છે બીજું કંઈ નહીં. મને આ રહસ્ય સમજાઈ રહ્યું નથી.’ જિજ્ઞાસુ દેવર્ષિ નારદ કહે છે, ‘પ્રભુ તમારે માતા લક્ષ્મી સાથે કૈલાસ જવું જોઈએ, જેથી શિવગણોનું દુઃખ ઓછું થાય અને હું ભ્રમણ દ્વારા હિમલિંગનું રહસ્ય સમજવાની કોશિશ કરીશ.’ દેવર્ષિ નારદની વાત યોગ્ય લાગતાં ભગવાન શ્રીહરિ વિષ્ણુ અને માતા લક્ષ્મી કૈલાસ પહોંચે છે. બીજી તરફ દેવર્ષિ નારદ બ્રહ્મલોક પહોંચી બ્રહ્માજીને પણ તેમની દિવ્યદૃષ્ટિથી જોવા કહે છે. બ્રહ્માજી પણ ભગવાન શ્રીહરિ વિષ્ણુની જેમ દિવ્યદૃષ્ટિથી જોઈ કહે છે કે, મને ફક્ત બે હિમલિંગ દેખાઈ રહ્યા છે બીજું કંઈ નહીં. દેવર્ષિની વાત સાંભળી બ્રહ્માજી અને માતા સરસ્વતી પણ કૈલાસ પહોંચે છે. આકાશમાર્ગે આગળ વધતાં દેવર્ષિ નારદની દૃષ્ટિ મહર્ષિ ઓર્વના આશ્રમ પર પડે છે. ઋષિ ધરૌમ્ય માનવ યોની મેળવી ગુરુ ઓર્વનાં ચરણોમાં બેઠા છે. દેવર્ષિ નારદ તુરંત તેમની પાસે પહોંચતાં જ ઋષિ ધરૌમ્ય તેમનો આભાર માનતા કહે છે, ‘તમારા કહેવાથી ભગવાન શિવ અને માતા પાર્વતીએ મને આશીર્વાદ આપી કબૂતરયોનીમાંથી મુક્ત કર્યો અને બ્રહ્મજ્ઞાન આપ્યું.’ દેવર્ષિ નારદ દ્વારા પૂછાતાં ઋષિ ધરૌમ્ય જણાવે છે કે ‘ભગવાન શિવ માતા પાર્વતીને બ્રહ્મજ્ઞાન આપવા અને મને કબૂતર યોનીમાંથી મુક્ત કરવા હિમાલય પર્વતમાળામાં અમરનાથ ગુફાનું નિર્માણ કર્યું છે.’ ભગવાન શિવ અને માતા પાર્વતી કયા સ્થાન પર વિદ્યમાન છે એની જાણકારી મળતાં જ દેવર્ષિ નારદ ત્યાંથી વિદાય લે છે અને કૈલાસ પહોંચે છે. ત્યાં પહેલેથી જ માતા લક્ષ્મી, ભગવાન શ્રીહરિ વિષ્ણુ, માતા સરસ્વતી અને બ્રહ્માજી ઉપસ્થિત હોય છે. દેવર્ષિ નારદ જણાવતા કહે છે કે, માતા પાર્વતી અને ભગવાન શિવે મહર્ષિ ઓર્વના શિષ્ય ઋષિ ધરૌમ્યને હિમાલયની પર્વતમાળાની એક ગુફામાં કબૂતરયોનીમાંથી મુક્ત કરી બ્રહ્મજ્ઞાન આપ્યું છે. તો ચાલો અમરનાથ ગુફા.’

* * *

આટલું કહેતાં જ માતા લક્ષ્મી, ભગવાન શ્રીહરિ વિષ્ણુ, માતા સરસ્વતી, બ્રહ્માજી અને સમસ્ત શિવગણ ત્યાંથી નીકળી અમરનાથ ગુફા તરફ પ્રયાણ કરે છે. થોડા સમયમાં જ સમસ્ત દેવગણ અમરનાથ ગુફા પહોંચે છે. તેઓ જુએ છે કે સામે બે હિમલિંગ વિદ્યમાન છે.

ભગવાન શ્રીહરિ વિષ્ણુઃ ‘દેવર્ષિ મને આ જ બે હિમલિંગ દૃશ્યમાન થતી હતી.’

બ્રહ્માજીઃ ‘મને પણ આ જ બે હિમલિંગ દૃશ્યમાન થતી હતી.’

માતા લક્ષ્મી, ભગવાન શ્રીહરિ વિષ્ણુ, માતા સરસ્વતી, બ્રહ્માજી અને સમસ્ત શિવગણ દ્વારા બંને હિમલિંગની લાંબો સમય સુધી પૂજા-અર્ચના ચાલુ રહેતાં માતા પાર્વતી અને ભગવાન પ્રસન્ન થાય છે અને ભગવાન અમરેશ્વર સાક્ષાત દર્શન આપે છે.

ભગવાન શિવઃ ‘અહીં ઉપસ્થિત દેવીઓ પોતાની મનોકામના અને શ્રદ્ધા અનુસાર બ્રહ્મજ્ઞાન મેળવવાની ઇચ્છા ધરાવી પ્રયત્ન કર્યો અને પોતાની પાત્રતા બાબતે ઘણા પ્રશ્નો ઉઠાવ્યાં. હું તમને જણાવવા માગું છું કે, બ્રહ્મજ્ઞાન મેળવવાનો અધિકાર એને છે જે સાંસારિક મોહને ત્યાગી ચૂક્યો હોય અને કોઈ સાંસારિક ઇચ્છા પણ ન હોય. જીવનથી મુક્ત થઈ પરમાત્મામાં વિલય થવા ઇચ્છુક હોય અને તેનો એકમાત્ર ઉદ્દેશ શિવતત્ત્વની પ્રાપ્તિ કરવાનો હોય છે. જો ધન અને સમૃદ્ધિની આધિપતિ દેવી લક્ષ્મી જો બ્રહ્મજ્ઞાનમાં લીન થઈ જાય તો સમગ્ર સંસારમાં દરિદ્રતા છવાઈ જશે અને કલા અને વિદ્યાની આધિપતિ દેવી સરસ્વતી જો બ્રહ્મજ્ઞાનમાં લીન થઈ જાય તો સંસારમાંથી વિદ્વાનો અને કળાકારો નિષ્ક્રિય થઈ જશે. આપણે એટલે કે દેવતાઓનું પ્રથમ કર્તવ્ય સંસારનું કલ્યાણ છે. સાંસારિક જીવોમાં ધાર્મિક જીવન વ્યતિત કરવાની ભાવનાનો વિકાસ કરવો આપણું કર્તવ્ય છે. સદાચારી, કર્તવ્યનિષ્ઠો દ્વારા અબોલ પશુ પક્ષીઓની સંભાળ રાખવાની નીતિને પ્રાધાન્ય અપાવવાના કાર્યને પ્રથમ પ્રાધાન્ય આપવું જોઈએ. દેવતાઓએ વ્યક્તિગત સ્વાર્થનો પરિત્યાગ કરવો ઉચિત હશે. શું તમે બ્રહ્મજ્ઞાની બનીને પોતાના કાર્યથી વિમુખ થવા માગો છો.’

માતા સરસ્વતી અને માતા લક્ષ્મીઃ ‘દેવી પાર્વતી બ્રહ્મજ્ઞાન મેળવી લેશે એવા વિચારે અમે પણ બ્રહ્મજ્ઞાન મેળવવા ઇચ્છતા હતા, અમને ક્ષમા કરો હવે અમને જ્ઞાત થઈ ગયું છે કે બ્રહ્મજ્ઞાન કરતાં સંસારનું કલ્યાણ ઉત્તમ કાર્ય છે.’

ભગવાન શિવઃ ‘ક્ષમાની આવશ્યકતા નથી દેવી! હું ફક્ત તમને સચેત કરવા માગતો હતો. દેવી લક્ષ્મી તમે વૈકુંઠલોક જઈ ફરી તમારી જવાબદારી પૂર્ણ કરો જેથી સંસારમાં દરિદ્રતા ન છવાઈ અને દેવી સરસ્વતી તમે બ્રહ્મલોક જઈ તમે પણ તમારી જવાબદારી પૂર્ણ કરો જેથી વિદ્વાનો નિષ્ક્રિય ન બને.’

માતા પાર્વતી અને ભગવાન શિવનો જયજયકાર કરતાં સમસ્ત દેવગણ પોત-પોતાના લોક જઈ પોતાની જવાબદારી નિભાવવા લાગ્યાં.

* * *

મહારાજા પ્રિયવર્ત અને મહારાણી બહિષ્મતી સાગર કિનારે સંધ્યાવિહાર(સનસેટ જોવા) માટે પહોંચ્યાં.

મહારાજા પ્રિયવર્તઃ ‘પ્રિયે આ સંધ્યા ટાણે સૂર્યની સુંદરતા તો જુઓ.’

મહારાણી બહિષ્મતીઃ ‘સ્વામી હું તો તે સૂર્યની સુંદરતા અને આ સૂર્યની સુંદરતા બંને જોઈ રહી છું. મને ખબર છે કે તે સૂર્ય પોતાની જવાબદારી પ્રમાણે ઊગવું અને આથમવું ભૂલતો નથી તેમ આ સૂર્ય પણ પોતાના કર્તવ્યને નહીં ભૂલે.’

મહારાજા પ્રિયવર્તઃ ‘પ્રિયે, અરે આટલું અંધારું કેમ થઈ ગયું.’

મહારાણી બહિષ્મતીઃ ‘અંધારું જ ન હોત તો પરોઢનું સૌંદર્ય કઈ રીતે સમજાત.’

મહારાજા પ્રિયવર્તઃ ‘અંધકાર અને સૌંદર્યને શું સંબંધ?’

મહારાણી બહિષ્મતીઃ ‘સ્વામિ અંધકાર અને સૌંદર્યને સંબંધ છે. જો અંધકાર ન હોત તો સૌંદર્ય પણ ન હોત.’

મહારાજા પ્રિયવર્તઃ ‘એટલે શું?’

મહારાણી બહિષ્મતીઃ ‘સૌંદર્યનો જન્મ જ ગાઢ અંધકારમાંથી થતો હોય છે. કવિના ગાઢ અચેતનમાં કવિતાનો જન્મ થાય છે અને એક ચિત્રનો જન્મ ચિત્રકારના હૃદયમાં થતો હોય છે. સમાધિ, ભક્તિ અને ધ્યાનનો જન્મ પણ ભક્તિના ગાઢ અંધકારમાં જ થતો હોય છે અને એક બીજનું અંકુરિત થવું પણ ધરતીના ગહન અંધકારમાં જ શક્ય છે.

(ક્રમશઃ)■

# ચડી રે શિખર પર હેલી જોઈ લ્યો રે..

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com

હે મારી સખી મારી સુરતા તું શિખર પર ચડીને, ગગન ગઢમાં નિત્ય અગોચર અલૌકિક રમત ચાલી રહી છે એમાં ભાગ લેવાનો પ્રયાસ કરજે. અને કાયમ નિરાશી પદમાં એટલે કે કોઈપણ જાતની આશા, અપેક્ષા, ઈચ્છારહિત થઈને અનાસક્ત ભાવે એમાં પ્રવેશ કરજે. સદ્ગુરુની કૃપાથી આ ઘટમાં જ, પિંડ- શરીરની મધ્યમાં જ તારા પ્રિતમને પ્રાપ્ત કરીને એનાં વારણાં લેજે. જુગતિથી એટલે કે યોગયુક્તિથી ઘટોઘટમાં વ્યાપ્ત એવા અંતર્યામીની ઓળખ કરી લેજે. હે મારી સુરતા- તલ્લીનતા તારું ધ્યાન , તારી લગન એક જ જગ્યાએ સ્થિર અને જાગૃત કરી દેજે, જ્યાં તૂરઈ વાજાં વાગી રહ્યા છે, મોરલીનો નાદ સંભળાઈ રહ્યો છે. પોતાના આપાંપણાને ટાળીને એટલે કે હું પદમાંથી, સૂક્ષ્મ અહંકારમાંથી પણ મુક્ત થઈને, સૂર્ય-ચન્દ્ર નાડી- ઈડા- પિંગલાને સ્થિર કરીને સુષુમ્ણા મળે એવા ત્રિવેણી સ્થાન ઉપર પહોંચીને અખંડ નૂર- અહર્નિષ દિવ્ય પ્રકાશના પ્રદેશમાં આરોહણ કરજે.. એ માટે પવનને થંભાવી, શ્વાસ-ઉચ્છવાસ ઉપર કાબૂ મેળવીને તારી સુરતાને શબદમાં - અજપાજાપમાં જોડી દેજે તેથી તને પ્રેમની લહેરની પ્રાપ્તિ થશે. જ્યાં અવિરત અમ્મર દિવ્ય ધારાઓ વહે છે એવા ત્રિવેણી સ્થાનકનો કાંઠો તું જોઈ લેજે. જેનું રહસ્ય કોઈ વીરલા જ પામી શકે છે એવા સતત સ્મરણને કારણે હવે તને આદુંનું ખાતું- એટલે કે જન્મોજન્મની લીલાનું રહસ્ય પ્રાપ્ત થઈ જશે. એની અકળ- જે સામાન્ય રીતે કળી શકાય નહીં એવી ગૂઢ કળાના અનુભવની વાતો, પરમાત્મ તત્ત્વને પ્રાપ્ત કરવા દાખવેલા વિરહની વાતો કોઈને કરવાની જરૂર નથી. શબ્દના નશામાં -



ઘેનમાં જ તારા પરમ પ્રિયતમ સાથેના સંબંધને નિરભે બનાવીને, કોઈપણ જાતના ભય વિનાનું અભેપદ તું પ્રાપ્ત કરી લેજે, જેનાથી આવાગમનનું દુઃખ ટળી જશે. અને સદ્ગુરુ પાસેથી પ્રાપ્ત થયેલા સાચા શબ્દે જમપૂરીના બંધનમાંથી તું મુક્ત થઈ જજે. શ્વાસ-ઉચ્છવાસના દોરનો ટેકો મળતાં એકાએક તને અલખ- અવ્યક્ત- જે કહી ન શકાય, વર્ણવી ન શકાય એની પ્રાપ્તિ થઈ જશે, એનાં દર્શન થતાં જ તારા ચિત્તની વૃત્તિઓ સ્થિર થશે અને તારી સુરતા દંગ-દિગ્મૂઢ બની જશે. જ્યાં અવિઘટ ઘાટ જોવા મળશે, પરમાત્મા હવે જરાયે દૂર નહીં લાગે, આજ સુધી સમજણ વિના જેને બહાર શોધવા આથડતા હતી એ ભટકવાનું મટી જશે અને પછી સુષુમ્ણા- સુખમણા સાથે અમ્મર પ્યાલાનું સદૈવ પાન કરતી રહેજે. ત્રિવેણી ધારાના કાંઠે બેસીને નિજનામની માળાનો અહર્નિષ જાપ કરતાં અખંડ દિવ્ય ઉજાસ-પ્રકાશના અંજવાળાનો તને અનુભવ થશે. સદ્ગુરુની કૃપાએ સંસારની માયાના વજ્ર તાળાંઓ તૂટી જાય અને અજ્ઞાન અંધારાંનો નાશ થતાં ઓચિંતાં જ અજવાળાં થઈ જાય પછી ચિત્ત મારૂં મારૂં મારૂં એવા સ્વાર્થમય વિચારોમાંથી મુક્ત થઈ જાય છે. સદ્ગુરુના કૃપા પ્રસાદથી પૂર્ણ પદની પ્રાપ્તિ થઈ જાય છે....

*ચડી રે શિખર પર હેલી જોઈયે રે.. બેહદ કા પરિયાણ...*
*તિયાં હે બેહદ કા રે પ્રમાણ...*
*દોનું કમલકે બિચમેં, ભમરા કરત હે ગુંઝાર,*
*સુગંધ બહેકે જિયાં ફૂલની,,ફૂલ તો ખીલ્યા હે અપાર...*
*ઉન ભમરેકો પાંખ નહીં, બિના પંખ ઉડ જાય રે,*
*અમીના સરોવર જહાં ભર્યા, ઉનમેં રહે સમાઈ..*
*- મારી હેલી રે.. ચડી રે શિખર પર હેલી જોઈયે..૦*
*વોહી સરોવર કો પાળ નહીં, નહીં સરવર કો રૂપ રે,*
*બિના પહાડ ઝરણાં ઝરે, એસા ખેલ અનુપ..*
*પ્રેમી પી કે ભમરા છકયા, પીવત તૃપ્તિ ન હોય રે,*
*ભાણ કહે હંસદાસ કું, એસા પદ હે સોય..*
*- મારી હેલી રે.. ચડી રે શિખર પર હેલી જોઈયે..૦*

(આ રચના કેટલાક પાઠાંતરો સાથે આપણે ત્યાં કબીરસાહેબના નામે પણ ગવાય છે. કબીરસાહેબના નામાચરણ સાથે મળતી અન્ય રચના છે.)

*ગગને ચડીને હેલી જોઈ લ્યો રે.*
*તિયાં પહોંચત વીરલા સંત મારી હેલી રે,*
*કઠણ પંથ વૈરાગકા, તિયાં પહોંચત વીરલા સંત મારી હેલી રે,*
*ગગને ચડીને હેલી જોઈ લ્યો રે, આપણા પિયુજી કેરો દેશ...*
*મારી હેલી રે...*
*કૌન રે બુંદકી માતા ધરણી રચી રે, કૌન રે બુંદકા આકાશ,*
*કૌન રે બુંદકા પ્રાણી પુરુષ બનાયા, કોન રે બુંદકા સંસાર*
*સલીલ બુંદકી માતા ધરણી રચી હૈ, બરક બુંદકા આકાશ,*
*ઓહમ્ બુંદકા પ્રાણી પુરુષ બનાયા,*
*સોહમ બુંદકા સંસાર ..મારી હેલી રે...*
*અંબુ બુંદસે ધરણ નીપાવી રે, પવન બુંદસે આકાશ,*
*અમૃત બુંદસે પુરુષ જાયા રે, ચેતન્ય બુંદ સે સંસાર*
*રેન તો સમાણી સાહેલી ભાંણમાં, ભાણ તો સમાણો આકાશ,*
*આકાશ સમાણું સાહેલી સુનમાં,*
*શૂન્ય તો સમાણી સુરતા માંય ...મારી હેલી રે...*
*દેખ્યા વિનાની ન દેશકી રે, વાત કહત સબ કોઈ,*
*એ તો ફોગટ ફેરા ખાત રે, બચત ફીરત કપૂ ખોઈ..*
*જે ઘર હંસા મોતી ચૂગના રે, કરીયા કાળ ન ખાય,*
*ચાલો હંસા ઉન સરોવર રે પલ્લા પકડ્યા નહીં જાઈ ..*
*મારી હેલી રે...*
*નૂરત સૂરત જોત પ્રકાશી રે પાયા સાચા પદ નીરવાણ,*
*વેદ કહેતા તો સો વઈ ગયા રે, આપે કબીર જુગત ભાણ...*
*અમૃત ત્રશણાના ઝરણા ઝરે, સોઈ રતન મણી પ્રકાશ,*
*કહત કબીર ધરમ દાસકો, ફીર તો મિલન કેરી આશ*
*...મારી હેલી રે...* ■

# લાલસાહેબની આત્મતત્ત્વની ઓળખ કરાવતી વાણી

ભજનનો પ્રસાદ

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com



રવિભાણ સંત પરંપરામાં રવિસાહેબના શિષ્યમંડળમાં લાલસાહેબ અત્યંત દૃઢ રીતે સાધનામાં જ લીન અને ગુરુસેવામાં વ્યસ્ત શિષ્ય છે. મારવાડથી સ્થળાંતરિત થઈને ઉત્તર ગુજરાતની એ સમયની રાજધાની પાટણમાં કેટલાક મારવાડી લોહાણા પરિવાર સ્થાયી થયેલ. એમાના એક મનહરજી ઠક્કર. પાટણની એક પોળમાં રહે અને નાનકડી હાટડી માંડી જીવન ગુજરાન ચલાવે. ભક્તિમાં, સત્સંગમાં જોડાયેલા રહે. અતિથિ સંતોની સેવા કરે. પત્નીનું નામ લક્ષ્મીબાઈ. તેઓ પણ ધર્મ-ધ્યાનમાં ભક્તિમાં લીન રહેતા. સંતસેવાના અને ભક્તિના ફળ રૂપે એમને ત્યાં ઈ.સ.૧૭૪૧માં પૂત્ર જન્મ થયો. એમની ઉપર અપાર વાત્સલ્યભાવ અને એથી એનું નામ રાખ્યું લાલ.

પાટણ, ભાણગુરુ ષષ્ટમદાસની ગુરુ પરંપરાના પદ્મનાભનું મૂળ સ્થાનક હોઈને રવિસાહેબ પણ અવાર-નવાર સત્સંગ માટે પાટણ પધારતા. બાળ લાલદાસ પણ માતા-પિતા સાથે સત્સંગમાં જોડાતા. વૈરાગ્યભાવ જાગૃત થયો. માતા-પિતાની રજા લઈ રવિસાહેબની પાસે શેરખી પહોંચ્યા. રવિસાહેબની પાસે યોગ-સાધના અને અધ્યાત્મમાર્ગની દિશા મેળવી-દીક્ષા લીધી. ગુરુસેવામાં અને યોગસાધનામાં જ સતત જોડાયેલા રહેતા. સમય જતા સહજ સાધના માટે લાલદાસને રવિસાહેબે પાટણ જઈને ત્યાં ભાણસાહેબના નામથી જગ્યા સ્થાપવા આજ્ઞા કરી. સાથે બીજા એક ગુરુબંધુ ધર્મદાસ પણ જોડાયા. પાટણમાં સાધના-નામ-જાપ કરતા. ધર્મદા પછીથી ચાણસ્મા નજીકના ચવેલી ગામે આશ્રમ સ્થાપેલો. લાલસાહેબે પાટણમાં સહજ સાધના અને શબદ સાધના આરંભી. એ શબદ સાધનાની અનુભૂતિનું એક મોતી અવલોકીએ -

*-હંસા કર આદુ ઓળખાણ,*
*આતમ તંત પિછાણ ...ટેક*
*કાયા ઘટ કમઠાણ, મન મોટા મકરાણ,*
*ઉમર ખોટી આશા મોટી, કરમ કરે કફરાન...*
*કબુદ્ધિ કામ ક્રોધ મોહ મમતા, માર શીલ કા બાંન,*
*અજરા જારો ધ્યાન સુધારો, સદ્ગુરુ આગેવાન.*
*-હંસા કર આદુ ઓળખાણ, આતમ તંત પિછાણ*
*...૧*
*ત્રિવેણી ટંકશાળ લગી હે, ખરા અમે ખુરસાન,*
*અમર પદવી પૂરા પામે, કાયરાં પડે ભંગાણ...*
*કૂડા કાઢો, સચ્ચા વહોરો, સદ્ગુરુ જાણ સુજાણ,*
*હેતે મળજો સેવા કરજો, પહોંચાડે નિરવાણ...*
*-હંસા કર આદુ ઓળખાણ, આતમ તંત પિછાણ*
*...૨*
*નહીં કોઈ પહોંચે વેદ ન વાયક, ના કોઈ ક્તેબ કુરાંન,*
*નિરાધાર હે આપ સ્વરૂપી, તા કું કર સપિયાંણ...*
*ભાગ્ય ભલા જેણે સતગુરુ સેવ્યા, કીધાં કોટિ કલ્યાંણ,*
*પ્રાપત હોય સો દરશન પાયા, નિરખ્યા નામ નિશાન,*
*-હંસા કર આદુ ઓળખાણ, આતમ તંત પિછાણ*
*...૩*
*નામ નિશાને જયોત અંજવાળાં, એક હી પુરુષ પુરાંણ,*
*જે કોઈ જાણે સોહી માણે, પરખ્યા સો પરમાંણ...*
*તારક સદ્ગુરુ મેરમ મળિયા, રવિ ગુરુ કબીરા ભાણ,*
*લાલ કહે ગુરુ અંતર જામી, વેર વેર કુરબાંન,*
*-હંસા કર આદુ ઓળખાણ, આતમ તંત પિછાણ*
*...૪*

પોતાના આત્માને-હંસલાને-સંબોધીને લાલસાહેબ કહે છે કે પૂર્વ જન્મની ઓળખાણ અને આત્મતત્ત્વની પહેચાણ-ઓળખાણ કરી લેવી. આ ઘટ રૂપી કાયા અનેક કમઠાણમાં રત રહે છે. ઉમર ખોટી છે, ક્યારે કાયા પડી જશે કશું કહેવાય નહીં. કર્મ જ સાથે આવશે, માટે કુર્બુદ્ધિ, કામ, ક્રોધ, મોહ અને મમત્ત્વભાવને શીલ રૂપી બાણ મારીને હણો. અજર-અમરતત્ત્વનું ધ્યાન ધરો અને સદ્ગુરુને આગળ રાખો, એના વચન પ્રમાણે ચાલો.

ઈડા, પીંગલા અને સુષુમણા નાડીનું મિલન કરાવો એટલે તયાં ત્રિવેણીનો ઘાટ રચાય, એટલે ટંકશાળ રચાય અર્થાત્ ભૂમધ્યમાં સૂરતાથી સ્થિરતા આવે, ખરી અવસ્થિતિને જીરવીને અમર પદવી પ્રાપ્ત થશે. કાયર-સાધકનું કામ નથી એનું ભંગાણ થશે. કુડ-કપટને કાઢીને સત્નું આચરણ અપનાવવું-વહોરવું. સદ્ગુરુ બધુ જાણતા હોય છે. સ્નેહ-સદ્ભાવથી હળી-મળી સંવાદિતા કેળવીને સેવારત રહેશો તો નિર્વાણ ગતિને પામશો.

આ એવી અવસ્થિતિ છે કે ત્યાં વેદની-વાયકની, ક્તીબની કે કુરાનની આવશ્યક્તા નથી. આપ ઓળખ-આત્મતત્ત્વની જાણકારી મેળવી લેવા સક્રિયતા દાખવવાની છે એ ખરો-પૂરો ભાગ્યશાળી છે કે જેણે સદ્ગુરુની સેવા કરી છે. પ્રાપ્તનું દર્શન કરી એને નિરખ્યા એ જ મોટી પ્રાપ્તિ.

નામ જાપથી સાધનાથી જયોતનું દર્શન અજવાળું અનુભવાય છે. એ એક જ આદિ પુરુષ છે. જે આ રહસ્ય-સાધના જાણે છે, એ જમણાવ સદ્ભાગી બને છે. જેણે પારખ્યા એ જ મોટી પ્રાપ્તિ. મને કબીર તત્ત્વના ગુરુના ભાણ-રવિ ગુરુ તરીકે પ્રાપ્ત થયા એ જ મોટી સંપ્રાપ્તિ. આ લાલસાહેબને અંતર્યામી ગુરુએ એવું જ્ઞાન આપ્યું કે હું એના પર કુરબાન-સમર્પિત છું.

લાલસાહેબની પોતાની યોગસાધના, નામજાપ ક્રિયા અને સદ્ગુરુ પરત્વેની શ્રદ્ધાની આત્મપ્રતીતિ શિષ્ય સમુદાય સમક્ષ ભજન દ્વારા પ્રસ્તુત કરે છે. રવિ-ભાણ પરંપરાની દાર્શનિક ભૂમિકાના કેટલાંક ઘટકોનો પરિચય પણ આ પદ-ભજનમાંથી મળતો હોઈને લાલસાહેબની આવી વાણીની મોટી મહત્તા છે. ■

# રામ મંદિર: ભારતનું નવુ સાંસ્કૃતિક લેન્ડમાર્ક

વિશેષ

આર. સી. શર્મા
feedback@bombaysamachar.com



**વર્તમાનમાં** અયોધ્યાનું રામ મંદિર ભારતનું નવું સાંસ્કૃતિક લેન્ડમાર્ક બની ગયું છે. ખાસ કરીને રામનવમીના અવસરે તો આ રામ જન્મભૂમિ સૌથી વ્યસ્ત સ્થળ બની જાય છે. ૨૬ માર્ચે રામ નવમીના દિવસે ૮થી ૧૦ લાખ શ્રદ્ધાળુઓ ભગવાન રામના દર્શન કરશે. એ દિવસનાં શુભ મુહૂર્તની વાત કરીએ તો સવારે ૧૧ વાગીને ૧૦ મિનિટથી માંડીને ૧ વાગીને ૪૦ મિનિટ સુધી રહેવાનું છે. રાજા દશરથના ઘેર ભગવાન વિષ્ણુના સાતમા અવતારના રૂપમાં શ્રીરામનો જન્મ થયો હતો. એથી એ દિવસનું ખૂબ આધ્યાત્મિક મહત્ત્વ છે. રામનવમીના દિવસે ઘેર-ઘેર અને રામ મંદિરોમાં રામ ચરિત માનસનું પઠન કરવામાં આવે છે. મંદિરોમાં વિશેષ પૂજા અને ભજનની સરવાણી વહે છે. અનેક ઠેકાણે રામ ભગવાનની શોભાયાત્રા નીકળે છે. ચૈત્ર માસની શુક્લ પક્ષની નોમના દિવસે રામ નવમી ઉજવવામાં આવે છે.

આ દિવસે અયોધ્યાના રામ મંદિરે ભગવાન રામને સૂર્ય તિલક કરવાનું વિશેષ આયોજન કરવામાં આવે છે. જેમાં સૂર્યની કિરણો સીધા રામલલાના કપાળે પહોંચે છે. મહારાષ્ટ્રના રામટેક સ્થિત પ્રાચીન રામ મંદિર, તેલંગાણામાં ભદ્રાચલમ સ્થિત દક્ષિણ ભારતના સૌથી પ્રસિદ્ધ રામ મંદિર અને બિહારમાં સીતામઢી સ્થિત માતા સીતાની જન્મભૂમિમાં પણ રામ જન્મોત્સવ મનાવવામાં આવે છે.

આ દિવસે લોકો સવારે વહેલા સ્નાનાદિથી પરવારીને ઘરમાં રામ દરબારની પ્રતિમા અથવા ફોટો સ્થાપિત કરીને કળશ રાખીને ભગવાન રામને ફૂલ અને ફળ ધરાવે છે. રામ ચરિત માનસના બાળકાંડનો પાઠ કરે છે. બપોરે આરતી અને પ્રસાદમાં પંજિરી, ફળ અને પંચામૃત આપવામાં આવે છે. એવી ધાર્મિક માન્યતા છે કે રામ નવમીના દિવસે વ્રત રાખવાથી જીવનમાં ધર્મ, સંયમ અને ન્યાયની ભાવના મજબૂત થાય છે.

ભારતના નકશામાં રામ મંદિર હવે એક વિરાટ લેન્ડમાર્ક બની ગયું છે. આ માત્ર એક પૂજાનું સ્થળ નથી, પરંતુ ભારતીય સભ્યતામાં રામકથા, રામાયણ પરંપરા અને લોક સંસ્કૃતિનું કેન્દ્ર બની ગયું છે. રામ મંદિર બન્યા બાદ અયોધ્યા આવતા પ્રવાસીઓની સંખ્યામાં બહોળો વધારો થયો છે. વર્ષ ૨૦૨૪-૨૦૨૫માં લગભગ ૫૪ કરોડ શ્રદ્ધાળુઓએ આ મંદિરની મુલાકાત લીધી હતી.

ભગવાન રામની કથા માત્ર ભારતમાં જ નહીં, પરંતુ નેપાળ, ઇન્ડોનેશિયા, કમ્બોડિયા અને શ્રીલંકામાં પણ ધર્મ અને લોક સંસ્કૃતિના રૂપમાં સ્થાપિત છે. આ જ કારણ છે કે અયોધ્યામાં આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ પણ આવે છે. અયોધ્યા હવે આંતરરાષ્ટ્રીય રામાયણ પર્યટન સર્કિટનું કેન્દ્ર બની ગયું છે.

રામ નવમીના દિવસે સાંસ્કૃતિક કાર્યક્રમોના રૂપમાં દીપોત્સવ, રામનવમી ઉત્સવ, રામલીલા અને નાટ્ય પ્રસ્તુતિઓ તથા શાસ્ત્રીય સંગીત અને નૃત્યના કાર્યક્રમો પણ રજૂ કરવામાં આવે છે.

આ જ કારણ છે કે રામનવમીના અવસરે ભારત અને હિન્દુઓ માટે અયોધ્યાનું રામ મંદિર સૌથી અગત્યનું કેન્દ્ર બની જાય છે. ■

# ચૈત્ર નવરાત્રી: આસ્થા ને આધ્યાત્મિકતાનો પર્વ



ભારતમાં ધાર્મિક અને સાંસ્કૃતિક જીવનમાં ચૈત્ર નવરાત્રીનું વિશેષ મહત્ત્વ રહ્યું છે. આ માત્ર એક પર્વ નથી, પરંતુ નવજાગરણ, શક્તિ, ઉપાસના અને જીવનના નવા સંકલ્પોના પ્રારંભનો પ્રતીક છે. હિન્દુ પંચાગ મુજબ નવરાત્રીના ચૈત્ર માસની શુકલ પક્ષની પ્રતિપદાથી શરૂઆત થાય છે. નવા સમય અને નવી ઊર્જાનો આરંભ ગણવામાં આવે છે. ધાર્મિક દૃષ્ટિએ ચૈત્ર નવરાત્રી આદિ શક્તિ મા દુર્ગાની ઉપાસનાનો મહાન અવસર છે. આ નવ દિવસ માતાના નવ અલગ-અલગ રૂપોની પૂજા કરવામાં આવે છે. એવી માન્યતા છે કે આ દિવસોમાં દૈવી શક્તિઓ પૃથ્વી પર વિશેષરૂપે સક્રિય થાય છે. એથી ભક્તોની સાધનાનું ફળ જલદી મળે છે. દેશભરના મંદિરો અને ઘરોમાં ભક્તિમય વાતાવરણ જોવા મળે છે. હિન્દુ ધર્મમાં શક્તિને સૃષ્ટિની મૂળ ઊર્જા માનવામાં આવે છે અને દેવી દુર્ગા એ શક્તિનું પ્રતીક છે.

પૌરાણિક કથા પ્રમાણે જ્યારે મહિષાસુર નામના રાક્ષસે દેવતાઓને પરાજિત કરીને તેમને ખૂબ પીડા આપી હતી. ત્યારે દેવતાઓની પોકાર પર સંયુક્ત દિવ્ય શક્તિ મા દુર્ગા પ્રગટ થયા. માતાએ નવ દિવસ સુધી મહિષાસુર સાથે યુદ્ધ કરી દસમા દિવસે તેનો વધ કર્યો હતો. નવ દિવસ માતાના નવ રૂપની પૂજા-આરાધના કરવામાં આવે છે. ભક્તો માતાની ઉપાસના કરી મંત્રોનો જાપ કરે છે.

ભારતીય પરંપરામાં માન્યતા છે કે બ્રહ્માજીએ આ દિવસથી સૃષ્ટિના સર્જનની શરૂઆત કરી હતી. આ જ કારણ છે કે આ દિવસને નવા આરંભ સાથે જોડાવામાં આવે છે. એ ભારતીય સંસ્કૃતિ ચક્રની શરૂઆતનું પ્રતીક છે.

ચૈત્ર નવરાત્રી શરીર અને મનની શુદ્ધતાનો પણ પર્વ છે. આ દિવસે લોકો ઉપવાસ રાખે છે અને એનું વિશેષ મહત્ત્વ છે. ઉપવાસનો અર્થ માત્ર ભોજનનો ત્યાગ પૂરતો જ નથી, પરંતુ આત્મસંયમ અને નિયંત્રણને પણ દર્શાવે છે. સાત્વિક ભોજન ગ્રહણ કરવામાં આવે છે. વધુ સમય પૂજા-પાઠ કરવામાં આવે છે. એનાથી મનની એકાગ્રતા વધે છે અને આધ્યાત્મિક શક્તિનો અનુભવ થાય છે. ઋષિ-મુનીઓએ પણ આ સાધના માટે આ દિવસને વિશેષ ગણાવ્યો છે.

આ દિવસથી ઋતુ પરિવર્તન થવા માંડે છે. ઠંડી પૂરી થઈને ગરમીનો આરંભ થાય છે. શરીરને આ નવી ઋતુમાં ઢળવાનું હોય છે. એથી એ દિવસે કરેલો ઉપવાસ તન અને મનને તંદુરસ્તી આપે છે.

ચૈત્ર નવરાત્રી દરમિયાન માતાના શક્તિપીઠોની મુલાકાત લેવા માટે લાખો શ્રદ્ધાળુઓ પહોંચે છે. વિંધ્યાચલ, નૈના દેવી, જ્વાલામુખી, કામાખ્યા અને વૈષ્ણો દેવી જેવા શક્તિપીઠોમાં ચૈત્ર નવરાત્રીમાં અનેક ભક્તો ઊમટે છે. મંદિરોમાં અખંડ જ્યોત અને દુર્ગા સપ્તશતીનો પાઠ, ભજન-કિર્તન કરવામાં આવે છે. એનાથી સમગ્ર પરિસર આધ્યાત્મિક ઊર્જાથી ભરાઈ જાય છે.

એથી ચૈત્ર નવરાત્રીનું ખૂબ જ ધાર્મિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક મહત્ત્વ છે. અંધકાર પર પ્રકાશ, બુરાઈ પર અચ્છાઈની જીત સમાન આ નવરાત્રી છે.

મા દુર્ગાની કથા આપણને શીખવે છે કે જ્યારે સમાજમાં અન્યાય અને અત્યાચાર વધી જાય છે. ત્યારે મનુષ્યની અંદર રહેલી શક્તિઓમાંથી એક અપાર શક્તિનો ઉદય થાય છે. એટલે જ મા દુર્ગા પ્રગટ થયા હતા.

ચૈત્ર નવરાત્રી આપણને યાદ અપાવે છે કે જીવનમાં ઊર્જા અને સકારાત્મકતાનો સ્તોત્ર આપણી આસ્થા અને ધ્યાનમાં કેન્દ્રિત છે. એથી આ નવરાત્રી ભક્તિ અને સાધનાની સાથે જ આત્મશુદ્ધિનો પણ મહાપર્વ છે. ■

# 'નવ'નું મહત્ત્વ




ચિંતન

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com

સનાતની સંસ્કૃતિમાં 'નવ' અંકનું આગવું મહત્ત્વ છે. તે વાસ્તવિકતા સ્વરૂપે, પ્રતિકાત્મક રીતે અને ધાર્મિક તેમજ આધ્યાત્મિક સત્ય તરીકે ગૂઢ અર્થ ધરાવે છે.

બધાં જાણે છે કે સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, રાહુ અને કેતુ; આ નવ ગ્રહ છે. શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન; ભક્તિની આ નવ રીત છે. મત્સ્યેન્દ્રનાથ, ગોરખનાથ, જાલંધરનાથ, કાનિફાનાથ, ભતૃહરી, રેવન્નાથ, નાગનાથ, ચર્પટીનાથ અને ગોપીચંદ; નાથ સંપ્રદાયના આ નવ આદિ મુખ્ય ગુરુ છે - જોકે આ યાદીમાં કેટલાક મતમતાંતર છે, પરંતુ અહીં નવ અંકની વાત છે.ભરતમુનિ દ્વારા લિખિત નાટ્યશાસ્ત્રમાં પણ શૃંગાર, હાસ્ય, કરુણ, રૌદ્ર, વીર, ભયાનક, બીભત્સ અને અદ્ભુત એમ નવ રસની વાત છે.

આગળ જોતાં જણાશે કે જંબુદ્વીપ, લક્ષદ્વીપ, શાલ્મલિદ્વીપ, કુશદ્વીપ, ક્રૌંચદ્વીપ, શાકદ્વીપ, પુષ્કરદ્વીપ, ઇલાવૃત અને ગોમેદ ખંડ; પૌરાણિક પરંપરા પ્રમાણે ધરતી આ નવ દ્વીપમાં વિભાજિત હોય તેમ કલ્પના કરવામાં આવી છે. જોકે અમુક સાહિત્યમાં થોડો વિચારભેદ છે. સ્કંદ પુરાણમાં નવ પ્રકારનાં સમુદ્રનું વર્ણન પણ જોવાં મળે છે. આ નવ સમુદ્ર છે; દૂધનો ક્ષીર સમુદ્ર, દહીંનો દધિ સમુદ્ર, ઘીનો ઘૃત સમુદ્ર, મદિરાનો સુરા સમુદ્ર, રસનો ઇક્ષુરસ સમુદ્ર, તેલનો સ્નેહ સમુદ્ર, મધનો ક્ષૌદ્ર સમુદ્ર, મીઠાનો લવણ સમુદ્ર અને મીઠાં પાણીનો સ્વાદુ જળ સમુદ્ર. કોઈ કહી શકે કે આ કલ્પનાનો વિષય છે, પરંતુ અહીં વાત નવ અંકની છે. કલ્પના હોય તો તે પણ નવ સંખ્યા અનુસાર જ કેમ. કલ્પનાની ક્ષિતિજ તો વિસ્તરી શકે. પણ અહીં તેનો વિસ્તાર નવ સુધી જ છે. સનાતની તત્ત્વજ્ઞાનમાં સ્વર્ગ, પાતાળ અને પૃથ્વી, આ 'ત્રિલોક'નો સિદ્ધાંત વધુ પ્રચલિત છે, પરંતુ કેટલાંક ગ્રંથોમાં નવ-લોકનું વર્ણન જોવાં મળે છે. આ નવ-લોક છે, માનવજાતિ માટેનું ભૂલોક, ગંધર્વ - અપ્સરા માટેનું ભુવર્લોક, દેવતાઓ માટેનું સ્વર્ગલોક, મહર્ષિઓ માટેનું મહર્લોક, વિદ્વાન - જ્ઞાની - મુનિઓ માટેનું જનલોક, તપસ્વીઓ માટેનું તપલોક, બ્રહ્માનું સત્યલોક, અસુરો માટેનું પાતાળલોક અને પાપીઓ માટેનું નરક લોક.

આધ્યાત્મમાં પ્રપંચને જીવનમાં આવતાં નવ પ્રકારના બંધનો અથવા અવરોધ તરીકે સમજાવવામાં આવે છે, જે માનવને સાચા જ્ઞાન અને પરમાત્માથી વિમુખ કરે છે. આ નવ પ્રપંચ છે, અવિદ્યા અર્થાત અજ્ઞાન એટલે કે આત્મા અને પરમાત્માના સાચા સ્વરૂપના જ્ઞાનનો અભાવ, અહંકાર એટલે કે કોઈપણ સ્વરૂપે કોઈપણ સ્તરે સ્થાપિત થતો હુંનો ભાવ, રાગ એટલે કે ઇન્દ્રિય-ભોગ કાજે વિષયો પ્રત્યેનું આકર્ષણ, દ્વેષ એટલે કે રાગથી સ્થાપિત ભાવથી વિરુદ્ધ ભાવ, અભિનિવેશ એટલે કે મરણનો ભય અને જીવન પ્રત્યેની ચિંતા, કામના એટલે કે અનિયંત્રિત અને અસીમ ઇચ્છાઓ, ક્રોધ એટલે કે ઇચ્છા પૂર્ણ ન થાય ત્યારે ઊપજતો રોષ, લોભ એટલે કે વધારે અને વધારે મેળવવાની તૃષ્ણા અને મોહ એટલે કે વ્યક્તિને સત્યથી વિમુખ કરીને મમત્વ અને સંબંધોમાં ફસાવનાર લાગણી. સાંખ્ય-દર્શનમાં જે પચીસ તત્ત્વોની વાત છે તેમાં દ્રવ્યરૂપ તત્ત્વ નવ ગણાવાયા છે. તે છે ભૂમિ, જળ, અગ્નિ, વાયુ, આકાશ, મન, અહંકાર, બુદ્ધિ અને અવ્યક્ત/પ્રકૃતિ. પતંજલિના યોગસૂત્રમાં વ્યાધિ, સ્યાન, સંશય, પ્રમાદ, આલસ્ય, અવિરતિ, ભ્રાંતિદર્શન, અપ્રાપ્તભાવ અને અનવસ્થિતત્વ, એમ નવ વિઘ્નો જણાવાયાં છે.

ભગવદ ગીતામાં મનુષ્ય શરીરને નવદ્વાર-પુરી જણાવવામાં આવ્યું છે. આ નવદ્વાર છે; બે આંખ, બે કાન, બે નાસિકા છિદ્ર, એક મુખ, એક ગુદા અને એક મૂત્રમાર્ગ. વળી સનાતની સંસ્કૃતિમાં માનવીની જીવનયાત્રાની નવ અલગ-અલગ અવસ્થાઓ દર્શાવવામાં આવી છે. આમાં શારીરિક સ્તરે બાલ્યાવસ્થા, કિશોરાવસ્થા, યુવાવસ્થા, પ્રૌઢાવસ્થા અને વૃદ્ધાવસ્થાની ગણના થતી હોય છે જ્યારે મનના સ્તરે જાગૃતિ, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીયાવસ્થાની વાત થાય છે. સનાતની સંસ્કૃતિની શાખા, યોગ અને તંત્ર પરંપરામાં, કેટલાંક ગ્રંથોમાં, ચેતનાના પણ નવ સ્તરો જણાવાયાં છે; પાંચ ઇન્દ્રિયોના સંદર્ભમાં પાંચ પ્રકારની ઇન્દ્રિય ચેતના, મન ચેતના, બુદ્ધિ ચેતના, અહંકાર ચેતના અને આત્મ ચેતના. અન્ય કેટલાંક ગ્રંથોમાં માનવીય ચેતનાનું વર્ગીકરણ દૈહિક ચેતના, ઇન્દ્રિય ચેતના, માનસિક ચેતના, બુદ્ધિ ચેતના, સંસ્કાર ચેતના, કરુણા કે પ્રેમ ચેતના, શક્તિ ચેતના, આત્મ ચેતના અને પરમ ચેતના મુજબ પણ કરાયું છે. આ બંને શાખામાં સંખ્યા તો નવ જ છે.

પ્રતીકાત્મક સ્વરૂપે નવને સંપૂર્ણ અંક ગણવામાં આવે છે. શૂન્યથી શરૂ થઈ નવ પછી દશાંશ પદ્ધતિનો સૌ પ્રથમ શૂન્ય સહિતનો અંક દસ આવે અને ગણતરી ફરીથી શરૂ થાય. નવ પછીના બધાં અંકનું મૂલ્ય ફરી એકથી શરૂ થાય છે, અર્થાત પ્રતીકાત્મક રીતે નવની પરિપૂર્ણતા પછી નવી શરૂઆત દર્શાવે છે. એમ કહી શકાય કે સર્જનની શરૂઆત થઈ તે પૂર્ણતાને પામે અને ફરીથી નવી શરૂઆત થાય. બાળકના સંદર્ભમાં આ સર્જન પાછળ નવ મહિના જેટલો સમય લાગે, આ રીતે પણ નવનો અંક સર્જનનું પ્રતીક બની રહે. 'નવ'ની પૂર્ણતા પામ્યા પછી જ નવાં જીવનની શરૂઆત થાય.

ગણિતનાં સંદર્ભમાં દશાંશ પદ્ધતિમાં દસ પહેલાનો છેલ્લો અંક એટલે નવ. ગણિતમાં તો જેટલું મહત્વ શૂન્યનું છે એટલું જ મહત્ત્વ 'નવ'નું છે. તે સૌથી મોટો એકઅંકી અંક છે. નવના ગુણાકારથી આવતી સંખ્યાના દરેક અંકનો સરવાળો નવના ગુણાકારમાં આવે. નવને અવશોષક સંખ્યા ગણવામાં આવે છે. નવના અંક વિશે આવી ગણિતની બાબતો તો બહુ પ્રચલિત છે, જેની ચર્ચાની આવશ્યકતા અહીં નથી.

આ બધાં સાથે એ જાણી લેવું પડે કે દેવીના પણ સ્વરૂપ નવ છે. શૈલપુત્રી, બ્રહ્મચારિણી, ચંદ્રઘંટા, કૂષ્માંડા, સ્કંદમાતા, કાત્યાયની, કાળરાત્રી, મહાગૌરી અને સિદ્ધિદાત્રી; મા દુર્ગાના આ નવ સ્વરૂપ છે. સાથે સાથે સનાતની સંસ્કૃતિમાં 'નવકુમારી'નો ઉલ્લેખ પણ જોવા મળે છે, જેમનું જે તે પ્રસંગે કન્યા-પૂજન થતું હોય છે. આ નવ કુમારીકાઓ છે, કુમારી, ત્રિમૂર્તિ, કલાકારિણી, રોહિણી, કાલિકા, ચંડિકા, શાંભવી, દુર્ગા અને સુભદ્રા. આ પ્રત્યેક કુમારી એક વિશિષ્ટ શક્તિ અને તત્ત્વનું પ્રતિનિધિત્વ કરે છે.

સનાતની સંસ્કૃતિમાં આ છે 'નવ'નું આધ્યાત્મિક મહત્ત્વ. નવ અંક માનવ શરીર, પ્રકૃતિ અને દૈવી શક્તિ, ત્રણેય સાથે સંકળાયેલો છે. સંક્ષેપમાં, નવ અંક સનાતન સંસ્કૃતિમાં પૂર્ણતા, શક્તિ, સર્જન અને પરિપૂર્ણ ચક્રનું પ્રતીક છે. ■

# સત્ત્વ, રજ ને તમથી પર ગુણાતીત જ્ઞાન

ગીતા મહિમા

સારંગપ્રીત
bhandev@bombaysamachar.com



રજસ સત્વ તમસ

ગત અંકમાં જ્ઞાન, જ્ઞાતા અને જ્ઞેયને સ્પષ્ટ કરીને હવે ભગવાન કૃષ્ણ ગુણાતીત જ્ઞાન તરફ લઈ જઈ રહ્યા છે, તે સમજીએ...

જ્ઞાનના ત્રણ પ્રકાર પ્રસિદ્ધ છે- તામસિક, રાજસિક અને સાત્ત્વિક !

તામસિક જ્ઞાન અજ્ઞાનના અંધકારમાં ફસાયેલું હોય છે. તે અસત્યને સત્ય સમજે છે અને અંધવિશ્વાસ, આળસ તથા મોહમાં અભિવ્યક્ત થાય છે. તામસિક જ્ઞાન ધરાવનાર વ્યક્તિ તથ્યને ઊલટું સમજે છે, તે ખોટા માર્ગને સાચો માને છે. તેની વિચારશક્તિ ધૂંધળી બની જાય છે અને તે પોતાના સ્વાર્થ, અહંકાર કે ક્રોધવૃત્તિના આધારે નિર્ણય લે છે. આવું જ્ઞાન માનવને નિમ્નતા તરફ લઈ જઈ તેની ચેતનાને સંકુચિત કરે છે. તે ન તો આધ્યાત્મિક ઉન્નતિ આપે છે, ન તો જીવનમાં સુખશાંતિ!

રાજસિક જ્ઞાન તે છે, જે જ્ઞાનનો ઉપયોગ મનુષ્ય સ્વાર્થ, પ્રતિષ્ઠા અને ભૌતિક સફળતા માટે કરે છે. રાજસિક જ્ઞાન ધરાવનાર વ્યક્તિ ચતુર હોય છે, પરંતુ તેની ચતુરાઈ હંમેશાં પોતાની સિદ્ધિ, પ્રભાવ અને પ્રતિષ્ઠા માટે જ હોય છે. તે જ્ઞાનને સાધન બનાવે છે લોકપ્રિયતા, ધન અથવા સત્તા મેળવવા માટે ! આવા જ્ઞાનમાં ઊર્જા તો હોય, પરંતુ દિશા ન હોય. એ મનુષ્યને સ્પર્ધા, ઈર્ષા અને અસંતોષના વલયમાં આવૃત્ત કરે છે. રાજસિક જ્ઞાન કદી શાંતિ આપતું નથી, કારણ કે તેનો આધાર અહંકાર અને અપેક્ષાઓ પર નિર્ભર છે. જેમ અગ્નિ પ્રકાશ પણ આપે છે અને દઝાડે પણ છે, તેમ રાજસિક જ્ઞાન માનવને ભૌતિક સફળતા તરફ આગળ ધપાવે છે, પણ મનની શાંતિને ભસ્મ કરે છે. તેનું પરિણામ અસંતુષ્ટિ અને ખાલીપો છે.

જ્ઞાનના ત્રણ પ્રકારોમાં સાત્ત્વિક, રાજસિક અને તામસિકમાં રાજસિક અને તામસિક જ્ઞાન મનુષ્યને આધ્યાત્મિક માર્ગથી વિમુખ કરે છે અને તેને ભ્રમ, અહંકાર તથા દુઃખ તરફ દોરે છે. આ બંને જ્ઞાનથી વરિષ્ઠ જ્ઞાન, સાત્ત્વિક જ્ઞાન છે. જે ઉન્નતિકારક છે.

જ્ઞાનને સાત્ત્વિક બનાવવા માટે પ્રથમ આવશ્યક છે એકાગ્રતા, સમતા અને શાંતતા ! બહુધારા વૃત્તિથી ભરેલું જ્ઞાન કદી સાત્ત્વિક બની શકતું નથી. જેમ પાણી ઉપર ધૂળ ચડે તો ચંદ્રનું પ્રતિબિંબ દેખાતું નથી, તેમ ચલાયમાન કલુષિત ચિત્તમાં સત્યનું પ્રતિબિંબ દેખાતું નથી.

બીજું તત્ત્વ છે શુદ્ધ ચિત્ત. જ્યાં મન કામ, ક્રોધ, લોભ અને ઈર્ષ્યા જેવી તામસિક પ્રવૃત્તિઓથી મુક્ત થાય છે, ત્યાં જ્ઞાન પ્રકાશિત બને છે. શાસ્ત્રો કહે છે કે સાત્ત્વિક જ્ઞાન સદા સ્થિર અને શુભ હોય છે. આવા જ્ઞાનથી મનુષ્યને લોકમાં સમભાવ અને બધા પ્રત્યે પ્રેમ જન્મે છે.

તદુપરાંત જ્ઞાનની સાત્ત્વિકતા ત્યારે વધે છે, જ્યારે તે શાસ્ત્રોથી સિંચિત થાય. શાસ્ત્રોના જ્ઞાન વિના જ્ઞાન સૂકું રહે છે, તે માત્ર શબ્દોમાં બંધાયેલી બુદ્ધિ બને છે. પરંતુ શાસ્ત્રોના સંસર્ગથી જ્ઞાનમાં શુદ્ધિ, શ્રદ્ધા અને તત્પરતાની લાગણી ઉમેરે છે. આવી રીતે સદ્વાંચન સાત્ત્વિક જ્ઞાનને પ્રેરિત કરે છે.

પરંતુ સાત્ત્વિક જ્ઞાનમાં હજી એક સૂક્ષ્મ મર્યાદા રહે છે 'હું જાણું છું', 'હું કરું છું' એવી સૂક્ષ્મ અહંકારની છાયા ત્યાં રહે છે. આથી એ જ્ઞાન અતિ શુદ્ધ હોવા છતાં, હજી પણ ગુણોની સીમામાં બંધાયેલું રહે છે.

બીજી તરફ, એ સ્થિતિ છે જ્યાં મનુષ્ય સત્ત્વ, રજ અને તમ ત્રણેય ગુણોને અતિક્રમી જાય છે. તેને ગુણાતીત જ્ઞાન કહે છે. અહીં જ્ઞાન માત્ર બુદ્ધિપ્રધાન નથી રહેતું; એ અનુભૂતિરૂપ બની જાય છે. તે વ્યક્તિને 'જ્ઞાતા', 'જ્ઞાન' અને 'જ્ઞેય' ત્રણેયનો બોધ કરાવે છે. આ જ્ઞાનમાં 'હું' ભાવ રહેતો નથી, ફક્ત બ્રહ્મ અને પરબ્રહ્મ જ પ્રધાન રહે છે.

સાત્ત્વિક જ્ઞાન મનુષ્યને ધર્મી બનાવે છે, ગુણાતીત જ્ઞાન મનુષ્યને મુક્ત બનાવે છે. સાત્ત્વિક જ્ઞાનમાં ભક્તિ, વિનય, સમભાવ અને કરુણા જેવા ગુણો ફૂલે છે, જ્યારે ગુણાતીત જ્ઞાનમાં એ બધા ગુણો પોતે પરમાત્માની સ્વાભાવિક અભિવ્યક્તિ બની જાય છે.

મહંતસ્વામી મહારાજ કહે છે- ગુણાતીત જ્ઞાન પામવા ગુણાતીત સત્પુરુષની જરૂર પડે. ગુણાતીત જ્ઞાનમાં ભક્તિ ભળેલી હોય. ભક્તિ વિના જ્ઞાન સૂકું છે, અને જ્ઞાન વિના ભક્તિ અંધ છે. બંનેનું સમન્વય જ સાચી ગુણાતીત સ્થિતિમાં છે. જે જ્ઞાન મનુષ્યને પરબ્રહ્મની સાચી ભક્તિ તરફ લઈ જાય, જેનાથી જીવનમાં શાંતિ, પ્રેમ અને પ્રકાશ પ્રસરે એ જ જ્ઞાન ગુણાતીત છે.

આથી જ શાસ્ત્રો કહે છે - તામસિક, રાજસિક અને સાત્ત્વિક જ્ઞાનથી પર ગુણાતીત જ્ઞાન તરફ વળવું એ જ સાચી સાધના છે. કારણ કે જ્યાં સુધી જ્ઞાન ગુણાતીત સ્થિતિ સુધી પહોંચતું નથી, ત્યાં સુધી બ્રાહ્મી સ્થિતિ શક્ય નથી. ■

# રાધાએ બનાવેલું ભોજન જે પણ જમશે તેનું આયુષ્ય વધશે

શ્યામ સમીપે

જ્યોત્સના તન્ના
feedback@bombaysamachar.com

(ગતાંકથી ચાલુ)

રાધા અને કૃષ્ણની પ્રીતિ તો અજર અમર છે, હંમેશાં નવીન જ રહે. વિદ્યાપતિ કહે છે, 'સખી! કે પૂછસિ અનુભવ મોય, સે હો પિરીતિ અનુરાગ બખાનત, તિલે તિલે નૂતન હોય, સખી. મારો અનુભવ શું પૂછે છે? પ્રીતિ અને અનુરાગનાં વખાણ કરું, ક્ષણ ક્ષણમાં નવીન થાય છે.' 'ચૈતન્ય મહાપ્રભુ પણ એવું જ કહે છે તટસ્થ ભાવે વિચાર કરીએ તો બધા રસમાં શૃંગાર વધારે મધુર છે. પરકીયા ભાવે રસનો ઉલ્લાસ વધુ હોય, વૃંદાવન સિવાય એ બીજે ક્યાંય નથી. આ ભાવ વ્રજનારીઓમાં નિર્બંધ છે અને એ સહુમાં પણ રાધાનો ભાવ તો નિરવધિ છે. 'તાર મધ્યે શ્રી રાધાર ભાવેર અવધિ, પ્રૌઢ નિર્મલ ભાબ પ્રેમ સર્વોત્તમ.' વળી, મારા અને રાધાના પ્રેમ વચ્ચે હોડ છે, આ માધુર્ય હંમેશાં નવીન થતું રહે છે. ક્ષણે ક્ષણે પ્રેમમાધુર્ય વધતું રહે. 'મોર માધુર્ય રાધાપ્રેમ દોહે હોડ કરિ, આમાર માધુર્ય નિત્ય નવ-નવ હોય, સ્વ સ્વ પ્રેમ અનુરૂપ ભક્તે આસ્વાદય.' સંસ્કૃતમાં કહ્યું જ છે કે ક્ષણૈઃ નવૈતાં ઉપૈતિ તદેવ રૂપં રમણીયતાયાઃ દર ક્ષણે નવીનતા ધારણ કરે તે જ રમણીયતાનું સ્વરૂપ છે. અહીં પ્રેમ ક્ષણિક વિકાર નથી. બંધન નથી, બંધિયાર નથી. આ પ્રેમ સહજ શાશ્વત અને સુંદર છે.



વૈષ્ણવ સંપ્રદાયનો એક અન્ય ફાંટો છે, સહજિયા વૈષ્ણવ. તેમના આરાધ્ય રાધાકૃષ્ણ તો છે જ. કૃષ્ણ રસ અને રાધા રતિ. અહીં પણ રાધા કૃષ્ણને સદા આનંદ-વિલાસ આપતી રહે છે. ક્ષણનો વિરહ પણ સહી શકતી નથી. સહજિયા રાગમાર્ગ છે. વૈરાગ્ય માર્ગ નહીં, રાસમાર્ગ છે, કામમાર્ગ નહીં. વિશુદ્ધ કામ માણસને દિવ્ય બનાવે છે. અહીં કામનું શોધન કરવાનું હોય છે. અહીં પણ રાધા પરકીયા છે. લલિત સંપ્રદાયના પ્રવર્તક વંશી અલી છે. કૃષ્ણ આ સંપ્રદાયમાં રાધાની ઉપાસના કરે છે. રાધા-સખીરૂપે કૃષ્ણને વંદે અને સેવા પણ કરે છે.

રાધા સ્વકીયા કે પરકીયા - એ ચર્ચા બહુ જૂની છે. એક ઉલ્લેખ પ્રમાણે ઈ.સ. ૭૧૭માં એક ચર્ચાસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. રાધા સ્વીકયા કે પરકીયા. છેવટે પરકીયા કહેતા પક્ષને વિજયી ઘોષિત કરવામાં આવ્યો હતો.

અને છતાં અનેક ગ્રંથોમાં રાધાકૃષ્ણની સાંસારિક વાતો મળે છે. 'લલિત માધવ'માં રૂપ ગોસ્વામીએ યશોદામાતાનો રાધા પ્રત્યે વાત્સલ્યભાવ દર્શાવ્યો છે. યશોદા રાધાને 'વત્સાલધ્વી - નાની બાલિકા પુત્રી કહે છે. બ્રહ્મવૈવર્તપુરાણ પ્રમાણે રાધાએ શ્રીકૃષ્ણ પર અન્યાઓ સાથે સંબંધ રાખવા માટે ક્રોધ કર્યો હતો. વિરજા ગોપી, શોભા, શાન્તિ, ક્ષમા, તુલસી, સ્વાહા, સ્વધા, સુશીલા વગેરે સાથે સંબંધ રાખવા ઠપકો આપ્યો હતો. ગંગાને કામપીડિત જોઈ રાધા તેને પી ગઈ હતી.

રાધાની પ્રતિસ્પર્ધી હતી. ચંદ્રાવલીનો પ્રેમ ધૃતસ્નેહ જેવો. એટલે જેમાં આદર છે, જે કૃષ્ણના ઐશ્વર્યનો છે. રાધાનો પ્રેમ મધુસ્નેહ એટલે મધ જેવો મીઠો માધુર્યભાવવાળો છે. પદ્મપુરાણ પ્રમાણે સખીઓ શયનગૃહમાં યુગલની સેવા કરે, સમયાનુસારે રાધાને સ્નાન-શણગાર કરે, ત્યાર પછી રાધા સખીઓને સાથે લઈ ભોજન બનાવવા જાય. દુર્વાસા મુનિએ રાધાને વરદાન આપ્યું હતું કે રાધાએ બનાવેલું ભોજન અમૃતતુલ્ય બનશે, અને જે આ ભોજન કરશે તેનું આયુષ્ય વધશે. યશોદા માતાને આ વાતની જાણ હતી. ત્યાર પછી રાધાકૃષ્ણ ક્રીડા માટે સાથે રોજ વનમાં જાય. અહીં પણ રાધા સ્વકીયા કે પરકીયા એ મુદ્દાની ચર્ચા નથી.

છાંદોગ્ય ઉપનિષદમાં કહેવામાં આવ્યું છે કે 'સ એવ રસાનાં રસતમઃ પરમઃ' - તે જ રસોમાં પરમ રસ છે. રાસ માટે અન્ય સ્થળે કહેવાયું છે. 'રસો વૈ રાસઃ' - રસ જ રાસ છે. વૃંદાવનમાં રસિક શિરોમિણ શ્રીકૃષ્ણચંદ્ર અને રાસેશ્વરી રાધાની રાસક્રીડાની લાવણ્યમયી ગાથા શરૂ થઈ. ભારતીય સંગીત ચિત્રકળા અને નૃત્યોમાં આ રસ, રાધા અને ગોપીઓ અભિન્ન રીતે વણાઈ ગયાં છે. રાધા રાસેશ્વરી રાસવાસિની, રસિકેશ્વરી કૃષ્ણપ્રિયા છે. ભાગવતમાં રાધાનું નામ નથી. પણ ગોપીઓ સાથે શ્રીકૃષ્ણની રાસલીલા છે. સત્ય સંકલ્પવાળા શ્રીકૃષ્ણ પોતાના પર પ્રેમ ધરાવતી ગોપીઓના સંગમાં ચંદ્રકિરણોથી શોભાયમાન રાત્રિમાં શરદઋતુમાં શૃંગાર વગેરે રસમાં તરબોળ બન્યા હતા, અને રમ્યા હતા. અહીં 'કામ' આ સ્ત્રીઓના મનમાં હતો. તેઓ શ્રીકૃષ્ણની લીલાનાં કર્મોનું અનુસરણ કરતી, કૃષ્ણનાં ચરિત્રકાર્યોને ગાતી, નૃત્ય કરતી. હરિવંશપુરાણ પ્રમાણે શરદની તેજોમયી રાત્રિઓમાં કૃષ્ણે પોતાની યૌવનાવસ્થા જોઈ ક્રીડા કરવાનું વિચાર્યું. રતિપ્રિય ગોપીઓ તો શ્રીકૃષ્ણ પર અનુરક્ત થઈ પતિ, પુત્ર સગાં સંબંધીઓના મના કરવા છતાં રાતે વનમાં જતી.

પ્રાચીન વૈષ્ણવ પુરાણો-હરિવંશ, વિષ્ણુપુરાણ, ભાગવતમાં રાધાનું નામ નથી, કોઈ એક વિશેષ ગોપીનો ઉલ્લેખ છે. વિષ્ણુપુરાણના વર્ણન પ્રમાણે કૃષ્ણ ઊંચા અવાજે રાસનું ગીત ગાતા, ગોપીઓ તેમની પાછળ ગાતી. શ્રીકૃષ્ણની પાછળ રાસમંડળમાં અનુસરતી ઘૂમતી અને શ્રીકૃષ્ણ જે રીતે વળતા તે રીતે વળતી. શ્રીકૃષ્ણે એક એક ગોપીને પોતાના હાથમાં લઈ રાસમંડળી રચી. હરિવંશ પ્રમાણે પણ લગભગ એ જ રીતે રાસ રચાયો. તાળી વગાડી કૂદતી ગોપીઓ બબેની જોડી બનાવી વચ્ચે કૃષ્ણને રાખી ગાતી, રાસમાં ફરતી. શ્રીધર નામના પ્રાચીન પંડિતના મત પ્રમાણે નટોએ જેમના ગળામાં હાથ નાખ્યા હોય તેવી નટીઓ એકબીજાના હાથ પકડી ગોળાકારે ફરતી હોય તે રાસ.

નીલકંઠ નામના અન્ય પ્રાચીન ટીકાકારે અમરકોષ વગેરેની સહાય લઈ રાસની સમજણ પરંપરા પ્રમાણે આ રીતે આપી છે - મંડળમાં ઘૂમતા એક પુરુષનું અનેક સ્ત્રીઓ સાથે ઘૂમવું તે હલ્લીસક અથવા રાસક્રીડા, તેમાં હાથ અને પગનું ખાસ પ્રકારે હલનચલન હોય છે. ઈસુની પહેલાં મહાભારત જે કાળમાં હજી સંપાદિત થતું હતું તે અતીતના ધૂંધળા વાતાવરણમાંથી બીજા એક મહાન સાહિત્યકારની પરંપરા આજે આપણી પાસે ઉપલબ્ધ છે. તે છે કવિ નાટકકાર ભાસ. તેમણે એક જુદી જ પરંપરાનો આશ્રય લઈ કૃષ્ણના વૃંદાવનના નેસડાના જીવન પર નાટક લખ્યું છે, બાલચરિત. તેમાં ગોપકન્યાઓ સાથે દામોદરના હલ્લીસક નૃત્યના ઉલ્લેખ છે.

મુનિ વાત્સ્યાયનનું 'કામસૂત્ર' પુસ્તક આપણને અજાણ્યું નથી. ત્યાં પણ આ હલ્લીસકનો ઉલ્લેખ શૃંગારિક પરંપરારૂપે કરવામાં આવ્યો છે. નાયિકામાં પ્રીતિ ઉપજાવવા માટે નાયકે એક પુરુષપ્રધાન અનેક સ્ત્રીઓના હલ્લીસક ક્રીડનનો પ્રયોગ કરવો. પુરાણોમાં રાસક્રીડા કે રાસલીલા વખતે અનેક શૃંગારિક વર્ણનો કરવામાં આવ્યાં છે. (ક્રમશઃ)■

# પ્રબળ આત્મવિશ્વાસ સપનું સાકાર કરે

આચમન

અનવર વલિયાણી
feedback@bombaysamachar.com

જે વ્યક્તિ પાસે આત્મવિશ્વાસનું ધન હોય છે એ વ્યક્તિ માટે દુનિયાની કોઈ પણ વસ્તુ મેળવવી આસાન હોય છે.

- આજ જગતભરમાં જે જાણીતી બાઈક છે એનો ઈતિહાસ જાણવા જેવો છે.

- એના મૂળમાં આત્મવિશ્વાસ જ છે.

- આપણે ત્યાં ક્રિકેટર મહેન્દ્રસિંહ ધોનીના આગમન બાદ યુવાનોમાં બાઈકનો ક્રેઝ વધ્યો હતો એ પછી આજે વરસો પછી પણ તે યથાવત્ રહ્યો છે, એ વાત સાચી, પણ એક સમયે બાઈક એટલે હોન્ડા એવું કહેવાતું.

- આ હોન્ડાના સર્જક સોઈચીરો હોન્ડા એક ગરીબ લુહારનો પુત્ર હતો.

- ગરીબાઈના વાદળ એટલાં ગાઢ હતાં કે સુખનો સૂરજ ક્યારેય દેખાય એવી આશા ન હતી.

- આ હોન્ડાના પાંચ ભાઈઓ તો ભૂખમરામાં જ મરી ગયા હતા.

- વળી સોઈચીરો ભણવામાંય ઠોઠ. સ્કૂલમાંથી છૂટીને એ પિતાને સાઇકલ રિપેર કરવામાં મદદ કરતો. નવાંનવાં યંત્રો બનાવવા તેને બહુ ગમતા.

- પ્રથમવાર તેણે કાર જોઇ અને વિચાર્યું કે આવી કાર હું પણ બનાવીશ.

- ત્યારબાદ સંઘર્ષ કરતાં કરતાં તેણે રિપેરશોપ કરી.

- મોટર-કાર માટે પિસ્ટન રિંગ્ઝ બનાવી.

- મોટર-સાઇકલ બનાવવાના પ્રયોગો શરૂ કર્યા..

- ૧૯૪૮માં તેણે હોન્ડા મોટર કંપની બનાવી. અને પ્રથમ મોટર સાઇકલ લોન્ચ કરી અને જોતજોતામાં આખા જાપાનમાં સોઇચીરો હોન્ડા સૌથી મોટો મોટરબાઇકનો નિર્માતા બન્યો.

- વ્હાલા ધર્મતેજ પૂર્તિમાં શ્રદ્ધાળું વાચક મિત્રો.

- આજે હોન્ડાની આવક અબજોને આંકે છે.

- હવે વિચારી જુઓ કે આ હોન્ડા પાસે કઇ મૂડી હતી.

- ના એના પિતાએ વારસામાં અઢળક ધન આપ્યું હતું કે ના એ ભણવામાં અવ્વલ હતો.

- છતાં એનામાં પ્રબળ આત્મવિશ્વાસ હતો કે યંત્ર સંચાલિત ગાડી બનાવવી અને એ સપનું તેણે સાકાર કર્યું.

- દરેક વ્યક્તિમાં આવી વિશિષ્ટ ટેલેન્ટ હોય છે જ, પણ એ વ્યક્તિ એને જાણી શકતી નથી અથવા જાણે તો બહાર લાવવા જેટલો આત્મવિશ્વાસ ધરાવતી હોતી નથી.

- થોમસ આલ્વા એડિસન * અબ્રાહમ લિંકન * ગાંધીજી *સરદાર પટેલ વગેરે આગવા આત્મબળના ભરોસે જ આ દુનિયામાં કાયમ માટે નામ અમર કરી ગયા.

- આ મહાન વિભૂતિઓનો આત્મવિશ્વાસ એટલો પ્રબળ હતો કે આજની તારીખે પણ તેઓના પ્રસંગો અન્યો માટે પ્રેરણારૂપ બને છે.



- મિત્રો સફળતાનું બીજું નામ જ આત્મ-વિશ્વાસ હોઇ, પ્રસ્તુત લેખનો ચોથો અને છેલ્લો ભાગ આવતા અંકમાં વાંચીશુ અને બોધ હાંસલ કરીશું.

----

જાણવા જેવું:

- વિમાનના શોધક રાઇટ બ્રધર્સે જયારે પ્રથમ વાર આવા હવાઇ જહાજ વિશેનો પ્રસ્તાવ લંડનની સાયન્સ સોસાયટી સમક્ષ મૂકયો ત્યારે તેને હસી કઢાયો હતો. પણ

- આત્મવિશ્વાસથી ભરપૂર આ બન્ને ભાઇઓએ દુનિયાની પરવા કર્યા વગરે પોતોના પર ભરોસો મૂકીને સૌપ્રથમ વિમાન ઉડાવી બતાવ્યું હતું.

વ્હાલા વાચક મિત્રો

- આવા તો એક નહીં અનેક ઉદાહરણો મૌજૂદ છે.

- બેશક: પ્રબળ, આત્મવિશ્વાસ, સપનું સાકાર કરે. ■

## મલકાટ

*મીનુ એક પગમાં કાળું અને એક પગમાં સફેદ બૂટ પહેરીને સ્કૂલ પહોંચી.*

*- ટીચર : ઘરે જઇને બદલી આવ.*

*- મીનુ : કોઇ અર્થ નથી ટીચર, ઘરમાં પણ એક કાળું અને એક સફેદ બૂટ જ છે.*

# ગરમી વધતાં એસી લોકલમાં મુસાફરોની સંખ્યામાં વધારો

મુંબઈઃ મુંબઈમાં વધતી ગરમી વચ્ચે હવે મુસાફરોનો ઝુકાવ એસી લોકલ તરફ વધી રહ્યો છે. આરામદાયક અને સુવિધાજનક મુસાફરીની ઈચ્છામાં મોટી સંખ્યામાં લોકો એસી લોકલને પ્રાથમિકતા આપી રહ્યા છે. આ જ કારણ છે કે આ વર્ષે મુસાફરોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. આંકડા મુજબ, ૯ માર્ચે એસી લોકલમાં મુસાફરી કરનારાઓની સંખ્યા ૩,૮૯,૧૧૩ સુધી પહોંચી ગઈ હતી. પાંચ માર્ચે પણ ૩,૭૪,૮૧૭ મુસાફરોએ એસી લોકલમાં

મુસાફરી કરી હતી. આ આંકડા દર્શાવે છે કે મુંબઈગરાઓ હવે ભીડ અને ગરમીથી બચવા માટે એસી લોકલ તરફ વળી રહ્યા છે.

દૈનિક મુસાફરોની સંખ્યાને ધ્યાનમાં લઈએ તો, માર્ચ ૨૦૨૬ માં દરરોજ આશરે ૨.૦૫ લાખ લોકો એસી લોકલમાં મુસાફરી કરી રહ્યા છે. ફેબ્રુઆરીમાં આ આંકડો ૧.૫૮ લાખ, જાન્યુઆરીમાં ૧.૪૪ લાખ અને ડિસેમ્બર ૨૦૨૫ માં ૧.૩૮ લાખ હતો. આનો અર્થ એ થયો કે દર મહિને મુસાફરોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. મુસાફરોમાં વધતી જતી લોકપ્રિયતા અને માંગને પહોંચી વળવા માટે પશ્ચિમ રેલવેની લોકલ ટ્રેન સેવામાં વધારો કરવામાં આવ્યો હતો. ડિસેમ્બર ૨૦૨૫માં લોકલ ટ્રેનોની સંખ્યા ૧૦૯ હતી જે જાન્યુઆરી ૨૦૨૬માં વધીને ૧૨૧ થઈ અને માર્ચ ૨૦૨૬માં તે ૧૩૩ થઈ છે. ■

# મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં સૌથી મોટો અવરોધ દૂર થયો

## ચીનથી ટીબીએમ જવાહરલાલ નહેરુ બંદર પર પહોંચ્યું

મુંબઈઃ અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટના ભૂગર્ભ હિસ્સા માટે બે ટનલ બોરિંગ મશીનો (ટીબીએમ) સોમવારે જવાહરલાલ નહેરુ બંદર પર પહોંચવાના છે. ચીનમાં જિઓ-પોલિટિકલ તણાવને કારણે મહિનાઓના વિલંબ પછી આ એક મોટી સફળતા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે કન્સાઇન્મેન્ટમાં પ્રથમ ટીબીએમના બાકીના ભાગો - જેનું કટર હેડ ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૫ની આસપાસ મુંબઈ પહોંચ્યું હતું - તેમજ બીજા મશીનના બધા ભાગોનો સમાવેશ થાય છે. સૂત્રોએ જણાવ્યું હતું કે કન્સાઇન્મેન્ટ માર્ચની શરૂઆતમાં ચીનથી નીકળ્યું હતું, જે પહેલા ચેન્નઈ બંદર પહોંચ્યું હતું અને ૧૮ માર્ચે મુંબઈ મોકલવામાં આવ્યું હતું.

બંને ટીબીએમ મશીનો આવવાથી ભૂગર્ભ પ્રોજેક્ટના કામમાં ગતિ આવશે. મશીનોના એસેમ્બલી અને પરીક્ષણ બાદ લગભગ ત્રણ મહિનામાં બોરિંગ શરૂ થવાની અપેક્ષા છે. આ મશીનોને બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ અને શિલફાટા વચ્ચેના ૨૦.૩૭ કિલોમીટર લાંબા ભૂગર્ભ વિભાગ માટે તહેનાત કરવામાં આવશે, જેમાં થાણે ક્રીક નીચેની એક પડકારરૂપ સાત કિલોમીટર લાંબી સમુદ્રી ટનલનો પણ સમાવેશ થાય છે.

ટીબીએમ મશીનો જર્મન ફર્મ 'હેરેનકનેક્ટ' પાસેથી મગાવવામાં આવ્યા હતા, પરંતુ તેનું ઉત્પાદન ચીનના ગ્વાંગઝૂ સ્થિત તેમના પ્લાન્ટમાં થયું હતું. આ મશીનો આ વર્ષની શરૂઆતમાં ઔપચારિક મંજૂરી વગર ચીની બંદર પર ફસાયેલા રહ્યા હતા. આ વિલંબને કારણે રૂ. ૧.૦૮ લાખ કરોડના હાઈ-સ્પીડ રેલ કોરિડોરની ડેડલાઇન માટે મોટી ચિંતા ઊભી થઈ હતી. ■



**મહાત્માને વંદનઃ** મહારાષ્ટ્રની મુલાકાતે આવેલા ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણને પુણેના નિસર્ગોપચાર આશ્રમમાં ગાંધી સ્મારક ખાતે મહાત્માને અંજલિ આપી હતી. (એજન્સી)

## સરપંચ દેશમુખની હત્યાઃ

# બીડ ગ્રામ પંચાયત ચૂંટણી માટે તૈયાર થઈ રહ્યું છે ત્યારે બધાની નજર મસાજોગ પર

બીડ : મહારાષ્ટ્રના બીડ જિલ્લામાં આગામી ગ્રામ પંચાયત ચૂંટણી માટે તૈયારીઓ ચાલી રહી છે, ત્યારે સૌનું ધ્યાન મસાજોગ ગામ પર રહેશે, જ્યાં સરપંચ સંતોષ દેશમુખની સનસનાટીભરી હત્યા બાદ પેટાચૂંટણી યોજાશે. કૈજ તહસીલના મસાજોગમાં પેટાચૂંટણી, સમગ્ર જિલ્લામાં એક વ્યાપક કવાયતનો ભાગ છે. ૨૮ એપ્રિલે ૪૮ ગ્રામ પંચાયતોમાં ૨૨ સરપંચ પદ સહિત ૮૮ બેઠકો માટે મતદાન યોજાશે, અને ૨૯ એપ્રિલે મતગણતરી યોજાશે.

સ્થાનિક લોકોએ જણાવ્યું હતું કે લગભગ ૨,૦૦૦ ની વસ્તી ધરાવતું મસાજોગ, માર્યા ગયેલા ગામના સરપંચના સન્માનમાં તેના નવા સરપંચને બિનહરીફ ચૂંટશે કે કેમ તે જોવાનું રહેશે. તેમની વિધવા પત્ની અથવા પરિવારના અન્ય સભ્યને આ પદ માટે મેદાનમાં ઉતારી શકાય છે, એમ તેમણે જણાવ્યું હતું. સંતોષનો ભાઈ ધનંજય દેશમુખ હાલમાં ગામમાં સક્રિય છે. દેશમુખનું ૯ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ અપહરણ કરીને હત્યા કરવામાં આવી હતી. એવો આરોપ મૂકવામાં આવ્યો હતો કે ત્રણ દિવસ પહેલા આ વિસ્તારમાં કાર્યરત પવન ઊર્જા કંપની પાસેથી પૈસા પડાવવાના પ્રયાસનો વિરોધ કરવા બદલ તેમની હત્યા કરવામાં આવી હતી, જેના કારણે ભારે આક્રોશ ફેલાયો હતો.

ત્યારબાદ, મહારાષ્ટ્રના તત્કાલીન પ્રધાન અને એનસીપી નેતા ધનંજય મુંડેના નજીકના સાથી વાલ્મિક કરાડને હત્યાના મુખ્ય સૂત્રધાર માનવામાં આવ્યો. વિપક્ષના વધતા દબાણ વચ્ચે, મુંડેએ ભાજપના નેતૃત્વ હેઠળની મહાયુતિ સરકારમાંથી રાજીનામું આપ્યું. બીડની જેલમાં કેદ, મુખ્ય આરોપી કરાડની જમીન અરજી તાજેતરમાં કોર્ટે ફગાવી દીધી હતી. ધરપકડ કરાયેલા અન્ય આરોપીઓમાંથી, સુદર્શન ઘુલે, પ્રતીક ઘુલે, જયરામ ચાટે, સુધીર સાંગલે અને મહેશ કેદાર બીડમાં છે, જ્યારે વિષ્ણુ ચાટે લાતુર જિલ્લાની જેલમાં છે. એક આરોપી, કૃષ્ણા આંધાલે, હજુ પણ ફરાર છે. (પીટીઆઈ) ■

# વિરારમાં રહેણાક બિલ્ડિંગમાં લાગેલી આગમાં નવનો બચાવ

મુંબઈઃ વિરાર (પૂર્વ)માં ૧૨ માળની એક રહેણાક બિલ્ડિંગમાં રવિવારે સવારના ફાટી નીકળેલી આગમાં નવ રહેવાસીઓને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા હતા.

પ્રશાસનના જણાવ્યા મુજબ વિરાર પૂર્વમાં આવેલી બિલ્ડિંગના આઠમા માળ પરના એક ફ્લેટમાં સવારના ૧૧ વાગ્યાની આસપાસ આગ ફાટી નીકળી હતી. આગ ઝડપભેર આજુબાજુના બીજા બે ફ્લેટમાં પણ ફેલાઈ ગઈ હતી. આગમાં ત્રણ ફ્લેટના પ્રવેશદ્વાર પેનલને નુકસાન પહોંચાડયું હતું.

ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ આઠમા માળ પરના ફ્લેટમાં આગ લાગી અને તેને કારણે નીકળેલા ધુમાડાને કારણે ફ્લેટને રહેવાસીઓ અંદર જ ફસાઈ ગયા હતા. તેઓ ધુમાડાને કારણે બહાર નીકળી શક્યા નહોતા. આઠમા માળ પર નવ રહેવાસીઓ ફસાઈ ગયા હતા, જેમાં બાળકો સહિત જયેષ્ઠ નાગરિકોનો સમાવેશ થાય છે.

આગની જાણ થતા ઘટનાસ્થળે ફાયરબ્રિગેડ પહોંચી ગઈ હતી અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. એ અગાઉ તેઓએ આઠમા માળ પર ફસાઈ ગયેલા નવ રહેવાસીઓને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા. આગ પર નિયંત્રણ મેળવવામાં લગભગ બે કલાકનો સમય લાગ્યો હતો.

ફાયરબ્રિગેડના જણાવ્યા મુજબ આગ લાગી તે બિલ્ડિંગ ફક્ત બે વર્ષ જૂની છે, છતાં બિલ્ડિંગમાં સુરક્ષાના સાધનોનો અભાવ હતો. આગની દુર્ઘટના બાદ રહેવાસીઓએ તાત્કાલિક ધોરણે ફાયર સેફટી ઓડિટ કરાવવાની માગણી કરી હતી. તપાસ બાદ આગનું ચોક્કસ કારણ જાણી શકાશે. ■

# વિદેશી પ્રવાસીઓની વિગતો જાહેર ન કરનારા હૉટેલ માલિક સામે ગુનો

થાણેઃ પોલીસ પોર્ટલ પર વિદેશી પ્રવાસીઓની વિગતો કથિત રીતે અપલૉડ ન કરવા બદલ નવી મુંબઈની એક હૉટેલના માલિક અને મૅનેજર વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો.

સાનપાડા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે બે મહિલા સહિત ચાર ટુર્કિશ નાગરિક ગયા વર્ષની ૨૮થી ૩૦ ડિસેમ્બર સુધી સાનપાડાની એક હૉટેલમાં રોકાયાં હતાં.

આ નાગરિકોની વિગતો હૉટેલ દ્વારા પોલીસ પોર્ટલ પર અપલૉડ કરાઈ નહોતી. કાયદા અનુસાર વિદેશી પ્રવાસીઓની વિગતો પોલીસ વેબસાઈટ પર અપલૉડ કરવી ફરજિયાત છે. તેમ છતાં વિદેશી નાગરિકોની માહિતી જાહેર ન કરવા બદલ આ કાર્યવાહી કરાઈ હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. સાનપાડા પોલીસની ટીમ દ્વારા હૉટેલોનાં રજિસ્ટરની નિયમિત ચકાસણી દરમિયાન આ છબરડો સામે આવ્યો હતો. હૉટેલના માલિક અને મૅનેજર દ્વારા બેદરકારી દાખવવામાં આવતાં પોલીસે પગલાં લીધાં હતાં. આ મામલે પોલીસે બન્ને વિરુદ્ધ શનિવારે ફોરેનર્સ ઑર્ડર અને ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો હેઠળ એફઆઈઆર નોંધ્યો હતો. (પીટીઆઈ) ■

# ભાજપના નગરસેવિકા અલકા કેરકરનું નિધન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈના ભૂતપૂર્વ નાયબ મેયર અને ભાજપમાંથી ત્રણ વખત ચૂંટાઈ આવેલા નગરસેવિકા અલકા કેરકરનું શનિવારે ટૂંકી બીમારી બાદ બાન્દ્રાની ખાનગી હૉસ્પિટલમાં નિધન થયું હતું. તાજેતરમાં થયેલી પાલિકાની ચૂંટણીમાં તેઓ ત્રીજી વખત ચૂંટાઈ આવ્યા હતા. તેમના પરિવારમાં એક પુત્ર અને એક પુત્રી છે.

અલકા કેરકર બાન્દ્રા પશ્ચિમમાં વોર્ડ નંબર ૯૮માંથી સળંગ ત્રણ વખત ચૂંટાઈ આવ્યા હતા. રિટાયર્ડ શિક્ષિકા રહેલા અલકા કેરકર ૨૦૧૪થી ૨૦૧૫ દરમ્યાન મુંબઈના નાયબ મેયર રહ્યા હતા. ■

# નવી મુંબઈમાં વેટલેન્ડ ઝેરી બનતા ફ્લેમિંગોના રહેઠાણ માટે સંકટ

મુંબઈઃ મુંબઈમાં આવેલા વેટલેન્ડ સ્થળાંતર કરનારા પક્ષીઓ માટે આદર્શ સ્થાનો છે. ખાસ કરીને ફ્લેમિંગો અહીંયા મોટા પ્રમાણમાં સ્થળાંતર કરીને આવે છે. નવેમ્બરથી મે મહિના વચ્ચે અહીં મોટા પ્રમાણમાં પક્ષીઓ જોવા મળે છે. પક્ષી પ્રેમીઓ આ ગુલાબી નજારો જોવા મોટા પ્રમાણમાં તેની મુલાકાત લે છે.

જોકે, નવી મુંબઈમાં ત્રણ મુખ્ય ફ્લેમિંગોના રહેઠાણ ઝેરી બની ગયા હોવાથી, પર્યાવરણ પ્રેમીઓએ 'વેટલેન્ડ કટોકટી' જાહેર કરી છે, પાણીના નમૂનાઓના પરીક્ષણો ચિંતાજનક પરિણામો દર્શાવે છે. કાર્યકર્તાઓએ નેરુળ ખાતે રામસર સ્થળ ગણાતા થાણે ક્રીક ફ્લેમિંગો અભયારણ્ય (ટીસીએફએસ) ડીપીએસ, એનઆરઆઈ અને ટીએસ ચાણક્ય તળાવોની બગડતી સ્થિતિને દર્શાવી હતી, જે સેટેલાઇટ વેટલેન્ડ છે.

નેટકનેક્ટ ફાઉન્ડેશન દ્વારા હાથ ધરવામાં આવેલા પાણીના નમૂના પરીક્ષણો દર્શાવે છે કે સિસ્ટમ ગંભીર તણાવમાં છે, એમ કાર્યકરોએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને મોકલેલા સંદેશાઓમાં જણાવ્યું છે. ફાઉન્ડેશનના ડિરેક્ટર બી.એન. કુમારે જણાવ્યું હતું કે, આ સીઝનમાં ફ્લેમિંગોની ગેરહાજરી ગંભીર ચેતવણી સમાન છે. ચાર મૂળભૂત સૂચકાંકો - ટીડીએસ, પીએચ, બીઓડી અને સીઓડી - સતત ઘટાડો દર્શાવે છે.

પર્યાવરણ કાર્યકર્તાઓએ આ પરિસ્થિતિ માટે સિડકો, મહારાષ્ટ્ર કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટી અને વન વિભાગને દોષિત ગણાવ્યા છે.કોર્ટના આદેશો છતાં સિડકો સંરક્ષિત જગ્યા પર કોંક્રિટ નાખતી હોવાથી ભીના મેદાનોનો નાશ થઈ રહ્યો છે. ભૂતકાળમાં ફ્લેમિંગો ખરાબ થયેલા સ્થળોએ અનુકૂળ થયા હતા, પરંતુ હવે તેમની ગેરહાજરી સૂચવે છે કે સિસ્ટમ એક મહત્ત્વપૂર્ણ સીમા પાર કરી ગઈ હશે. (પીટીઆઈ) ■

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ટેઢુ | નીચાણ |
| ટેકીલું | સીધું |
| ટેકરો | દંભી |
| ટોચ | બદનક્ષી |
| ટીખળ | ખાડો |

### માતૃભાષાની મહેક

હાથ એટલે કોણીથી વચલી આંગળીના છેડા લગીનું એક માપ, અરધો ગજ અથવા બાર આંગળીની લંબાઈનું એક માપ. હાથ જીભ કાઢવી એટલે તોબા પોકારવી, કાયર થઈ જવું, હેરાન હેરાન થઈ જવું. ગંજીફાની રમતનો એક દાવ પણ હાથ કહેવાય છે. રમનારમાંથી ઊતર થઈ હોય તે રંગનું ઊંચું પાનું જે ઉતરે અથવા તે રંગ ન હોય તો હૂકમનું પાનું જે ઉતરે તે તે પાનાં લઈ લે. આવાં પાનાંના સમૂહને હાથ કહે છે.

### ગુજરાત મોરી મોરી રે

૧૩૦ એકરમાં પથરાયેલું નૈસર્ગિક સૌંદર્ય અને બાળકો માટે પ્લે એરિયા ધરાવતું સહેલાણીઓનું માનીતું સરિતા ઉદ્યાન ક્યાં આવ્યું છે?

અ) પાટણ  બ) ગાંધીનગર
ક) વડોદરા  ડ) ગાંધીધામ

### ઈર્શાદ

*છોકરીને આજથી સત્તર થયાં,*
*ગામના કૈંક છોકરા અત્તર થયા.*
*- પારસ પટેલ*

### શબ્દલાલિત્ય - કાન્તા વોરા

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | | ૪ | ૫ | ૬ | |
| ૭ | | | | | | | ૮ | | |
| | | ૯ | | ૧૦ | | ૧૧ | | | ૧૨ |
| ૧૩ | ૧૪ | | | ૧૫ | | | | | |
| | ૧૬ | | ૧૭ | | | | | ૧૮ | |
| | | | | | | ૧૯ | ૨૦ | | |
| ૨૧ | | | ૨૨ | | ૨૩ | | ૨૪ | | ૨૫ |
| ૨૬ | ૨૭ | ૨૮ | | | ૨૯ | ૩૦ | | | |
| | ૩૧ | | | | | | | ૩૨ | |
| ૩૩ | | | | | ૩૪ | | | | |

### આડી ચાવી

૧ ---- કરવી= રખડવું, ભટકવું (૫)
૪ સિંહ (૪)
૭ છ (૨)
૮ એક ચોપગું જંગલી પ્રાણી (૨)
૯ દેહ, કાયા (૩)
૧૧ સુથારનું એક ઓજાર (૪)
૧૩ સર્વ, બધું (૩)
૧૫ ઝાડ કે જમીનમાંનું પોલાણ (૩)
૧૬ સુસ્તી, શ્રમ (૩)
૧૯ મૂળ ગામ કે દેશ (૩)
૨૨ પૌત્ર (૩)
૨૪ શોક, રડારોળ (૩)
૨૬ ભાંગે નહીં પણ વળે એવું નરમ (૪)
૨૯ પાક, મોસમ (૩)
૩૧ અવાજ (૨)
૩૨ તાત્પર્ય, અભિપ્રાય (૨)
૩૩ ઘડિયાળનો અવાજ (૪)
૩૪ નિયમબદ્ધ વર્તનમાં રહેવું તે (૫)

### ઊભી ચાવી

૧ આબરૂ સાચવવી તે (૪)
૨ તાબડતોબ, તરત (૨)
૩ ઉપરણો, દુપટ્ટો (૩)
૫ સામો (૩)
૬ રામ (૩)
૯ શાંતિ, ધીરજ (૩)
૧૦ પરમાત્મા (૨)
૧૧ મધુર ધ્વનિ (૪)
૧૨ કાંઠો, કીનારો (૨)
૧૪ ત્રાંસું, બાડું, (૩)
૧૭ બીકણ (૪)
૧૮ ---- એવી બરકત (૩)
૨૦ એક ઝાડ જેનાં પાન તેજાના તરીકે વપરાય (૩)
૨૧ હૃદય (૨)
૨૩ રૂઆબ (૨)
૨૫ વૃંદાવન (૪)
૨૭ મીઠાઇની શોભા વધારવા ---- લગાડે (૩)
૨૮ કાળજી (૩)
૩૦ સમગ્ર સમુદાય, સઘળું (૩)
૩૨ કપાળ (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અ | વ | ૨ ઢ | ૩ વ | | | ૪ ગ | લ | ૫ ઢે | ૬ રું |
| ઊ | | ૭ ગ | ર | ૮ વ | | ઢ | | ૯ ખા | ડ |
| ૧૦ ગો | ૧૧ ખ | લો | | ૧૨ ગ | ૧૩ ર | વી | | ળો | |
| | ટ | | ૧૪ પ | ડા | વ | | | | ૧૫ અં |
| ૧૬ મ | | ૧૭ ત્વ | | ઉ | | ૧૮ ડ | ૧૯ ગુ | મ | ગુ |
| ૨૦ હા | લ | ચા | લ | | ૨૧ કા | | નો | | ઠી |
| ન | | | | ૨૨ આ | ર | સી | | ૨૩ ર | |
| | ૨૪ બી | | ૨૫ ક | મ | ત | | ૨૬ અ | મા | ૨૭ સ |
| ૨૮ ત | મા | | મ | | ૨૯ ક | ૩૦ સ | બ | | સ |
| ૩૧ વ | ર | જો | ળો | | | ૩૨ ચી | લા | ચા | લુ |

### ઓળખાણ પડી?



કાળા પથ્થરની મદદથી બાંધવામાં આવેલું અને શ્રી રામની કાળી પ્રતિમાને કારણે કાળારામ મંદિર તરીકે ઓળખાતું ધર્મસ્થાન ક્યાં આવેલું છે?

અ) કોલકાતા  બ) નાશિક  ક) વિસનગર  ડ) મુનાર

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'સમી સાંજે આ કથા આદરી છે' પંક્તિમાં આદરીનો અર્થ શું થાય એ જણાવો.

અ) શ્રવણ  બ) પ્રારંભ  ક) સન્માન  ડ) અધ્યાય

### માઈન્ડ ગેમ

વિવિધ દેશના આર્થિક વ્યવહારમાં અલગ અલગ ચલણ હોય છે. યુએસના પાડોશી દેશ મેક્સિકોમાં કયું ચલણ અસ્તિત્વમાં છે?

અ) યુઆન  બ) રૂબલ  ક) પેસો  ડ) રેન્ડ

### સુડોકુ-૯૨૫૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨ | ૩ | | ૯ | ૧ | | |
| | ૮ | | ૫ | | ૭ | | ૨ | |
| ૫ | ૯ | | | ૮ | | | ૭ | ૪ |
| | ૧ | ૩ | | | | ૬ | ૫ | |
| | | | | | | | | |
| | ૫ | ૮ | | | | ૪ | ૧ | |
| ૨ | ૪ | | | ૫ | | | ૩ | ૮ |
| | ૭ | | ૮ | | ૬ | | ૪ | |
| | | ૯ | ૨ | | ૪ | ૫ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૨૫૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૭ | ૯ | ૮ | ૬ | ૧ | ૩ | ૨ | ૪ |
| ૪ | ૨ | ૬ | ૯ | ૭ | ૩ | ૧ | ૫ | ૮ |
| ૩ | ૮ | ૧ | ૪ | ૫ | ૨ | ૬ | ૭ | ૯ |
| ૨ | ૯ | ૫ | ૩ | ૮ | ૪ | ૭ | ૬ | ૧ |
| ૧ | ૬ | ૩ | ૭ | ૯ | ૫ | ૮ | ૪ | ૨ |
| ૭ | ૪ | ૮ | ૨ | ૧ | ૬ | ૯ | ૩ | ૫ |
| ૬ | ૧ | ૪ | ૫ | ૩ | ૯ | ૨ | ૮ | ૭ |
| ૯ | ૫ | ૭ | ૬ | ૨ | ૮ | ૪ | ૧ | ૩ |
| ૮ | ૩ | ૨ | ૧ | ૪ | ૭ | ૫ | ૯ | ૬ |

### ગયા સોમવારના જવાબ

| A | B |
|---|---|
| ટકાઉ | તકલાદી |
| ટટ્ટાર | ઢીલું |
| ટાઢું | ઉષ્ણ |
| ટીકાપાત્ર | પ્રશસ્ય |
| ટૂંકાણ | વિસ્તરણ |

**ગુજરાત મોરી મોરી રેઃ** ડાંગ

**ઓળખાણ પડી?** મોરબી

**માઈન્ડ ગેમ :** બાહત

**ચતુર આપો જવાબ અર્થ જણાવોઃ** સમૃદ્ધિ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) નીતા દેસાઈ (૬) ખુશરૂ કાપડિયા (૭) વિપીન શાહ (૮) નૂતન વિપીન શાહ (૯) શ્રદ્ધા આશર (૧૦) પુષ્પા પટેલ (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) ભારતી બુચ (૧૩) લજિતા ખોના (૧૪) પ્રવીણ વોરા (૧૫) તાહેર ઔરંગાબાદવાલા (૧૬) શીરીન ઔરંગાબાદવાલા (૧૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૮) હર્ષા મહેતા (૧૯) મીનળ કાપડિયા (૨૦) મહેન્દ્ર લોઢાવિયા (૨૧) નિખિલ બંગાળી (૨૨) અમીશી બંગાળી (૨૩) ભરત કજરિયા (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલ્ગુની શેઠ (૨૬) જયવંત પદમશી ચિખલ (૨૭) હરીશ મનુભાઈ ભટ્ટ (૨૮) વિણા સંપટ (૨૯) દેવેન્દ્ર સંપટ (૩૦) ભાવના કર્વે (૩૧) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૨) અરવિંદ કામદાર (૩૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) ઈનાક્ષી દલાલ (૩૬) હિના દલાલ (૩૭) રમેશ દલાલ (૩૮) અલકા વાણી (૩૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૦) ડાયના સંતોકે (૪૧) વિજય આસર (૪૨) ડૉ. પ્રકાસ કટકિયા (૪૩) મહેશ દોશી (૪૪) પ્રતિમા પમાણી (૪૫) ધીરેન્દ્ર મુલરાજ (૪૬) નયના ગિરીશ મિસ્ત્રી (૪૭) મહેશ સંઘવી

# ટ્રમ્પે સળગાવેલી હોર્મુઝ સામુદ્રધૂનીની જવાળા ભભૂકતી રહેશે ત્યાં સુધી ઈક્વિટી માર્કેટને કળ વળવી મુશ્કેલ

શેર બજાર

નિલેશ વાઘેલા

મુંબઈઃ ઇરાન અને ઇઝરાયલ વચ્ચેના યુદ્ધની સતત બદલાતી તસવીર વચ્ચે ક્રૂડના ભાવ અને રૂપિયાના મૂલ્યમાં ભયાનક અફડાતફડીને કારણે શેરબજારમાં આ સપ્તાહે પણ ઊથલપાથલ ચાલુ રહેવાનું લગભગ નિશ્ચિત જ છે. ઇરાને એક તરફ અમેરિકા અને ઇઝરાયલને હંફાવી નાંખ્યું છે અને બીજી તરફ ટ્રમ્પ એવી શેખી મારે છે કે ઇરાન શરણે આવશે. જોકે ઇરાને ઇઝરાયલના ન્યુક્લિઅર બેઝ નજી હુમલો કરી પુરવાર કરી આપ્યું ચે કે તેની બેલાસ્ટિક મિસાઇલનો જથ્થો હજું સલામત છે.

મધ્યપૂર્વમાં મિસાઇલોની વરસાદ વધુ તેજ થતો જાય છે અને તેમાં ઇઝરાયલે ઇરાનના અણુ મથકો નજીક અને ગેસ ઇન્સ્ટોલેશનને ડાર્ગેટ બનાવ્યા બાદ ઇરાને અખાતી દેશોના તમામ ઓઇલ સ્ટોરેજ પર હુમલો કરવાની ચેતવણી ઉચ્ચારી હતી. ઇરાને અમુક અખાતી દેશ સહિત ઇઝરાયલ પર પણ ભયાનક મિસાઇલ મારો ચલાવ્યો હોવાના અહેવાલ છે. ઇરાને સીઝફાયરની પણ મનાઇ કરી દીધી હોવાથી પરિસ્થિતિ વધુ વણસી છે અને તેની અસર સમગ્ર વિશ્વની ઇકોનોમી પર પડશે. ઇંધણ સાથે હવે અનાજ અને ખાતરની તેમ જ અખાતી દેશોમાં પાણીની પણ અછત સર્જાવાની દહેશત છે.

ટ્રમ્પે યુદ્ધ બંધ કરવાના નબળા સંકેત આપ્યા છે અને તે ક્યારે ફરી જશે એનો કોઇ ભરોસો નથી, ત્યારે ઇરાને યુદ્ધ બંધ કરવા સ્પષ્ટ શરતો મૂકી છે. ઇરાને ભારતની અધ્યક્ષતા હેઠળના બ્રિક્સ દેશના સમૂહને પણ યુદ્ધ બાબતે અમેરિકા અને ઇઝરાયલને સમજાવવા અપીલ કરી છે. ઇરાનનું કહેવું છે કે હુમલો કરવાની શરૂઆત અમેરિકા અને ઇઝરાયલે કરી છે તો બંધ પણ એમણે જ પહેલા કરવા જોઇએ અને ભવિષ્યમાં આનું પુનરાવર્તન ના કરવાની ખાતરી આપવી જોઇએ.

ભારત માટે પોઝિટીવ ડેવલપમેન્ટમાં હોર્મુઝ સ્ટ્રેઇટથી બે ઓઇલ ટેન્કર્સ અને એલપીજીના અન્ય બે જહાજ, શિવાલિક અને નંદાગીરી સ્ટ્રેઇટ ઓફ હોર્મુઝમાંથી હેમખેમ પસાર થઇ ગયા હોવાથી સેન્ટિમેન્ટમાં સુધારો હતો. ઇરાને ભારતના જહાજોને હોર્મુઝ સામુદ્રધુનીમાં પસાર થવાની પરવાનગી આપ્યા બાદ હવે અમેરિકા અને ઇઝરાયલ સિવાયના તમામ દેશના કન્ટેન્રને પસાર થવાની પરવાનગી જાહેર કરી હોવાથી ક્રૂડ ઓઇલના ભાવના ઝડપી ઉછાળાને થોડી બ્રેક લાગી છે.

જોકે, એ પણ નોંધવું રહ્યું કે ભારતના બાવીસેક જહાજ હજુ ત્યાં અટવાયેલા છે અને ઇરાને હવે ભારતીય જહાજોના સરળ પસાર થવા સામે ભારતે ફેબ્રુઆરીમાં કબજે કરેલા તેના ત્રણ જહાજોને મુક્ત કરવાની તેમ જ હવે પછી ઓઇલ માટેની ચૂકવણી ડોલરમાં નહીં પરંતુ ચાઇનીઝ ચલણમાં કરવાની શરત મૂકી છે. મધ્ય પૂર્વમાં વધતા તણાવ, યુએસ ફેડની બેઠક અને અન્ય કેન્દ્રીય બેંકની જાહેરાતો વચ્ચે ભારતીય શેરબજારમાં સપ્તાહ દરમિયાન ભારે અસ્થિરતા જોવા મળી હતી. ભારતીય શેરબજાર સપ્તાહમાં પણ નકારાત્મક વલણ યતાવત રહ્યું હતું, જે સહભાગીઓમાં સાવચેતીભર્યું વલણ દર્શાવે છે. સપ્તાહના પ્રથમ ત્રણ સત્રોમાં સકારાત્મક વલણ જોવા મળ્યું, પરંતુ ગુરુવારના તીવ્ર ઘટાડાએ તમામ સુધારો ધોઇ નાંખ્યો હતો. નિફ્ટી ૦.૧૬ ટકા ઘટીને ૨૩,૧૧૪.૫૦ પોઇન્ટની સપાટી પર, જ્યારે સેન્સેક્સ ૦.૦૪ ટકા ઘટીને ૭૪,૫૩૨.૯૬ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો હતો.

ભારતીય શેરબજારોમાં ખૂબ જ અસ્થિર હવામાન વચ્ચે સહેજ રાહત જોવા મળી હતી, મધ્યપૂર્વના યુદ્ધની તીવ્રતામાં સહેજ ઓટ આવવાની સંભાવનાને કારણે ટૂંકા ગાળાની રાહતના સંકેતો વચ્ચે સેન્ટિમેન્ટમાં સુધારો જોવા મળ્યો હતો. જોકે મધ્ય પૂર્વમાં ભૂરાજકીય તણાવ સતત ઉંચો રહ્યો, જ્યારે ક્રૂડ ઓઇલના ભાવમાં થોડો ઘટાડો થવાથી શેરબજારમાં વધુ ધબડકાને મર્યાદિત કરવામાં મદદ મળી, જેના કારણે સૂચકાંકો મુખ્ય સપોર્ટ ઝોનની નજીક કોન્સોલિડેટ થયા હતા. જોકે, ઇરાનના ઇઝરાયલના અણુ મથક નજીકના હુમલા તેમ જ નમતું ના જોખવાની જીદ તેમ જ અમેરિકાએ ઇરાનને હોર્મુઝ સામુદ્રધુની ખોલવા આપેલી ૪૮ કલાકની ચીમકી જોતાં ચાલુ ભૂરાજકીય તંગદીલી વહેલી ઘટવાની શક્યતા જણાતી નથી. આમે કારણે ક્રૂડ ઓઇલના ભાવમાં સતત અસ્થિરતા રહેશે અને શેરબજારમાં પણ એવી જ ઊથલપાથલ રહેવાની સંભાવના છે. નજીકના ગાળાની દિશા મોટાભાગે અકાતી યુદ્ધના ઘટનાક્રમ પર, ખાસ કરીને હોર્મુઝ સ્ટ્રેટની આસપાસની વિકસતી પરિસ્થિતિ પર આધારિત છે.

હા તો એક તરફ અમેરિકાએ ચીમકી આપી છે અને બીજી તરફ ઇરાને તો પહેલથી જ શત્રુ દેશ સિવાયના દેશોને હોર્મુઝમાંથી પસાર થવાની પરવાનગી આપી દીધી છે. નોંધવું રહ્યું કે, લાંબા સમય સુધીનો વિક્ષેપ ક્રૂડ ઓઇલના ભાવ ૧૦૦ ડોલરની ઉપર રાખી શકે છે, ફુગાવા અને ચાલુ ખાતાના દબાણને તીવ્ર બનાવી શકે છે, જે રિસ્કઓફ સેન્ટિમેન્ટા જાળવી રાખી શકે છે.

આ પરિબળોની નકારાત્મક અસર વિદેશી સંસ્થાકીય રોકાણકારોના વલણ, રૂપિયાની વધઘટ અને ગ્લોબલ ઇક્વિટી માર્કેટની ચાલ પર પડશે અને તે સ્તાનિક બજારમાં પ્રતિબિંબિત થશે. અમેરિકાન ડોલરની મજબૂતાઈ પણ ભારતીય અર્થતંત્રને નુકસાન બનાવી રહી છે. અલબત્ત વચ્ચે વચ્ચે ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો અથવા ઘટાડો થવાના કોઈપણ સંકેતો શોર્ટ-કવરિંગ અથવા રાહત રેલીને ઉત્તેજિત કરી શકે છે!

નિષ્ણાતો અનુસાર રોકાણકારોએ નાજુક સેન્ટિમેન્ટ, રૂપિયાની નબળાઇ, ડોલરની મજબૂતાઇ, વિદેશી ફંડોના સતત આઉટફ્લો અને ચાલુ વૈશ્વિક અનિશ્ચિતતા ધ્યાનમાં રાખીને સાવધ અને પસંદગીયુક્ત અભિગમ જાળવી રાખવો જોઈએ. ાવી વષિમ પરિસ્થિતિમાં રોકાણકારોએ શિસ્તબદ્ધ જોખમ વ્યવસ્થાપન પ્રથાઓનું પાલન કરવું જોઈએ.

અસ્થિરતા ઊંચી રહેવાની અપેક્ષા સાથે, સ્પષ્ટ દિશાત્મક સંકેતો બહાર ન આવે ત્યાં સુધી સ્ટોક પસંદગી પર ધ્યાન કેન્દ્રિત કરીને હેજ્ડ અભિગમ જાળવી રાખવો મહત્વપૂર્ણ રહેશે.

આ દરમિયાન, ક્ષેત્રીય દૃષ્ટિકોણ અંગે એક માર્કેટ એનાલિસ્ટે નોંધ્યું હતું કે ફાર્મા અને પસંદગીના ઊર્જા શેરોમાં આકર્ષણ રહી શકે છે, જ્યારે ધાતુઓને ચક્રીય સપોર્ટનો લાભ મળી શકે છે. જોકે, ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો થવાને કારણે દર-સંવેદનશીલ અને તેલ-સંબંધિત ક્ષેત્રોમાં સાવધાની રાખવાની સલાહ આપવામાં આવે છે. નિફ્ટી તેના સર્વકાલીન ઉચ્ચતમ સ્તરથી લગભગ ૧૩ ટકા ઘટ્યો છે, જે વ્યાપક બજારમાં નોંધપાત્ર સુધારાત્મક તબક્કા પર ભાર મૂકે છે.

# અખાતી યુદ્ધ વચ્ચે ડીઆઇઆઇની ૧૨ સેશનમાં એક લાખ કરોડથી વધુની ખરીદી

મુંબઈ : ઈરાન યુદ્ધ ફાટી નીકળ્યા બાદ વૈશ્વિક બજારોની સાથોસાથ ભારતની ઈક્વિટી માર્કેટમાં પણ બોલાઈ ગયેલા કડાકાનો લાભ લઈ ઘરેલુ સંસ્થાકીય રોકાણકારો (ડીઆઈઆઈ)એ નીચા વેલ્યુએશને ૧૨ ટ્રેડિંગ સેશનમાં રૂપિયા એક લાખ કરોડની ઈક્વિટીની ખરીદી કરી હોવાનું પ્રાપ્તે ડેટા પરથી જણાય છે.

વર્તમાન કેલેન્ડર વર્ષમાં ઘરેલું સંસ્થાકીય રોકાણકારોએ અત્યારસુધીમાં કેશમાં નેટ રૂપિયા ૨.૦૩ લાખ કરોડની ખરીદી કરી છે. મધ્ય પૂર્વમાં રાજકીયભૌગોલિક તાણને પરિણામે ભારતીય બજારમાં આવી ગયેલા કરેકશનનો ડીઆઈઆઈએ લાભી લીધો છે. ડીઆઈઆઈની ખરીદીને પરિણામે શેરબજારને ટેકો મળી રહ્યો છે. જો કે વિદેશી સંસ્થાકીય રોકાણકારો તથા રિટેલ રોકાણકારોની જંગી વેચવાલીને કારણે છેલ્લા ૧૨ સત્રમાં બેન્ચમાર્ક ઈન્ડાઈસિસમાં નોંધપાત્ર કરેકશન આવ્યું છે. આ અગાઉ ૨૦૨૫માં ઘરેલું સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટી કેશમાં રૂપિયા ૭.૭૫ લાખ કરોડની નેટ લેવાલી રહી હતી. ક્રુડ તેલના ભાવમાં ભડકો તથા કંપનીઓની આવકમાં ઘટાડો થવાના જોખમ છતાં ડીઆઈઆઈની નોંધપાત્ર ખરીદી જોવા મળી છે. બીજી બાજુ વિદેશી રોકાણકારોએ ૨૦૨૬માં અત્યારસુધીમાં ઈક્વિટી કેશમાં રૂપિયા ૧.૨૯ લાખ કરોડની નેટ વેચવાલી કરી છે, જેમોથી રૂપિયા ૮૧૦૦૦ કરોડની વેચવાલી એકલા માર્ચમાં રહી છે.

ક્રુડ તેલના ઊંચા ભાવને કારણે દેશના અર્થતંત્ર પર પ્રતિકૂળ અસર પડવા ઉપરાંત મોંઘવારી વધવાનું જોખમ રહેલું છે. હાલનું કરેકશન ઘરઆંગણેની પ્રતિકૂળ સ્થિતિને કારણે નહીં પરંતુ બહારી આંચકાઓને કારણે આવ્યું હોવાથી ઈક્વિટીસમાં હાલનો ઘટાડો લેવાલીની તક હોવાનું ઘરેલુ સંસ્થાકીય રોકાણકારો માની રહ્યા છે. દેશના મોટી સંખ્યાના રિટેલ રોકાણકારો જેઓ ઈક્વિટીમાં સીધા રોકાણ કરવાને બદલે ફન્ડો મારફત રોકાણ કરવાનું પસંદ કરે છે, જેને પરિણામે ઈક્વિટી સ્કીમ સાથેના ફન્ડોમાં રોકાણકારોનો ઈન્ફલો પણ અવિરત થઈ રહ્યો છે.

# અલ્ગો ટ્રેડિંગ કેસઃ ૧૧૧ એન્ટિટીએ પતાવટ યોજનાનો લાભ લીધો

મુંબઇઃ માર્કેટ રેગ્યુલેટર ધી સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયાએ જણાવ્યું છે કે અલ્ગો ટ્રેડિંગ કેસમાં સ્ટોક બ્રોકર્સ માટે સેટલમેન્ટ સ્કીમનો લાભ ૧૧૧ એન્ટિટીઓ લઈ રહી છે. ચોક્કસ અલ્ગોરિધમિક ટ્રેડિંગ પ્લેટફોર્મ સાથે સંકળાયેલા સ્ટોક બ્રોકર્સ માટે રજૂ કરાયેલ સેટલમેન્ટ સ્કીમ હેઠળ કુલ ૧૧૧ એન્ટિટીઓએ માર્કેટ રેગ્યુલેટર સેબી સાથે પેન્ડિંગ એન્ફોર્સમેન્ટ કાર્યવાહીનું સમાધાન કર્યું છે. બુધવારે સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા દ્વારા પસાર કરાયેલા આદેશ મુજબ, આ એન્ટિટીઓએ મામલાના સમાધાન માટે દરેકને એક લાખ રૂપિયા ચૂકવ્યા છે. આ યોજનામાં એડજ્યુડિકેટિંગ ઓફિસર, સિક્યોરિટીઝ એપેલેટ ટ્રિબ્યુનલ અથવા વિવિધ કોર્ટ સમક્ષ પેન્ડિંગ એડજ્યુડિકેશન કાર્યવાહીનો સામનો કરી રહેલા બ્રોકરોને સેટલમેન્ટ રેગ્યુલેશન્સની જોગવાઈઓ અનુસાર સમય-મર્યાદા અને સુવ્યવસ્થિત રીતે કથિત ઉલ્લંઘનોનો ઉકેલ લાવવાની ઓફર કરવામાં આવી હતી.

# વિદેશી ફંડોએ ભારતીય બજારમાંથી લગભગ એક લાખ કરોડ ખંખેરી લીધાં!

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ પશ્ચિમ એશિયામાં અમેરિકાએ લગાવેલી આગના ભારતને સૌથી મોટા ફટકામાં એફપીઆઇની વેચવાલી છે. વિદેશી ફંડોએ ૨૦૨૬માં એકલાખ કરોડથી વધુ શેરોની વેચવાીલી કરી નાંખી છે. માર્ચ મહિનામાં અત્યાર સુધીમાં વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (એફપીઆઇ)એ ભારતીય ઇક્વિટીમાંથી ૮૮,૧૮૦ કરોડ રૂપિયા (લગભગ ૯.૬ બિલિયન ડોલર) પાછા ખેંચી લીધા છે, જે ફેબ્રુઆરીના મજબૂત રોકાણપ્રવાહને ઉલટાવી દે છે અને વૈશ્વિક અને સ્થાનિક અવરોધો અંગે વધતી ચિંતાઓને ઉજાગર કરે છે.

એનએસડીએલના ડેટા અનુસાર, આ મહિને (૨૦ માર્ચ સુધી) દરેક ટ્રેડિંગ દિવસે વિદેશી ફંડો ચોખ્ખા વેચનાર રહ્યા છે, જે તાજેતરના સમયમાં સૌથી વધુ સતત સેલ-ઓફ પૈકીનો એક છે. જ્યારે આઉટફ્લો નોંધપાત્ર છે, તે હજુ પણ ઓક્ટોબર ૨૦૨૪માં જોવા મળેલા રેકોર્ડ રૂ. ૯૪,૦૧૭ કરોડાના ઉપાડથી થોડો નીચે છે. નવીનતમ વેચાણે ૨૦૨૬માં કુલ એફપીઆઇ આઉટફ્લો રૂ. એક લાખ કરોડના આંકને વટાવી દીધો છે, જે ફેબ્રુઆરીમાં રૂ. ૨૨,૬૧૫ કરોડના મજબૂત રોકાણપ્રવાહ પછી રોકાણકારોના ભાવનામાં તીવ્ર ફેરફાર પર ભાર મૂકે છે, જે ૧૭ મહિનામાં સૌથી વધુ છે.

બજારના સહભાગીઓ મુખ્યત્વે પશ્ચિમ એશિયામાં વધતા ભૂ-રાજકીય તણાવને આભારી છે, જેણે લાંબા સમય સુધી સંઘર્ષ અને હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા તેલ પુરવઠામાં સંભવિત વિક્ષેપની આશંકા ઉભી કરી છે. આના કારણે બ્રેન્ટ ક્રૂડના ભાવ પ્રતિ બેરલ ૧૦૦ થી ઉપર પહોંચી ગયા છે, જેના કારણે વૈશ્વિક સ્તરે રિસ્ક ઓફ ભાવના ઉભી થઈ છે.

માર્કેટ એનાલિસ્ટે જણાવ્યું હતું કે ભૂરાજકીય અનિશ્ચિતતા વચ્ચે ક્રૂડના ભાવમાં વધારો સેલ-ઓફ માટે મુખ્ય કારણ છે. તેમણે ઉમેર્યું હતું કે યુએસ ડોલર સામે રૂપિયાનો નબળો પડવાનો દર ૯૨ રૂપિયાની નજીક પહોંચવાથી, યુએસ બોન્ડ યીલ્ડમાં વધારો, ફેબ્રુઆરીની તેજી પછી નફા-બુકિંગ અને આગામી ચોથા ક્વાર્ટરની કમાણી સીઝનમાં માર્જિન દબાણ અંગે ચિંતાઓથી વધારાના દબાણો ઉદ્ભવ્યા છે.

યુએસ ટ્રેઝરી યીલ્ડમાં વધારો એ બીજું મુખ્ય પરિબળ છે. ઉચ્ચ યીલ્ડે ડોલર આધારિત સંપત્તિઓને વધુ આકર્ષક બનાવી છે, જેના કારણે ભારત જેવા ઉભરતા બજારોમાંથી મૂડીનો પ્રવાહ આવે છે. આ પરિવર્તન સામાન્ય રીતે મજબૂત ડોલર અને કડક વૈશ્વિક પ્રવાહિતા સાથે હોય છે, જે રોકાણકારોની ઇક્વિટી માટેની ભૂખને વધુ ઓછી કરે છે.

સમાન ચિંતાઓનો પડઘો પાડતા, એક સ્ટોક બ્રોકિંગ ફર્મના ચીફ ઇન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટે જણાવ્યું હતું કે વૈશ્વિક ઇક્વિટી બજારની નબળાઈ, રૂપિયામાં ઘટાડો અને ક્રૂડના ભાવમાં વધારો સહિતના અનેક પરિબળોએ એફઆઇઆઇનું વેચાણને તીવ્ર બનાવ્યું છે. ક્ષેત્રીય રીતે, નાણાકીય સેવાઓના શેરોએ આઉટફ્લોનો સૌથી વધુ ભોગ લીધો છે, જેમાં ૧૫ માર્ચે પૂરા થયેલા પખવાડિયા દરમિયાન એફપીઆઇએ રૂ. ૩૧,૮૩૧ કરોડના શેર વેચ્યા છે.

આગળ જોતાં, વિશ્લેષકો નજીકના ગાળામાં અસ્થિરતા ચાલુ રહેવાની અપેક્ષા રાખે છે. સતત ભૂ-રાજકીય તણાવ અથવા ક્રૂડ તેલના ભાવમાં વધુ વધારો આઉટફ્લો જાળવી શકે છે, જ્યારે ઘટાડાના કોઈપણ સંકેતો, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો તરફથી મજબૂત ટેકો, અથવા હકારાત્મક કમાણીના આશ્ચર્ય બજારોને સ્થિર કરવામાં મદદ કરી શકે છે. નિષ્ણાતો કહે છે કે, જ્યારે ભૂ-રાજકીય જોખમો ઓછા થાય અને વ્યાપક વૈશ્વિક બજાર સ્થિરતા પાછી આવે પછી જ એફઆઇઆઇ પાછા વળી શકે છે.

# એક્સચેન્જના માર્કેટ કેપમાં ₹ ૨.૯૮ લાખ કરોડનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અખાતી યુદ્ધ વચ્ચે પીસાઇ રહેલા શેરબજારમાં પાછલા સપ્તાહે સહેજ રાહત મળતા માર્કેટ કેપમાં સુધારો જોવા મળ્યો હતો. સપ્તાહ દરમિયાન પીએસયુ બેન્ક અને આઈટી શેર્સ વધ્યા હતા. જ્યારે પ્રાઈવેટ બેન્કસ અને ફાઈનાન્સિયલ સર્વિસીસ શેર્સ ઘટ્યા હતા અને માર્કેટ કેપમાં રૂ.૨.૯૮ લાખ કરોડનો સુધારો નોંધાયો હતો.

બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ ૧૫૦ મિડકેપ ૦.૬૬ ટકા અને બીએસઈ ૨૫૦ સ્મોલકેપ ૦.૪૭ ટકા વધ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૧.૭૭ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૨૧ ટકા વધ્યા હતા. શુક્રવારે બીએસઈ સેન્સેક્સ ગુરુવારના ૭૪,૨૦૭.૨૪ના બંધથી ૩૨૫.૭૨ પોઈન્ટ્સ અથવા ૦.૪૪ ટકા વધ્યો હતો. સેન્સેક્સ ૭૪,૫૫૯.૩૮ ખૂલી ઊંચામાં ૭૫,૨૮૬.૩૯ સુધી અને નીચામાં ૭૪,૩૮૫.૦૪ સુધી જઈ ૭૪,૫૩૨.૯૬ બંધ રહ્યો હતો. સેન્સેક્સની ૩૦ સ્ક્રિપમાંથી ૨૧ સ્ક્રિપ વધી હતી અને ૯ સ્ક્રિપ ઘટી હતી. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૨૬.૧૩ લાખ કરોડથી રૂ.૨.૯૮ લાખ કરોડ વધીને રૂ.૪૨૯.૧૧ લાખ કરોડ રહ્યું હતું.

સેક્ટરલ ઈન્ડેક્સમાં મુખ્યત્વે બીએસઈ પીએસયુ બેન્ક ૨.૧૯ ટકા, ખોતસ્ડ આઈટી ૨.૧૮ ટકા, આઈટી ૨.૦૮ ટકા, હેલ્થકેર ૧.૪૫ ટકા, મેટલ ૧.૪૧ ટકા, એનર્જી ૧.૦૩ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૧.૦૨ ટકા પાવર ૦.૯૮ ટકા, યુટિલિટીઝ ૦.૯૬ ટકા અને કોમોડિટીઝ ૦.૯૩ ટકા વધ્યા હતા, જ્યારે રિયલ્ટી ૦.૯૨ ટકા, પ્રાઈવેટ બેન્ક્સ ૦.૭૬ ટકા, ટોપ ૧૦ બેન્કસ ૦.૬૧ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૫૬ ટકા અને મિડસ્મોલ પ્રાઈવેટ બેન્કસ ક્વોલિટી ટિલ્ટ ૦.૩૬ ટકા ઘટ્યા હતા.

એક્સચેન્જમાં ૪,૪૩૨ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું. ૨,૪૫૮ સ્ક્રિપ્સ વધી હતી, ૧,૮૦૪ સ્ક્રિપ્સ ઘટી હતી અને ૧૭૦ સ્ક્રિપ્સ સ્થિર રહી હતી. ૬૩ સ્ટોક્સ બાવન સપ્તાહની ઉચ્ચ સપાટીએ અને ૩૦૬ સ્ટોક્સ બાવન સપ્તાહની સૌથી નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૧૧ સ્ક્રિપ્સને ઉપલી અને ૧૧ સ્ટોક્સને નીચલી સર્કીટ લાગી હતી. ઇલેક્ટ્રિક પેનલ્સના ઉત્પાદનમાં વ્યસ્ત અને મુખ્યત્વે ડેટા સેન્ટર્સ, મેટ્રો પ્રોજેક્ટ્સ અને સોલાર અને રિન્યુએબલ એનર્જી ક્ષેત્રોને સિસ્ટમ ઇન્ટિગ્રેશન સેવાઓ પૂરી પાડતી વિવિડ ઇલેક્ટ્રોમેક લિમિટેડ ૨૫ માર્ચના રોજ રૂ. ૧૩૦.૫૩ કરોડના આઇપીઓ સાથે મૂડીબજારમાં પ્રવેશ કરશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૫૨૮થી રૂ. ૫૫૫ પ્રતિ શેર છે. એન્કર બિડિંગ મંગળવાર, ૨૪ માર્ચ, ૨૦૨૬ના રોજ છે. આ ઇશ્યૂ સોમવાર, ૩૦ માર્ચ, ૨૦૨૬ ના રોજ બંધ થશે. ભંડોળનો ઉપયોગ અંબરનાથમાં નવા ઉત્પાદન એકમની સ્થાપના માટે મૂડી ખર્ચની જરૂરિયાતોને પૂર્ણ કરવા, ચોક્કસ ઉધારની ચુકવણી કરવા, કાર્યકારી મૂડીની જરૂરિયાતો અને સામાન્ય કોર્પોરેટ હેતુઓને પૂર્ણ કરે છે.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

(SWM ડિપાર્ટમેન્ટ, R/સાઉથ વોર્ડ)

હિતની અભિવ્યક્તિ જાહેરાત

વિષયઃ R/સાઉથ વોર્ડમાં દૈનિક ધોરણે વાદરપાડા મુસ્લિમ સ્મશાનભૂમિ, વાદરપાડા હિન્દુ સ્મશાનભૂમિ અને દહાણુકરવાડી હિન્દુ સ્મશાનભૂમિના સફાઈના કામ માટે સંસ્થાની નિમણૂક.

તા. ૦૧.૦૪.૨૦૨૬ થી ૩૦.૦૯.૨૦૨૬ (૬ મહિના)ની મુદત માટે વાદરપાડા મુસ્લિમ સ્મશાનભૂમિ, વાદરપાડા હિન્દુ સ્મશાનભૂમિ અને દહાણુકરવાડી હિન્દુ સ્મશાનભૂમિના દૈનિક સફાઈ માટે BMC હેઠળના સ્મશાનભૂમિમાં કરાર ધોરણે બહુહેતુક કામદારોને કામ પૂરા પાડવાનો ૧ વર્ષનો અનુભવ ધરાવતી બિન-સરકારી સંસ્થા, પ્રોવિડન્ટ ફંડ અને રાજ્ય કર્મચારી વીમા યોજના સાથે નોંધાયેલ ખાનગી કંપની પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. લોટરી દ્વારા કામ ફાળવવા માટે ઉમેદવારી યાદી તૈયાર કરવા માટે અરજીઓ મંગાવવામાં આવી રહી છે.

રસ ધરાવતા અરજદારોએ કોઈપણ CFC ટેન્ડરો ખાતે રોકડમાં તા. ૨૩.૦૩.૨૦૨૬ થી તા. ૨૭.૦૩.૨૦૨૬ દરમિયાન સ. ૧૦.૩૦ થી સાં. ૦૪.૦૦ ક. સુધી રૂ. ૩૬૩૦ + ૧૮% GSTની ચૂકવણી પછી આસીસ્ટન્ટ એન્જિનિયર (SWM) R/સાઉથ વોર્ડની ઓફિસમાંથી અરજી ફોર્મ એકત્રિત કરવાનું રહેશે. પાત્રતા યાદીમાંથી લાયક સંસ્થાઓ / કંપનીઓને EOI ના નિયમો અને શરતો અનુસાર આસીસ્ટન્ટ કમિશનર દ્વારા કામ ફાળવવામાં આવશે.

રસ ધરાવતી સંસ્થાઓ વધુ વિગતો, અરજી ફોર્મ અને સોગંદનામાના નમૂના માટે R/સાઉથ વોર્ડ ઓફિસનો સંપર્ક કરી શકે છે અથવા http://portal.mcgm.gov.in પર મ્યુનિસિપલ કોર્પોરેશનના વેબપેજની મુલાકાત લઈ શકે છે. R/સાઉથ વોર્ડ ઓફિસમાં અરજીઓ સુપ્રત કરવાની છેલ્લી તારીખ તા. ૨૭.૦૩.૨૦૨૬ સાં. ૫.૦૦ ક. સુધી છે.

ઉલ્લેખિત પાકતી તારીખ અને સમય પછી પ્રાપ્ત થતી કોઈપણ અરજીઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. આ જાહેરાતને લગતા તમામ અધિકારો આસીસ્ટન્ટ કમિશનર, R/સાઉથ પાસે અનામત છે અને તે જે સંસ્થાઓ / કંપની તરફથી અરજીઓ પ્રાપ્ત થઈ છે તેને બંધનકર્તા રહેશે.

સહી/-
આસીસ્ટન્ટ કમિશનર R/સાઉથ વોર્ડ

PRO/3357/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

# ભારતની ડેટા સેન્ટર ક્ષમતા ૨030 સુધીમાં ચાર ગીગાવોટ સુધી પહોંચશે

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઈરાન યુદ્ધને પરિણામે અખાતી દેશો ખાસ કરીને યુનાઈટેડ આરબ અમીરાતસ (યુએઈ)માં કાર્યરત મોટા ડેટા સેન્ટર ઓપરેટરો તથા કલાઉડ સર્વીસ પૂરી પાડતા એકમો ઈરાનના હુમલાનો સામનો કરી રહ્યા છે ત્યારે ભારતમાં ઊભરી રહેલી ડેટા સેન્ટર બજારને વિકાસની તક સાંપડવાની શકયતા જોવાઈ રહી છે.

કલાઉડ સર્વીસ પૂરી પાડતી મોટી કંપનીઓ પોતાની ડેટા કો-લોકેશન કામગીરીના વિસ્તરણ માટે ભારત તરફ નજર દોડાવી શકે છે. અખાતની વર્તમાન કટોકટીએ ડિજિટલ અર્થતંત્રની હકીકત પર પ્રકાશ પાડયો છે, કારણ કે ડેટા ઈન્ફ્રાસ્ટ્રકચર વ્યૂહાત્મક માળખા બની ગયા છે. ભૌગોલિકરાજકીય તાણ વધી રહી છે ત્યારે કલાઉડ સર્વીસ પૂરી પાડતી વૈશ્વિક કંપનીઓ અને ઉપક્રમો એવા વિસ્તારો તરફ નજર દોડાવવા લાગ્યા છે, જે ખર્ચની દ્રષ્ટિએ પરવડી શકે તેવા હોય અને જ્યાં સ્થિરતાની ખાતરી પણ મળતી હોય. આ ઉપરાંત આ કંપની નિયમનકારી સ્પષ્ટતા તથા માળખાકીય સ્થિતિસ્થાપકતા પણ ઈચ્છતી હોય છે એમ આ ક્ષેત્રના નિષ્ણાતે જણાવ્યું હતું.

ભારતની ડેટા સેન્ટર ક્ષમતા ૨૦૩૦ સુધીમાં ૪ ગીગાવોટ પર પહોંચવા ધારણાં છે. ભારતમાં ડેટા સેન્ટરોના વિકાસકો તેમની ક્ષમતાને વધારવા અંદાજે ૨૦ અબજ ડોલરનું ઈન્વેસ્ટમેન્ટ કરવા યોજના ધરાવે છે. પોતાના માળખાકીય સાધનોનું ડેટા સેન્ટર ઓપરેટરો તથા કલાઉડ સર્વીસ પૂરી પાડતા એકમો વૈવિધ્યકરણ કરવા માગે છે ત્યારે ભારત તેમને લાંબા ગાળાની સ્થિરતા પૂરી પાડવા ખાતરી ધરાવે છે. એશિયા પેસિફિક વિસ્તારમાં ડેટા માળખા માટે ભારતને વ્યૂહાત્મક સ્થળ તરીકે જોવાઈ રહ્યું હોવાનો પણ જાણકારોએ દાવો કર્યો હતો.

# આઈપીઓના પબ્લિક શૅરહોલ્ડિંગ નિયમોમાં ફેરફાર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કેપિટલ માર્કેટ રેગ્યુલેટર ધી સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી)એ આઇપીઓના પબ્લિક શેરહોલ્ડિંગ નિયમોમાં ફેરફાર જાહેર કર્યા છે, જેમાં મિનિમમ લિમિટ પાંચ ટકાથી ઘટાડીને ૨.૫ ટકા જાહેર કરી છે. નવા ફેરફારથી જિયો અને એનએસઇનું લિસ્ટિંગ સરળ બનશે.

નાણા મંત્રાલય હેઠળ આવતા ડિપાર્ટમેન્ટ ઓફ ઇકોનોમિક અફેર્સે દેશમાં ઇનિશિયલ પબ્લિક ઑફરિંગ એટલે કે આઇપીઓ સંબંધિત નિયમોમાં ફેરફાર કર્યા છે. સરકારે સિક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ્સ (રેગ્યુલેશન) નિયમ-૧૯૫૭ માં ફેરફાર કરીને મોટી કંપનીઓ માટે મિનિમમ પબ્લિક શેરહોલ્ડિંગની મર્યાદાને પાંચ ટકાથી ઘટાડીને ૨.૫ ટકા કરી દીધી છે.

૧૩ માર્ચે જાહેર કરાયેલા આ નોટિફિકેશન પછી હવે રિલાયન્સની જિયો પ્લેટફોર્મ્સ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ જેવી મોટી કંપનીઓ માટે પોતાનો આઇપીઓ લાવવો સરળ બનશે. સેબીએ ગયા વર્ષે સપ્ટેમ્બરમાં આ ફેરફારોને મંજૂરી આપી હતી, જેને હવે સરકારે અંતિમ મંજૂરી આપી છે. કેટલો હિસ્સો વેચવો જરૂરી એ કંપનીની વેલ્યુના આધારે નક્કી થશે. નવા નિયમો અનુસાર, કંપનીઓને તેમની લિસ્ટિંગ પછીની વેલ્યુના આધારે અલગ-અલગ કેટેગરીમાં વહેંચવામાં આવી છે. આ માટે એક ટિયર સ્ટ્રક્ચર તૈયાર કરવામાં આવ્યું છે.

# ઇજનેરી ગુડસની નિકાસ ૧૦.૪૦ અબજ ડોલરની સપાટીએ

મુંબઈઃ ઇજનેરી ગુડસની નિકાસમાં પણ હવે યુદ્ધને કારણે ઘટાડો થવાની સંભાવના છે, જોકે, જાન્યુઆરીમાં અમેરિકા ખાતે ભારતની એન્જિનિયરિંગ માલસામાનની નિકાસ ઘટી હોવા છતાં અન્ય દેશોમાં વેચાણ વૃદ્ધિન પરિણામે એન્જિનિયરિંગ માલસામાનની નિકાસ જાન્યુઆરીમાં વાર્ષિક ધોરણે ૧૦.૪૦ ટકા વધી ૧૦.૪૦ અબજ ડોલર રહી હતી. અમેરિકા ખાતે એન્જિનિયરિંગ માલસામાનની નિકાસ જાન્યુઆરીમાં ૬.૮૦ ટકા ઘટી ૧.૫૧ અબજ ડોલર રહી છે. ૨૦૨૫ના જાન્યુઆરીમાં આ આંક ૧.૬૨ અબજ ડોલર રહ્યો હતો. વર્તમાન નાણાં વર્ષના એપ્રિલથી જાન્યુઆરીના ગાળામાં એન્જિનિયરિંગ માલસામાનની એકંદર નિકાસ ૪.૫૨ ટકા વધી ૧૦૧.૧૩ અબજ ડોલર રહી હોવાનો એન્જિનિયરિંગ એકસપોર્ટ પ્રમોશન કાઉન્સિલના સુત્રોએ જણાવ્યું હતું.

વર્તમાન નાણાં વર્ષમાં જાન્યુઆરીના અંતે એન્જિનિયરિંગ નિકાસ ૧૦૦ અબજ ડોલરને પાર કરી ગઈ છે. સાનુકૂળ સ્તરને કારણે નિકાસમાં વધારો જોવા મળ્યો હોવાનું સુત્રોએ ઉમેર્યું હતું. અમેરિકાને બાદ કરતા મોટાભાગના વિસ્તારોમાં એન્જિનિયરિંગ નિકાસમાં ફરી વધારો જોવા મળ્યો છે.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

એરિયા ટ્રાફિક કંટ્રોલ ડિપાર્ટમેન્ટ

ઈ-ટેન્ડર નોટીસ

ATC-EE-MAINT-RTSS-૨૬-૨૮

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર નીચે આપેલા કામો માટે સિલબંધ ટેન્ડરો મંગાવે છેઃ

| ક્ર.નં. | કામનું નામ | બાના રકમ ડિપોઝિટ (બારડી) (રૂ.) | ટેન્ડર સંદર્ભ નં. | પ્રારંભ તારીખ | પાકતી તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ૦૧.૦૭.૨૦૨૬થી ૩૦.૦૬.૨૦૨૮ સુધીની મુદત માટે બૃહન્મુંબઈના ટાપુ શહેરમાં ATC રોડ ટ્રાફિક સિગ્નલ સિસ્ટમની જાળવણી | ૬,૩૬,૯૦૦/- | ૨૦૨૬_MCGM_૧૨૮૪૬૯૩_૧ | ૨૩.૦૩.૨૦૨૬ | ૦૮.૦૪.૨૦૨૬ |
| ૨ | ૦૧.૦૭.૨૦૨૬થી ૩૦.૦૬.૨૦૨૮ સુધીની મુદત માટે બૃહન્મુંબઈના પશ્ચિમી પરાંમાં ATC રોડ ટ્રાફિક સિગ્નલ સિસ્ટમની જાળવણી | ૩,૯૫,૩૦૦/- | ૨૦૨૬_MCGM_૧૨૮૫૭૮૩_૧ | ૨૩.૦૩.૨૦૨૬ | ૦૮.૦૪.૨૦૨૬ |
| ૩ | ૦૧.૦૭.૨૦૨૬થી ૩૦.૦૬.૨૦૨૮ સુધીની મુદત માટે બૃહન્મુંબઈના પૂર્વિય પરાંમાં ATC રોડ ટ્રાફિક સિગ્નલ સિસ્ટમની જાળવણી | ૩,૭૪,૯૦૦/- | ૨૦૨૬_MCGM_૧૨૮૫૭૯૩_૧ | ૨૩.૦૩.૨૦૨૬ | ૦૮.૦૪.૨૦૨૬ |

વધુ વિગતો માટે લોગઓન કરો www.mcgm.gov.in

સહી/-
એક્ષિ. એન્જિનિયર (ATC)
બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન

PRO/3336/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

## ઝવેરીઓ સાવધાન!

### દક્ષિણ મુંબઈમાં આંગડિયાને નામે ફ્રોડની નવી તરકીબ

# ૪૫ લાખની સોનાની બંગડીઓ લઈને નકલી સોનાની બિસ્કિટ્સ પધરાવી

**યોગેશ સી પટેલ**

મુંબઈઃ સોનાના દાગીના બનાવવાના વ્યવસાય સાથે સંકળાયેલા ઝવેરીઓએ ખાસ સાવધાન રહેવાની જરૂર હોય એવી ઘટના દક્ષિણ મુંબઈમાં બની હતી. આંગડિયાને નામે છેતરપિંડી કરવાની નવી તરકીબ અજમાવી ઝવેરીની કંપનીના મૅનેજરને ૪૫ લાખ રૂપિયાની સોનાની બંગડીઓના બદલામાં નકલી સોનાની બિસ્કિટ્સ પકડાવવામાં આવી હતી. આ પ્રકરણે પાયધુની પોલીસે બે શખસ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

લોઅર પરેલના સન મિલ કમ્પાઉન્ડ ખાતે આવેલી કંપનીના મૅનેજર પ્રશાંત તાવડે (૫૫)એ આ પ્રકરણે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદીની કંપની દ્વારા ઑર્ડર પ્રમાણે સોનાના દાગીના બનાવવામાં આવે છે. એ સિવાય તૈયાર દાગીના ગ્રાહકો સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરવી અને દાગીનાના બદલામાં આર્થિક વ્યવહાર પર દેખરેખ રાખવાની જવાબદારી ફરિયાદીની હતી. અન્ય કંપનીઓ, વેપારીઓ અને ગ્રાહકો સાથે સંપર્ક વધારવા ફરિયાદીની કંપની જ્વેલરી એક્ઝિબિશનમાં પણ ભાગ લેતી હોય છે.

ફરિયાદમાં જણાવાયું હતું કે બુધવારે મનીષ જૈન નામના શખસે કૉલ કરી ફરિયાદીને સોનાની બંગડીઓની ડિઝાઈન અંગે પૂછ્યું હતું. પોતાની કંપની હૈદરાબાદમાં હોવાનું કહીને જૈને વિઝિટિંગ કાર્ડ પણ વૉટ્સઍપથી મોકલાવ્યું હતું. ફરિયાદીએ તૈયાર બંગડીની ૨૦ ડિઝાઈન મોકલાવી હતી, જેમાંથી જૈને સાત ડિઝાઈન પસંદ કરીને ૧૪ બંગડી તૈયાર કરી આપવાની વાત કરી હતી. આના બદલામાં ૩૦૦ ગ્રામ સોનું તે આંગડિયાથી મોકલાવશે, એવું જૈને કહ્યું હતું.

જૈન હૈદરાબાદનો વેપારી હોવાથી કંપનીના માલિકની પરવાનગીથી ફરિયાદી આંગડિયાથી લેવડદેવડ માટે સહમત થયો હતો. બીજે દિવસે, ગુરુવારે આંગડિયાથી ૧૦૦-૧૦૦ ગ્રામની ત્રણ સોનાની બિસ્કિટ મોકલાવી હોવાથી એ જ આંગડિયાથી સોનાની ૧૪ બંગડી મોકલાવી દેવાનું જૈને ફોન પર કહ્યું હતું. જૈને આંગડિયા કંપનીનું મસ્જિદ બંદરનું સરનામું પણ ફરિયાદીને મોકલાવ્યું હતું.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે કલાક પછી આંગડિયા કંપનીમાંથી યુવાને ફોન કરીને ફરિયાદીને મસ્જિદ બંદર આવીને સોનું લઈ જવાનું કહ્યું હતું. સાથી કર્મચારી સાથે મસ્જિદ બંદરની એક હોટેલ નજીક પહોંચી ફરિયાદીએ યુવાનને કૉલ કર્યો હતો. બે મિનિટમાં આવી પહોંચેલા યુવાને સોનાની બિસ્કિટ ફરિયાદીને આપી હતી. જીએસટી

(જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈગરા ફરી આકરી ગરમી માટે તૈયાર રહેજો

### આજે અને આવતી કાલે મુંબઈ, થાણેમાં યલો અલર્ટની ચેતવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈગરાને ગરમીમાં બે-ત્રણ દિવસ રાહત મળ્યા બાદ રવિવારે ફરી એક વખત ગરમી અને ઉકળાટનો અનુભવ થયો હતો. રવિવારે દિવસ દરમ્યાન મહત્તમ તાપમાન ૩૬.૪ ડિગ્રી જેટલું ઊંચુ નોંધાયું હતું. હવામાન વિભાગે મુંબઈ અને થાણે માટે સોમવાર અને મંગળવાર બે દિવસ માટે યલો અલર્ટની ચેતવણી આપી છે, જે અંતર્ગત ભારે ગરમી પડવાની શક્યતા

(જુઓ પાનું ૪) ▶▶

### ગરમી ઊંચી પણ હિટ વેવ નહીં

હવામાન વિભાગે દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમી વધવાની શક્યતા વચ્ચે યલો અલર્ટ આપ્યું છે પણ હિટ વેવની કોઈ ચેતવણી આપી નથી. સામાન્ય રીતે મહત્તમ તાપમાન ૩૭ ડિગ્રી અથવા સામાન્ય કરતા ૫.૫થી ૬.૪ ડિગ્રી ઉપર હોય અને સતત બે દિવસ ઊંચું તાપમાન નોંધાય તો ત્યારબાદ જ હિટ વેવની ચેતવણી આપવામાં આવતી હોય છે.

### ફરી કમોસમી વરસાદની ચેતવણી

ગયા અઠવાડિયામાં રાજ્યના અનેક જિલ્લામાં કમોસમી વરસાદ અને માવઠા પડ્યા હતા, જેને કારણે રવી પાકમાં જુવાર,ઘઉં સહિત કેરી, મકાઈ, દ્રાક્ષ

(જુઓ પાનું ૪) ▶▶






# સિદ્ધિવિનાયક મંદિરની દાનપેટીમાંથી કર્મચારીએ જ રોકડ ચોર્યાની ફરિયાદ

મુંબઈઃ મુંબઈના પ્રસિદ્ધ આસ્થાસ્થાન સિદ્ધિવિનાયક મંદિરની દાનપેટીમાંથી કર્મચારીએ જ રોકડ ચોરી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી હતી. સીસીટીવી ફૂટેજમાં કર્મચારી દાનપેટીની રોકડ સેરવી લેતો હોવાનું નજરે પડ્યા પછી આ મામલે પોલીસ ફરિયાદ થઈ હતી.

આ પ્રકરણે સિદ્ધિવિનાયક ગણપતિ મંદિર દ્વારા કરાયેલી ફરિયાદને આધારે દાદર પોલીસે મંદિરના જ કર્મચારી રાજેન્દ્ર રામચંદ્ર પેંડુરકર (૫૭) વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. લોઅર પરેલમાં રહેતા પેંડુરકરને પોલીસે તાબામાં લઈ પૂછપરછ હાથ ધરી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર શુક્રવારે આ ઘટના પ્રકાશમાં આવી હતી. સીસીટીવી ફૂટેજમાં પેંડુરકર દાનપેટીની રકમ પોતાના ખીસામાં મૂકતો નજરે પડ્યો હતો. પૂજારીની રૂમમાં આરતીની દાનપેટીની રકમ મૂકવામાં આવી હતી, જે કર્મચારી પેંડુરકરે ચોરી હોવાનો આક્ષેપ ફરિયાદમાં કરાયો હતો.

કહેવાય છે કે રોકડ ચોરીની જાણ ફરિયાદીએ મંદિરના ઉપરી પદાધિકારીઓને આપી હતી. શંકાને પગલે પાછલા ૧૦ દિવસનાં સીસીટીવી ફૂટેજ તપાસવામાં આવ્યાં હતાં.

પેંડુરકરે આ દિવસો દરમિયાન ૧૦ હજાર રૂપિયા સેરવી લીધાનો આક્ષેપ કરાયો છે. આમાં મંદિરના અન્ય કર્મચારીઓની પણ સંડોવણી નકારી શકાતી નથી, એવું ફરિયાદમાં જણાવાયું હતું. આ મામલે પોલીસ વધુ તપાસ કરી રહી છે. ■

### રોહિત શેટ્ટીના નિવાસસ્થાને ગોળીબાર

# જેલમાંથી શૂટરની પસંદગી કરનારા ગોલુ પંડિતે આર્થિક સગવડ પણ કરી હતી



ગોલુ પંડિત (૨૩)ને રવિવારે વિશેષ એમસીઓસીએ કોર્ટ સમક્ષ હાજર કરવામાં આવ્યો હતો. (અમય ખરાડે)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ફિલ્મમેકર રોહિત શેટ્ટીના જૂહુ સ્થિત નિવાસસ્થાન બહાર ગોળીબાર માટે દિલ્હીની તિહાર જેલમાં બેઠાં બેઠાં શૂટરની પસંદગી કરનારા આરોપી ગોલુ પંડિતે આર્થિક અને અન્ય સગવડો પણ કરી આપી હોવાનું તપાસમાં જણાયું હતું.

ઉત્તર પ્રદેશની સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (એસટીએફ) સાથે જૉઈન્ટ ઑપરેશન હાથ ધરી મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે શનિવારે આગરાના મહાવીર નગર ખાતેથી પ્રદીપ રાધામોહન શર્મા ઉર્ફે ગોલુ પંડિત (૨૩)ને પકડી પાડ્યો હતો. ધરપકડ કરાયેલા આરોપીને મુંબઈ લાવી રવિવારે વિશેષ એમસીઓસીએ કોર્ટ સમક્ષ હાજર કરવામાં આવ્યો હતો. કોર્ટે તેને પહેલી એપ્રિલ સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

આ કેસમાં ક્રાઈમ બ્રાન્ચે અગાઉ ૧૩ આરોપીની ધરપકડ કરી હતી, જે હાલમાં અદાલતી કસ્ટડીમાં છે. યુપીથી અગાઉ પકડાયેલા પાંચ આરોપીની પૂછપરછમાં ગોલુ પંડિતનું નામ સામે આવ્યું હતું. શેટ્ટી ટાવર પર ગોળીબારના કાવતરામાં આગરા અને પુણે એમ બે મોડ્યુલનો ઉપયોગ કરાયો હતો, જેમાંથી શૂટર સહિત અન્ય આરોપીઓની ગોઠવણ આગરા મોડ્યુલે કરી હતી. આ મોડ્યુલનું સૂત્રસંચાલન ગોલુ પંડિતે કર્યું હોવાનું તપાસમાં જણાયું હતું. ગોલુ

(જુઓ પાનું ૪) ▶▶

# સાયન બ્રિજ ખુલ્લો મૂકવાને હજી ચાર મહિનાની રાહ જોવી પડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ટ્રાફિક માટે મહત્ત્વના ગણાતા સાયન બ્રિજનું ધીમી ગતિએ ચાલી રહેલા કામ તથા ખર્ચમાં થયેલા વધારાને મુદ્દે તાજેતરમાં સ્થાયી સમિતિએ કરેલી ટીકા બાદ પાલિકા પ્રશાસને કામને વેગ આપ્યો છે. તાજેતરમાં જ પૂર્વ-પશ્ચિમને જોડનારા પેડેસ્ટ્રિયન અંડરપાસને નાગરિક માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. પશ્ચિમ બાજુનું કામ ૩૧ મે સુધીમાં પૂર્ણ થવાનું છે, તો બ્રિજનું તમામ કામ ૧૫ જુલાઈ, ૨૦૨૬માં પૂર્ણ થવાની અપેક્ષા છે. પાલિકા પ્રશાસને અધિકારીઓને બ્રિજનું કામ સમયસર પૂર્ણ થાય તે માટે રેલવે અને ટ્રાફિક પોલીસ સાથે સંકલન કરવાનો નિર્દેશ પણ આપ્યો છે. એટલે કે સાયન બ્રિજને ટ્રાફિક માટે ખુલ્લો મૂકવામાં હજી ચાર મહિનાથી વધુ રાહ જોવી પડવાની છે.

એક સદી જૂના સાયન સ્ટેશન પર આવેલા સાયન બ્રિજને ઑગસ્ટ ૨૦૨૪માં ટ્રાફિક

(જુઓ પાનું ૪) ▶▶


PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"







હોટલ અને રેસ્ટોરન્ટ્સ માટે સારા સમાચાર

## રાજ્ય સરકારના ૨૦ ટકા ગેસ પુરવઠાના નિર્ણયથી મોટી રાહત

મુંબઈઃ છેલ્લા કેટલાક દિવસોથી ઈરાન-ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધને કારણે સર્જાયેલી ગેસની કટોકટીના મામલે, મહારાષ્ટ્ર સરકારે એક મોટો નિર્ણય લીધો છે. આ નિર્ણયથી રાજ્યના હોટેલિયર્સ અને અન્ય વ્યવસાયિકોને મોટી રાહત મળશે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યની હોટલો અને રેસ્ટોરન્ટ્સને હવે ૨૦ ટકા ગેસ

(જુઓ પાનું ૪) ▶▶

## કલ્યાણ સ્ટેશન પર એક વ્યક્તિ ઓવરહેડ માસ્ટ પર ચઢી જતાં ટ્રેન સેવાઓ ખોરવાઈ ગઈ

મુંબઈઃ થાણે જિલ્લાના કલ્યાણ રેલવે સ્ટેશન પર રવિવારે એક વ્યક્તિ ઓવરહેડ ઇક્વિપમેન્ટ માસ્ટ પર ચઢી ગયા બાદ ટ્રેન સેવાઓ ખોરવાઈ ગઈ હતી, જેના કારણે અધિકારીઓએ વીજ પુરવઠો બંધ કરી દેવો પડ્યો હતો, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.મધ્ય રેલવેના એક અધિકારીએ જણાવ્યું હતું કે, આ ઘટના બપોરે ૨ વાગ્યાની આસપાસ બની હતી જ્યારે એક વ્યક્તિ પ્લેટફોર્મ ૧, ૧અ અને ૨ ને વીજળી પહોંચાડતા થાંભલા પર ચઢી ગયો હતો.

સલામતીના પગલાં તરીકે, ઠાકુર્લી અને આંબિવલી વચ્ચેની

(જુઓ પાનું ૪) ▶▶






"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**